Smt. Ullasben Gordhandas College of Education

(SUG COLLEGE OF EDUCATION)

# આઝાદીના 75 વર્ષ

# અને

# 75 સ્વાતંત્ર સેનાની


નામ : પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ

રોલ નંબર : ૪

સેમેસ્ટર : ૪

# <u>અનુક્રમણિકા</u>

| | |
|---|---|
| 1 | મોહનદાસ કરમચંદ ગાંધી |
| 2 | સરદાર વલ્લભભાઈ પટેલ |
| 3 | જવાહરલાલ નેહરુ |
| 4 | ભગતસિંહ |
| 5 | મૌલાના અબુલકલામ આઝાદ |
| 6 | સુભાષ ચંદ્રબોઝ |
| 7 | અબ્બાસ તૈયબજી |
| 8 | મેડમ ભિખાઈજીકામા |
| 9 | વિનાયક દામોદર સાવરકર |
| 10 | ખુદીરામ બોઝ |
| 11 | અશફાકઊલ્લા ખાન |
| 12 | રામપ્રસાદ બિસ્મિલ |
| 13 | સુખદેવ |
| 14 | ડૉ .રાજેન્દ્રપ્રસાદ |

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ

| | |
|---|---|
| 15 | ચક્રવર્તી રાજગોપાલાચારી |
| 16 | લાલબહાદુર શાસ્ત્રી |
| 17 | શ્યામજીકૃષ્ણવર્મા |
| 18 | લોકમાન્ય ટિળક |
| 19 | દાદાભાઈ નવરોજી |
| 20 | રાણી લક્ષ્મીબાઈ |
| 21 | લાલા લાજપતરાય |
| 22 | કનૈયાલાલ માણેકલાલ મુનશી |
| 23 | મંગલ પાંડે |
| 24 | સરોજિની નાયડુ |
| 25 | ચંદ્રશેખર આઝાદ |
| 26 | તાત્યા ટોપે |
| 27 | મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ |
| 28 | અરુણા આસફ અલી |
| 29 | ઉધમસિંહ |
| 30 | માતંગિની હઝરા |
| 31 | બટુકેશ્વર દત્ત |

| | |
|---|---|
| 32 | મદનલાલ ધિંગરા |
| 33 | પ્રફુલ્લ ચાકી |
| 34 | અસફ અલી |
| 35 | કલ્પના દત્ત |
| 36 | વલ્લિઅપ્પન ઓલાગન્થાન ચિદમ્બરમ પિલ્લઈ |
| 37 | ગોપાલકૃષ્ણ ગોખલે |
| 38 | બખ્તખાન |
| 39 | ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક |
| 40 | ચિતરંજન દાસ |
| 41 | મોરારજી દેસાઈ |
| 42 | બલવંતરાય મહેતા |
| 43 | ઉષા મહેતા |
| 44 | ડૉ .રામમનોહર લોહિયા |
| 45 | જયપ્રકાશ નારાયણ |
| 46 | સુચેતા કૃપાલાની |
| 47 | કસ્તુરબા મોહનદા સગાંધી |
| 48 | ખાન અબ્દુલગફાર |

| | |
|---|---|
| 49 | લાલા હરદયાળ |
| 50 | યુસુ ફ્મેહરઅલી |
| 51 | ભુલાભાઈ દેસાઈ |
| 52 | હંસા જીવરાજ મહેતા |
| 53 | જીવતરામ ભગવાનદાસ કૃપલાની |
| 54 | પાંડુરંગ મહાદેવ બાપટ |
| 55 | સૂર્યસેન |
| 56 | યતિન્દ્રના થદાસ |
| 57 | દુર્ગાવતી દેવી (દુર્ગાભાભી) |
| 58 | વાસુદેવ બળવંત ફડકે |
| 59 | બહાદુરશાહ ઝફર |
| 60 | ડો. ઝાકીરહુસૈન ખાન |
| 61 | રાસબિહારી બોઝ |
| 62 | લક્ષ્મી સહેગલ |
| 63 | ટીપુ સુલતાન |
| 64 | બિરસા મુંડા |
| 65 | કમલાદેવી ચટ્ટોપાધ્યાય |

| | |
|---|---|
| 66 | કનકલતા બરુઆ |
| 67 | પ્રીતિલતા વાડ્ડેદાર |
| 68 | ભૂપેન્દ્રના થદત્ત |
| 69 | બારિન્દ્રકુમાર ઘોષ |
| 70 | ફઝલ-એ-હક ખૈરાબાદી |
| 71 | બેગમ હઝરત મહેલ |
| 72 | બિરજિસ કદર |
| 73 | અહમદુલ્લાહ શાહ |
| 74 | મોતીલાલ નહેરુ |
| 75 | બાબાસોહન સિંહ |




# મોહનદાસ કરમચંદ ગાંધી

**(ઓક્ટોબર ૨, ૧૮૬૯ – જાન્યુઆરી ૩૦, ૧૯૪૮)**

મોહનદાસ કરમચંદ ગાંધી , મહાત્મા તરીકે જાણીતા છે. તેઓ અત્યંત પ્રતિભાસંપન્ન નેતા હતા. તેમણે અંગ્રેજ સરકાર પાસેથી દુનિયા દંગ રહી જાય તે રીતે ભારત દેશને આઝાદી અપાવી. તેમની અહિંસક ચળવળની ફિલસૂફીએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિપૂર્ણ તબદીલી ઉપર ખૂબ ઊંડો પ્રભાવ પાડ્યો. તેમના શબ્દોમાં આ ચળવળ એ એક સત્યાગ્રહ હતો; અને આખરે તેમણે સફળતા મેળવી અને એ સાબિત કરી બતાવ્યું. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામના મહાનાયક મોહનદાસ કરમચંદ ગાંધીવિશ્વ માનવ હતા, તેઓ મહાત્મા ગાંધી નામે વિશ્વભરમાં જાણીતા થયેલા અને ભારતના રાષ્ટ્રપિતા તરીકેનું માન પામ્યા છે. તેમણે બ્રિટીશ રાજ પાસેથી આઝાદી મેળવવાની ભારતની ચળવળને દુનિયાના નકશા પર મૂકી. તેમના આદર્શો ભારતમાં અને અન્ય દેશોમાં પણ શાંતિમય પરિવર્તનની ચળવળ માટે પ્રેરણાદાયક રહ્યા છે.

અહિંસક સવિનય કાનૂનભંગનો જે ખ્યાલ તેમણે લિયો ટોલ્સટોય અને હેન્રી ડેવિડ થોરો પાસેથી મેળવ્યો હતો, તેના ઉપયોગ દ્વારા તેમણે બ્રિટીશ રાજ્યની હકાલપટ્ટી કરી ભારતને સ્વતંત્ર બનાવ્યું. આમાંથી પ્રેરણા લઈ ઘણાં પ્રદેશના લોકોએ પોતાના દેશની સ્વતંત્રતા માટે બ્રિટીશરો સામે લડાઈ આદરી અને ક્રમશઃ બ્રિટીશ સામ્રાજ્યનો વિસ્તાર ઘટીને ફક્ત તેમના પોતાના દેશ બ્રિટન(અને સ્કોટલેન્ડ) સુધી સીમિત થઈ ગયો. આમ ગાંધીજીની પ્રેરણાદાયી લડતને કારણે ફક્ત ભારત પર બ્રિટીશ શાસન જ નહીં, પણ જેના રાજ્યનો સૂરજ કદી આથમતો નહોતો તેવી બ્રિટીશ સલ્તનત ખુદ આથમી ગઈ અને કોમનવેલ્થ દેશોનું અસ્તિત્વ ઊભું થયું. ગાંધીજીના સત્યાગ્રહના આદર્શે માર્ટીન લ્યૂથર કિંગ જુનિયર જેવા લોકશાહીના પ્રખર હિમાયતી અનેક આંદોલનકારીઓ માટે નવો રસ્તો ઊભો કર્યો. માર્ટીન ઘણી વખત કહેતા કે ગાંધીજીના આદર્શો સરળ હતા તેમજ તે પારંપરિક રીતે હિન્દુ સંસ્કૃતિ સાથે સંકળાયેલી સત્ય અને અહિંસા જેવી માન્યતામાંથી તારવેલા હતા.

મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ પોરબંદર (ગુજરાત, ભારત)માં એક હિંદુ (વૈષ્ણવ વણિક) પરિવારમાં થયો હતો. તેમના વડવાઓ વ્યવસાયે ગાંધી (કરિયાણાનો ધંધો કરતા) હતા, પરંતુ તેમની પહેલાની ત્રણ પેઢીમાં કોઈએ ગાંધીનો વ્યવસાય કરેલો નહીં અને તેઓ કોઈકને કોઈક રજવાડાના દીવાનપદે રહેલા. મોહનદાસ ગાંધીના પિતા કરમચંદ ગાંધી પણ પોરબંદર સ્ટેટના દીવાન હતા, આ ઉપરાંત તેઓ રાજકોટ અને વાંકાનેરના પણ દીવાન રહ્યા હતા. વૈષ્ણવ પરંપરા મુજબ ગાંધી કુટુંબ એકદમ ચુસ્ત શાકાહારી હતું.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# સરદાર વલ્લભભાઈ પટેલ

(૩૧ ઓક્ટોબર ૧૮૭૫ -૧૫ ડિસેમ્બર ૧૯૫૦)

સરદાર વલ્લભભાઈ પટેલ (૩૧ ઓક્ટોબર ૧૮૭૫ - ૧૫ ડિસેમ્બર ૧૯૫૦) ભારતના એક રાજકીય તથા સામાજિક નેતા હતા, જેમણે દેશની સ્વતંત્રતાની લડતમાં મહત્વનો ફાળો આપ્યો અને અખંડ, સ્વતંત્ર ભારતના એકીકરણનું નેતૃત્વ કર્યું. ભારત અને દુનિયાભરમાં તેઓ સરદારના નામથી સંબોધાય છે. તેમજ એના દ્રઢ મનોબળ ના કારણે લોખંડી પુરુષ તરીકે પણ ઓળખાય છે.

તેમનો ઉછેર ગુજરાતના કરમસદ ગામમાં થયેલો અને તેમની શિક્ષા મુખ્યત્વે સ્વ-અભ્યાસથી થઈ હતી. વલ્લભભાઈ પટેલ એક વકીલ હતા. અને તેમની સફળ વકીલાત દરમ્યાન તેઓ મહાત્મા ગાંધીના કામ અને વિચારધારાથી ઘણા પ્રભાવિત થયા હતા. ત્યારબાદ તેમણે ગુજરાતના ખેડા, બોરસદ અને બારડોલી ગામના ખેડૂતોને સંગઠિત કરી, અંગ્રેજોના અત્યાચાર સામે સત્યાગ્રહો કર્યા. તેમની આ ભૂમિકાના લીધે તેમની ગણના ગુજરાતના પ્રભાવશાળી નેતામાં થઇ. ત્યારબાદ તેમણે ઇન્ડિયન નેશનલ કોંગ્રેસનું નેતૃત્વ પણ કર્યું અને બળવાઓ તથા રાજકીય ઘટનાઓમાં આગેવાની કરી. તેમણે ૧૯૩૪ અને ૧૯૩૭ની ચૂંટણીમાં પાર્ટીને સંગઠિત કરી અને તેમણે ભારત છોડો આંદોલનમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો.

ભારતના પહેલા ગૃહમંત્રી અને ઉપપ્રધાનમંત્રી તરીકે, સરદાર વલ્લભભાઈ પટેલે પંજાબ અને દિલ્હીના નિરાશ્રિતો માટે સહાયનું આયોજન કર્યું હતું. અને દેશભરમાં શાંતિની પુન:સ્થાપના માટે પ્રયત્નો તથા નેતૃત્વ કર્યું હતું. સરદારે ૫૬૫ અર્ધસ્વાયત્ત રજવાડા અને બ્રિટીશ-રાજ વખતની રિયાસતોને એકત્રિત કરી એક અખંડ ભારતના નિર્માણનું બીડું જડપ્યું. તેમની નિખાલસ મુત્સદ્દીગીરીની સાથે જરૂર પડતા સૈન્યબળના વપરાશની તૈયારીને લીધે સરદારના નેતૃત્વએ ભારતના પ્રત્યેક રજવાડાનો ભારતમાં સમન્વય પુરો કરાવ્યો. ભારતના લોખંડી પુરુષતરીકે ઓળખાતા સરદારને ઓલ ઇન્ડિયા સર્વિસ (સર્વ ભારતીય સેવા - રાજ્યકારભારની બધી બિનલશ્કરી શાખાઓ) ના રચયિતા હોવાથી 'પેટ્રન સૈન્ટ' તરીકે પણ ભારતીય સનદી સેવામાં ઓળખવામાં આવે છે. સરદાર, ભારતમાં મુક્ત વ્યાપાર તથા માલિકી હક્કના સૌથી પહેલાં હિમાયતીઓમાંના એક હતા.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# જવાહરલાલ નેહરુ

૧૪ નવેમ્બર ૧૮૮૯- ૨૭ મે ૧૯૬૪

કૉંગ્રેસ પક્ષે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં આગળ પડતી ભૂમિકા નિભાવનાર નેહરુને સ્વતંત્ર ભારતના સૌથી પહેલા વડાપ્રધાન તરીકેની જવાબદારી નિભાવવા માટે ચૂંટી કાઢયા હતા અને ત્યારબાદ કૉંગ્રેસ ૧૯૫૨માં ભારતની પહેલી લોકસભાની ચૂંટણીમાં જિતાઈ આવી હતી, ત્યારે તેઓ ફરીથી વડાપ્રધાનપદે નિયુકત થયા હતા. બિન-જોડાણ અભિયાન (નોન-અલાઈન્ડ ચળવળ)ના સ્થાપકોમાંથી એક હોવા ઉપરાંત તેઓ યુદ્ધ પછીના ગાળામાં આંતરરાષ્ટ્રીય રાજકારણમાં પણ મહત્ત્વની વ્યકિત રહ્યા હતા. ભારતમાં પંડિતજી અને બહાર પંડિત નેહરુ("પંડિત", સંસ્કૃત, "વિદ્વાન" માટે વપરાતો સન્માનદર્શક શબ્દ) તરીકે તેમનો ઉલ્લેખ કરવામાં આવતો હતો.

સમૃદ્ધ ભારતીય બૅરિસ્ટર અને રાજકારણી, મોતીલાલ નેહરુના પુત્ર હોવાના નાતે નેહરુ પ્રમાણમાં ઘણી યુવાન વયે ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસની ડાબી પાંખના નેતા બની ગયા હતા. મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ બ્રિટિશ સામ્રાજયમાંથી સંપૂર્ણ સ્વરાજની હિમાયત કરતા નેહરુ એક પ્રભાવશાળી અને ક્રાંતિકારી નેતા હતા, જે ધીમે ધીમે કૉંગ્રેસના પ્રમુખપદ સુધી પહોંચ્યા હતા. ભારતની લાંબી, સંઘર્ષપૂર્ણ સ્વતંત્રતા ચળવળમાં, તેઓ એક ચાવીરૂપ, મહત્ત્વની વ્યકિત રહ્યા હતા અને ધીમે ધીમે ગાંધીના રાજકીય વારસ તરીકે ઓળખાવા માંડ્યા હતા. ગરીબમાં ગરીબ દેશોનો કેટલાય લાંબા સમયથી ચાલ્યા આવતો આર્થિક વિકાસનો પડકાર હલ કરી શકાય તે માટે આજીવન ઉદારમતવાદી નેહરુ, ફેબિઅન સમાજવાદ અને જાહેર ક્ષેત્રના પણ હિમાયતી રહ્યા હતા.

ભારત જયારે સ્વતંત્ર થયું ત્યારે ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના નવી દિલ્હી ખાતે સ્વતંત્ર ભારતનો ધ્વજ લહેરાવવાનું સન્માન એક માત્ર નેહરુને પ્રાપ્ત થયું હતું. નેહરુની સંસદીય લોકશાહીના ગુણો, બિનસાંપ્રદાયિકતા અને ઉદારમતવાદ તરફનું વલણ અને તેની સાથે સાથે ગરીબ અને વંચિતો માટેની ચિંતાને પરિણામે આજે પણ ભારત પર જેનો પ્રભાવ છે એવી નીતિઓ ઘડવા તેઓ પ્રેરાયા. તેમાં તેમનો વિશ્વ પ્રત્યેનો સમાજવાદી દષ્ટિકોણ પણ ડોકાતો હતો. સ્વતંત્ર ભારતની પરંપરાઓ અને માળખું ઊભું કરવામાં તેમનો લાંબો કાર્યકાળ નિમિત્ત બન્યો.કયારેક તેમને "આધુનિક ભારતના શિલ્પી" તરીકે પણ સંબોધવામાં આવે છે. તેમનાં દીકરી, ઈન્દિરા ગાંધીએ, અને તેમના દોહિત્ર રાજીવ ગાંધીએ, પણ ભારતના વડાપ્રધાન તરીકે સેવા આપી છે.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ભગત સિંહ

(૨૮ સપ્ટેમ્બર ૧૯૦૭ - ૨૩ માર્ચ ૧૯૩૧)

ભગત સિંહભારતનાં સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ ક્રાંતિકારી હતા.તેમનો જન્મ ૨૮મી સપ્ટેમ્બર, ઈ.સ. ૧૯૦૭ના દિવસે લ્યાલપૂર, પંજાબમાં થયો હતો. વ્યવસાયે તેઓ જાટ ખેડૂત હતા. ભગતસિંહના પિતાનું નામ કિશનસિંહ અને માતાનું નામ વિદ્યાવતી હતું. ભગતસિંહનું પ્રાથમિક શિક્ષણ બંગામાં થયું હતું. ત્યારબાદ તેઓ લાહોરની ડી.એ.વી. હાઈસ્કૂલમાં ભણ્યા હતા. અભ્યાસ દરમિયાન તેમના જીવન પર ભાઈ પરમાનંદ અને જયચંદ વિધ્યાલંકાર નામના રાષ્ટ્રવાદી શિક્ષકનો પ્રભાવ પડ્યો હતો.

**ભગતસિંહ શરૂઆતમાં કોંગ્રેસમાં જોડાયા હતા પણ અમુક કારણોસર તેમણે તેનો ત્યાગ કર્યો હતો. ભગતસિંહ અસહકાર આંદોલન સમયે કોલેજ છોડી હતી. તે પછી તેઓ રાષ્ટ્રસેવામાં જોડાઈ ગયા હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લિકન એસોસીયેશનના સભ્ય બન્યાઅને આગળના સમયમાં મહામંત્રી પણ બન્યા હતા. ઇ.સ. ૧૯૨૫ માં નવજવાન ભારત સભાની સ્થાપના કરી જેથી તેમને સુખદેવ, યશપાલ, ભગવતી ચરણ વોહરા, ચંદ્રશેખર આઝાદ, યતિન્દ્રનાથ દાસ જેવા વીર ક્રાંતિકારીઓનો ભેટો થયો. તેઓ યતિન્દ્રનાથ દાસ પાસે બોમ્બ બનાવતા શીખ્યા અને ૧૯૨૬ માં દશેરાના દિવસે એક બોમ્બ ફેંક્યો જેમાં તેમની ધરપકડ કરવામાં આવી પણ ભગતસિંહના વિરુદ્ધ કોઈ પુરાવા ન મળ્યા હોવાથી તેઓ છૂટી ગયા.**

**ભગતસિંહ માર્કસવાદ, સમાજવાદ, સોવિયત સંઘની તથા અન્ય મોટી ક્રાંતિઓ વિષે ઊંડો અભ્યાસ કર્યો હતો અને તેઓ તેમના સાથીઓને પણ વાંચન માટે આગ્રહ કરતાં હતા.**

૮ એપ્રિલ ૧૯૨૯ના રોજ ભગતસિંહ અને બટુકેશ્વર દત્ત દિલ્હીમાં કેન્દ્રિય ધારાસભા ચાલુ હતી ત્યારે ત્યાં બોમ્બ નાખ્યા અને નાસી જવાને બદલે ત્યાં ઊભા રહી ગયા. પકડાયા પછી તેમના પર મુકદમો ચાલ્યો હતો. ૭ ઓક્ટોબર ૧૯૩૦ના રોજ ભગતસિંહ, સુખદેવ, રાજગુરુને ફાંસીની સજા ફરમાવાઈ હતી. ૧૯૩૧માં નક્કી થયા મુજબ ૨૪મી માર્ચે ફાંસી આપવાની જાહેરાત થયેલી. સમગ્ર દેશમાં એની ચર્ચા અને વિરોધ વ્યાપક બનેલાં. સરકારે વિરોધના ડરથી એક દિવસ પહેલા, ૨૩મી માર્ચે, સાંજે ત્રણેયને અચાનક ફાંસીએ લટકાવી દીધા હતા. ફાંસી પછી, ચૂપચાપ, ઉતાવળે, સતલજ નદીના કિનારે, હુસૈનીવાલા ફિરોજપુરમાં અંતિમ સંસ્કાર કરી દીધેલા. આના કારણે તેમણે સજા કરવામાં આવી હતી. ત્યારબાદ તેમની લાહોર સેન્ટ્રલ જેલમાં ફાંસીએ ચડતાં પહેલા ઇન્કલાબ ઝિંદાબાદની વીર ગર્જનાઓ કરી હતી




પઠાણ ફખરુન્નીસા મોહંમદભાઈ



# મૌલાના અબુલ કલામ આઝાદ

(૧૧ નવેમ્બર ૧૮૮૮ - ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮)

અબુલ કલામ આઝાદ (૧૧ નવેમ્બર ૧૮૮૮ - ૨૨ ફેબ્રુઆરી ૧૯૫૮) જેઓ મૌલાના આઝાદતરીકે જાણીતા છે, એક ભારતીય મુસ્લિમ વિદ્વાન અને ભારતીય સ્વતંત્રતા ચળવળના એક વરિષ્ઠ રાજકીય નેતા હતા.

તેઓ એક અગ્રણી મુસ્લિમ નેતા હતા જેઓ હિન્દુ-મુસ્લિમ એકતા પર ભાર મુકતા અને કોમી ધોરણે ભારતના ભાગલાના પ્રખર વિરોધી હતા. ભારતની સ્વતંત્રતા બાદ તેઓ ભારત સરકારમાં પ્રથમ શિક્ષણ પ્રધાન બન્યા હતા. તેમણે સ્વતંત્રતા પહેલા કરેલી આગાહી માટે પણ તેઓ જાણીતા છે જેમાં તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં પાકિસ્તાનના ભાગલા પડશે અને ત્યાં લશ્કરી શાસન આવશે. તેમને ભારતનું સર્વોચ્ચ નાગરિક સન્માન ભારત રત્ન (મરણોત્તર) ૧૯૯૨માં આપવામાં આવ્યું હતુ. તેમને સામાન્ય રીતે મૌલાના આઝાદ તરીકે યાદ કરવામાં આવે છે. તેમણે તેમના ઉપનામ (તખ્લ્લુસ) તરીકે આઝાદ નામ અપનાવ્યું હતું. ભારતમાં શિક્ષણનો પાયો સ્થાપિત કરવા માટે નોંધપાત્ર યોગદાન આપવા બદલ સમગ્ર ભારતમાં રાષ્ટ્રીય શિક્ષણ દિન તરીકે તેમનાં જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# સુભાષચંદ્ર બોઝ

(૨૩ જાન્યુઆરી ૧૮૯૭ - ૧૮ ઓગસ્ટ ૧૯૪૫)

સુભાષચન્દ્ર બોઝ (૨૩ જાન્યુઆરી ૧૮૯૭ - ૧૮ ઓગસ્ટ ૧૯૪૫) જે નેતાજીના હુલામણા નામથી પણ જાણીતા છે, તે ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રણી નેતા હતા. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, અંગ્રેજોની વિરુદ્ધ લડવા માટે તેમણે જાપાનની સહાયતાથી આઝાદ હિન્દ ફોજની રચના કરી હતી. તેમના દ્વારા આપવામાં આવેલ "જય હિન્દ"નું સુત્ર ભારતનું રાષ્ટ્રીય સુત્ર બની ગયું છે.

૧૯૪૪માં અમેરિકી પત્રકાર લુઈ ફિશર સાથે વાત કરતાં મહાત્મા ગાંધીએ નેતાજીને દેશભક્તોના પણ દેશભક્ત કહી નવાજ્યા હતા.

નેતાજી સુભાષચન્દ્ર બોઝનો જન્મ જાન્યુઆરી ૨૩ ૧૮૯૭ના રોજ ઓરિસ્સાના કટક શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ જાનકીનાથ બોઝ અને માતાનું નામ પ્રભાવતી હતું. જાનકીનાથ બોઝ કટક શહેરના પ્રખ્યાત વકીલ હતા. પહેલા તે સરકારી વકીલ હતા, પરંતુ પછીથી તેમણે પોતાની વકિલાત શરૂ કરી હતી. એમણે કટકની મહાપાલિકામાં લાંબા સમય સુધી કામ કર્યું હતું અને તે બંગાળ વિધાનસભાના સભ્ય પણ રહ્યા હતા. અંગ્રેજ સરકારે તેમને રાયબહાદુરનો ખિતાબ આપ્યો હતો.

પ્રભાવતી દેવીના પિતાનું નામ ગંગાનારાયણ દત્ત હતું. દત્ત પરિવારને કોલકાતાનો એક કુલીન પરિવાર માનવામાં આવતો હતો. પ્રભાવતી અને જાનકીનાથ બોઝને કુલ ૧૪ સંતાનો હતાં, જેમા ૬ છોકરીઓ અને ૮ છોકરાઓ હતા. સુભાષચંદ્ર એમનું નવમું સંતાન અને પાંચમા પુત્ર હતાં.

પોતાના બધા ભાઈઓમાંથી સુભાષને સૌથી વધારે શરદચંદ્ર સાથે લગાવ હતો. શરદબાબુ પ્રભાવતી અને જાનકીનાથના બીજા પુત્ર હતા. સુભાષ તેમને મેજદા કહેતા હતા. શરદબાબુની પત્નીનું નામ વિભાવતી હતું.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# અબ્બાસ તૈયબજી

## (૧ ફેબ્રુઆરી ૧૮૫૪ – ૯ જૂન ૧૯૩૬)

અબ્બાસ તૈયબજી (૧ ફેબ્રુઆરી ૧૮૫૪ – ૯ જૂન ૧૯૩૬) ભારતીય સ્વાંતંત્ર્ય સેનાની અને મહાત્મા ગાંધીના એક સહયોગી હતા. તેમણે વડોદરા રાજ્યના મુખ્ય ન્યાયાધીશ તરીકે પણ કાર્ય કર્યું હતું.

અબ્બાસ તૈયબજીનો જન્મ ખંભાત, ગુજરાતના એક સમૃદ્ધ સુલેમાની વ્હોરા મુસ્લિમ પરીવારમાં થયો હતો. તેઓ શમશુદ્દીન તૈયબજીના પુત્ર અને અત્યંત સફળ વેપારી મુલ્લા તૈયબ અલીના પૌત્ર હતા. તેમના પિતાના મોટા ભાઈ બદરુદ્દીન તૈયબજી બોમ્બે ઉચ્ચ ન્યાયાલયના પ્રથમ ભારતીય બેરિસ્ટર તથા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ત્રીજા પ્રમુખ હતા.

અબ્બાસ તૈયબજીનો જન્મ વડોદરા રાજ્યમાં થયો હતો જ્યાં તેમના પિતા ગાયકવાડી મહારાજની સેવામાં હતા. તેમનું શિક્ષણ ઇંગ્લેન્ડમાં થયું હતું જ્યાં તેઓ અગિયાર વર્ષ સુધી રહ્યા હતા. ઇંગ્લેન્ડથી પરત આવેલા અબ્બાસ તૈયબજી બ્રિટીશ રાજ પ્રત્યે વફાદાર, પશ્ચિમી રહેણીકરણીને સમર્પિત અને ભારતીય રીતિ–રિવાજો તથા પરંપરાઓ તરફ તિરસ્કાર ધરાવતા હતા. તેમણે વડોદરા રાજ્યની અદાલતમાં ન્યાયાધીશ તરીકે નોકરી સ્વીકારી. ઊંચું વેતન, પારિવારીક વિરાસત અને ઉચ્ચ સરકારી નિયુક્તિને કારણે તેમનો પરિવાર પાશ્ચાત્ય સમાજથી પ્રભાવિત આભિજાત્ય વર્ગ પૈકીનો એક હતો. પોતાની સમગ્ર કારકિર્દી દરમિયાન તેઓ બ્રિટીશ રાજને વફાદાર રહ્યા. તેમણે સંતાનોનો ઉછેર પાશ્ચાત્ય શૈલીમાં કર્યો અને ઉચ્ચ શિક્ષણ માટે ઇંગ્લેન્ડ મોકલી આપ્યા. આ દરમિયાન તેઓ વડોદરા રાજ્યના ઉચ્ચ ન્યાયાલયના મુખ્ય ન્યાયાધીશ બન્યા અને સેવા નિવૃત થયા.

તેઓ સ્ત્રીઓના અધિકારોના આરંભિક પ્રસ્તાવક હતા. તેઓ સ્ત્રી શિક્ષણ અને સમાજ સુધારને સમર્થન કરતા હતા. તેમણે પડદા પ્રથાનો અસ્વીકાર કરવાની સાથે જ પોતાની પુત્રીઓને શાળામાં મોકલી તત્કાલીન રૂઢીગત રિવાજોને પડકાર્યા હતા.

૧૯૩૦ની શરૂઆતમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ દ્વારા બ્રિટીશ શાસન સામે પૂર્ણ સ્વરાજની જાહેરાત કરવામાં આવી. સવિનય અવજ્ઞા આંદોલન અને સત્યાગ્રહના પ્રથમ તબક્કે ગાંધીજીએ અંગ્રેજો દ્વારા મીઠા પર નાખવામાં આવેલા કરના વિરોધમાં રાષ્ટ્રવ્યાપી અહિંસક આંદોલનની જાહેરાત કરી. કોંગ્રેસ પદાધિકારીઓને વિશ્વાસ હતો કે ગાંધીજીની ધરપકડ કરવામાં આવશે. આ પરિસ્થિતિમાં સત્યાગ્રહના વૈકલ્પિક નેતૃત્વ તરીકે તૈયબજીને પસંદ કરવામાં આવ્યા. દાંડી સત્યાગ્રહ બાદ ૪ મે ૧૯૩૦ના રોજ ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. જેથી તૈયબજીને સત્યાગ્રહના આગળના તબક્કાના પ્રભારી તરીકે નીમવામાં આવ્યા

ગાંધીજીએ તેમને ગ્રાન્ડ ઓલ્ડ મેન ઓફ ગુજરાત તરીકે નવાજ્યા હતા

અબ્બાસ તૈયબજીનું અવસાન ૯ જૂન ૧૯૩૬ના રોજ મસૂરી ખાતે થયું હતું.



પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મેડમ ભિખાઈજી કામા

(૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ - ૧૩ ઓગસ્ટ ૧૯૩૬)

મેડમ ભીખાઈજી કામાનો જન્મ ૨૪ સપ્ટેમ્બર ૧૮૬૧ ના રોજ મુંબઈના એક શ્રીમંત પારસી પરિવારમાં થયો હતો. પિતાનું નામ સોરાબજી ફ્રામજી પટેલ અને માતાનું નામ જીજીબાઈ હતું. સોરાબજી મુંબઈના જાણીતા વેપારી હતા. ભીખાઈજી કામા એલેક્ઝાન્ડર પારસી ગર્લ્સ સ્કૂલમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. શાળાના અભ્યાસ દરમિયાન ભીખાઈજી તેજસ્વી વિદ્યાર્થીની તરીકે વર્ગમાં પ્રથમ આવતા હતા. નાની ઉંમરથી જ દેશપ્રેમના બીજ તેના માનમાં રોપાઈ ચૂક્યા હતા.

બ્રિટીશ જુલમશાહીનો પહેલેથી જ વિરોધ કરી પોતાના દીન દુ:ખીયા ભાઈ બહેનોની સેવા કરવાનું તેને મનોમન નક્કી કરી દીધું હતું. સમાજસેવાની સેવા તેને પોતાના શાળા કોલેજના વર્ષો દરમિયાન જ શરૂ કરી દીધું હતું.

ઈ.સ. ૧૮૯૭માં મુંબઈમાં પ્લેગની મહામારીનો રોગ ફેલાઈ ચૂક્યો હતો ત્યારે પોતાના જાનના જોખમે પણ લોકોની સેવામાં તેઓ લાગી ગયા હતા. પ્લેગના ચેપી રોગમાં માદામ ભીખાઈજી પણ સપડાઈ ગયા હતા પરંતુ ભવિષ્યમાં બ્રિટીશરો સામે ટક્કર લેનાર આ વીરાંગના પ્લેગના રોગનો હિંમતપૂર્વક પ્રતિકાર કર્યો.

સમાજસેવાને મનોમન વારી ચૂકેલા માદામ ભીખાઈજી લગ્ન કરવાના વિરુદ્ધમાં હતા. પરંતુ પિતાના આગ્રહને વશ થઈને મોતી કે.આર.કામા સાથે લગ્ન કર્યા હતા.લગ્ન કર્યા બાદ પણ તેમણે મન સમાજસેવા અને દેશપ્રેમ સર્વોપરી હતા. એટલે તેમનું લગ્નજીવન લાંબુ સમય તાકી શક્યું નહિ. વારંવાર પતિ સાથે થતાં વિખવાદથી તેઓ બંને અલગ થઇ ગયા હતા. આ રીતે પતિથી છૂટા પડ્યા બાદ પણ પોતાની તમામ શક્તિઓ અને પોતાનું સર્વસ્વ દેશની સમર્પિત કરી દીધું હતું.

તેમણે ઈ.સ. ૧૯૦૫માં વંદે માતરમ નામનું ક્રાંતિકારી અખબાર જીનીવાથી શરૂ કર્યું હતું. અને તેમાં તેમણે અંગ્રેજોની દમનનીતિનો ચિતાર રજૂ કર્યો. તેમની તબિયત બગડતાં મોટી બીમારીની શસ્ત્રક્રિયા કરાવવા માટે તેમને ઇંગ્લેન્ડ જવું પડ્યું ત્યાં તેમનો પરિચય શ્યામજી કૃષ્ણવર્મા સાથે થયો. તે સમયે સર દોરાબજી તાતા અને વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય જેવા અન્ય ક્રાંતિકારીઓ અભિનય ભારત ના નામે એક મંડળી ચલાવતા હતા તેની સાથે માદામ ભીખાઈજી કામા સાથે જોડાઈ ગયા.

વિદેશમાં તેમના વધતા જતા પ્રભાવથી ભયભીત થઈને બ્રિટિશરોએ તેમને ફ્રાંસમાંથી ભારત હાંકી કાઢવાની માંગણી કરી હતી. પરંતુ ફ્રેંચ સરકારે તેમને પોતાની માતૃભૂમિમાં પાછા મોકલવાની અને તેમની સંપત્તિને જપ્ત કરવાની બ્રિટિશરોની માંગણીને નકારી કાઢી હતી. મેડમ કામાને પરાસ્ત કરવાના બ્રિટિશરોના અથાક પ્રયત્નો બાદ પણ મેડમ કામાએ ભારતની સ્વતંત્રતા માટે તેમની લડત ચાલુ રાખી હતી.

ઈ.સ. ૧૯૦૭માં વિદેશ ભૂમિ (જર્મની) ઉપર યોજાયેલા આંતરરાષ્ટ્રીય અધિવેશનમાં બધા દેશો દ્વારા પોતપોતાના રાષ્ટ્રીયધ્વજ લહેરાવ્યો હતો. તેની સાથે આ બાનુએ ભારતનો પ્રથમ રાષ્ટ્રીય ધ્વજ લહેરાવ્યો હતો. આ ધ્વજમાં સૂર્ય ચંદ્ર અને સપ્તર્ષિના સાત તારાઓનું પ્રતીક હતું તેમજ ધ્વજની વચ્ચે દેવનાગરી લિપિમાં 'વંદે માતરમ' લખ્યું હતું.

ઈ.સ. ૧૯૩૬માં ૧૩મી ઑગસ્ટના રોજ મુંબઈની એક પારસી હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



વિનાયક દામોદર સાવરકર
(૨૮ મે ૧૮૮૩ - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬)

વિનાયક દામોદર સાવરકર (૨૮ મે ૧૮૮૩ - ૨૬ ફેબ્રુઆરી ૧૯૬૬) ભારતીય સ્વતંત્રતા આંદોલનના અગ્રિમ હરોળના સક્રિય કાર્યકર અને પ્રખર રાષ્ટ્રવાદી નેતા હતા. જેથી તેઓ વીર સાવરકર નામથી જાણીતા થયા

હિંદુ રાષ્ટ્રની રાજનીતિક વિચારધારા (હિંદુત્વ) ને વિકસિત કરવાનો સંપૂર્ણ શ્રેય સાવરકરને ફાળે જાય છે. સ્વતંત્રતા સેનાની હોવાની સાથે-સાથે તેઓ મહાન ક્રાંતિકારી, વિચારક, સિદ્ધહસ્ત લેખક, કવિ, પ્રખર વક્તા તથા દુરદર્શી રાજનેતા પણ હતા.

તેઓ એક એવા ઈતિહાસકાર પણ હતા કે જેમણે હિંદુ રાષ્ટ્રના વિજયના ઈતિહાસને પ્રમાણિકપણે શાબ્દિક રીતે કંડાર્યો હતો. તેમણે ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામનો જીવંત અહેવાલરૂપી ઈતિહાસ ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડિપેન્ડન્સ નામના પુસ્તકમાં લખ્યો જેનાથી બ્રિટિશ શાસકોમાં ખળભળાટ મચી ગયો. ધ ઈન્ડિયન વૉર ઓફ ઈન્ડેપેન્ડન્સ મૂળ મરાઠી ભાષામાં ૧૯૦૮ની સાલમાં તેમણે લખી જેનો અંગ્રેજી ભાષામાં અનુવાદ ઈન્ડિયા હાઉસમાં રહીને છ જેટલા વિદ્યાર્થીઓએ કર્યો. એ સમયે ભારતમાં મુદ્રણકાર્ય શક્ય ન હતું. તેમના આ પુસ્તકનું મુદ્રણ કાર્ય ઈંગ્લેન્ડ અને જર્મનીમાં પણ ન થઈ શક્યું. અંતમાં આ પુસ્તક ૧૯૦૯ની સાલમાં હોલેન્ડમાં મુદ્રિત થયું.

સમયાંતરે આ પુસ્તકનો અનુવાદ ઉર્દૂ, હિન્દી, પંજાબી અને તામિલ ભાષામાં પણ થયો. આ પુસ્તક પર બ્રિટિશ શાસકો દ્વારા પ્રતિબંધ લગાવાયો હતો. પ્રતિબંધ દરમિયાન ડૉ. ક્યુતિન્હોએ આ પુસ્તકને એક ધાર્મિક ગ્રંથની જેમ સાચવીને રાખેલો. આ પ્રતિબંધને ૧૯૪૬ના મે મહિનામાં મુંબઈ સરકાર દ્વારા હટાવાયો હતો.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ખુદીરામ બોઝ

(૩ ડિસેમ્બર ૧૮૮૯ – ૧૧ ઓગસ્ટ ૧૯૦૮)

ખુદીરામ બોઝનો જન્મ ૩ ડિસેમ્બર ૧૮૮૯ના રોજ પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાના મોહોબની ગામે થયો હતો. તેમના પિતા ત્રૈલોક્યનાથ મારજોલ રાજની જાગીરમાં મહેસુલ અધિકારી હતા.
ખુદીરામ ત્રણ બહેનો બાદ તેમના પરિવારનું ચોથું સંતાન હતા. તેમના જન્મ પૂર્વે તેમના માતાપિતા ત્રૈલોક્યનાથ બોઝ અને લક્ષ્મીપ્રિયા દેવીને બે પુત્રો હતા પરંતુ તેમનું અકાળે અવસાન થયું હતું. પ્રચલિત પારંપરીક રીતિ-રિવાજો અનુસાર નવજાત શિશુને ટૂંકી આયુમાં મૃત્યુથી બચાવવા માટે પ્રતિકાત્મક રીતે ત્રણ મુઠ્ઠી અનાજના (સ્થાનિક ભાષામાં ખુદ) બદલામાં તેમની મોટી બહેનને વેચી દેવાયા. આ રીતે તેમનું નામ ખુદીરામ પડ્યું.

છ વર્ષની ઉંમરે તેમની માતાનું અવસાન થયું. તેના એક વર્ષ બાદ જ તેમના પિતાનું પણ અવસાન થયું. આ પરિસ્થિતિમાં તેમની મોટી બહેન અપરૂપા રોય બાળક ખુદીરામને પોતાના ઘરે લઈ ગઈ. ત્યાં તેમણે પ્રાથમિક શિક્ષણ માટે હેમિલ્ટન હાઇસ્કૂલમાં પ્રવેશ મેળવ્યો.
૧૯૦૫માં લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા કર્યા તેના વિરોધમાં સડક-રસ્તાઓ પર વિરોધ પ્રદર્શનોમાં ઉતરેલા અનેક ભારતીયોને કલકત્તાના તત્કાલીન ન્યાયાધીશ કિંગ્સફોર્ડે આકરી સજાઓ ફરમાવી. પરિણામે કિંગ્સફોર્ડની પદોન્નતિ કરીને તેને મુજફ્ફરનગરના સત્ર ન્યાયાધીશ તરીકે નિમણુંક કરવામાં આવી. અહીં પણ ઘણા કિસ્સાઓમાં તેમણે ક્રાંતિકારીઓને આકરી સજા આપી.

કિંગ્સફોર્ડે અલીપુર પ્રેસીડેન્સી કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે ભુપેન્દ્ર દત્તા તથા જુગાંતરના અન્ય સંપાદકોના મુકદ્દમાની સુનાવણી કરી હતી અને તેમને કઠોર કારાવાસની સજા ફરમાવી હતી. ઉપરાંત એક બંગાળી યુવક સુશીલ સેનને જુગાંતર કેસના ચુકાદાના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ સજાનો આદેશ આપ્યો. આ પ્રકારે કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે કિગ્સફોર્ડ યુવા રાજનૈતિક કાર્યકર્તાઓ પર કઠોર અને ક્રૂર સજા કરવા બદલ રાષ્ટ્રવાદીઓમાં અપ્રિય થઈ પડ્યા હતા.

૧૯૦૭માં બિરેન્દ્રકુમાર ઘોષે તેમના એક સહયોગી હેમચંદ્ર કાનૂનગોને બોમ્બ બનાવવાની તકનીક શીખવા માટે દેશનિકાલ પામેલા રશિયન ક્રાંતિકારી નિકોલસ સફ્રાન્સ્કી પાસે પેરિસ મોકલ્યા. બંગાળ પાછા ફર્યા બાદ હેમચંદ્ર અને બિરેન્દ્રકુમારે ડગલસ કિંગ્સફોર્ડને નિશાન બનાવવાનું નક્કી કર્યું.

પહેલી મે ના દિવસે ખુદીરામને મુજ્જફરનગરના જિલ્લાધિકારી સમક્ષ રજૂ કરવામાં આવ્યા. મેજીસ્ટ્રેટ સમક્ષ તેમણે પોતાના ગુનાની કબુલાત કરી. તેમના આ કાર્ય બદલ તેમને ફાંસીની સજા ફરમાવવામાં આવી. ૧૧ ઓગસ્ટ ૧૯૦૮ના રોજ તેમને ફાંસી આપવામાં આવી ત્યારે તેમની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# અશફાકઊલ્લા ખાન

(૨૨ ઓક્ટોબર ૧૯૦૦ - ૧૯ ડિસેમ્બર ૧૯૨૭)

અશફાકઊલ્લા ખાનનો જન્મ બ્રિટીશ ભારતના ઉત્તર પશ્ચિમ પ્રાંતના શાહજહાંપુરમાં, શફીકુલ્લાહ ખાન અને મઝરૂનિસ્સા ને ઘેર થયો હતો. તેઓ તેમના છ ભાઈ-બહેનોમાં સૌથી નાના હતા.

ઈ. સ. ૧૯૨૨ માં, મહાત્મા ગાંધીએ ભારતમાં બ્રિટીશ શાસન સામે અસહકાર આંદોલન શરૂ કર્યું હતું, પરંતુ ઈ.સ. ૧૯૨૨ માં ચૌરી ચૌરા કાંડ બાદ મહાત્મા ગાંધીએ આ આંદોલન પાછું ખેંચી લેવાનું નક્કી કર્યું. તે સમયે અશફાક ઊલ્લા ખાન સહિતના ઘણા યુવાનો હતાશ થયા હતા. તેમાંના અશફાક ઊલ્લા ખાન સહિતના કેટલાક યુવાનો ઉગ્રવાદી બન્યા અને હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશન (હિંદુસ્તાની સમાજવાદી પ્રજાતંત્ર સંસ્થા) જેવી સંસ્થાઓ તરફ વળ્યા. હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનની સ્થાપના ઈ. સ. ૧૯૨૪ માં થઈ હતી. આ એસોસિએશનનો હેતુ ભારતની સ્વતંત્રતાની પ્રાપ્તિ માટે એક સશસ્ત્ર ક્રાંતિનું આયોજન કરવાનો હતો.

પોતાની કાર્યવાહીને વેગ આપવા અને પ્રવૃત્તિઓને આગળ વધારવા, શસ્ત્રો અને દારૂગોળો ખરીદવા માટે હિન્દુસ્તાન સોશ્યાલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનના ક્રાંતિકારીઓએ ૮ ઓગસ્ટ ૧૯૨૫ ના રોજ શાહજહાંપુરમાં એક બેઠકનું આયોજન કર્યું હતું. ઘણા વિચાર વિમર્શ બાદ ટ્રેનોમાં લઈ જવાતા સરકારી ખજાનાને લૂંટવાનો નિર્ણય લેવામાં આવ્યો. ૯ ઑગસ્ટ ૧૯૨૫ ના દિવસે, અશફાક ઊલ્લા ખાન અને અન્ય ક્રાંતિકારીઓ, જેમ કે રામ પ્રસાદ બિસ્મિલ, રાજેન્દ્ર લહેરી, ઠાકુર રોશન સિંઘ, સચિન્દ્ર બક્ષી, ચંદ્રશેખર આઝાદ, કેશબ ચક્રવર્તી, બનવારી લાલ, મુકુન્દી લાલ, મનમથનાથ ગુપ્તાએ લખનૌ નજીક કાકોરીમાં બ્રિટિશ સરકારનું નાણું લઇ જતી ટ્રેનને લૂંટી.

અશફાક ઊલ્લા ખાનને ફૈઝાબાદની જેલમાં બંદી બનાવવામાં આવ્યા અને તેમના પર ખટલો ચાલ્યો. તેમનો ભાઈ રિયાસતુલ્લાહ ખાન વકીલ હતા. જ્યારે જેલમાં હતા ત્યારે અશફાકુલ્લા નિયમિત રીતે કુરાન વાંચતા અને નમાજ઼ પઢતા. રમઝાન મહિના દરમિયાન તેમણે કડક રોઝા પણ કર્યા હતા. કાકોરી લૂંટના કેસની અંતમાં ફેંસલો સંભળાવતા ન્યાયાધીશે બિસ્મિલ, અશફાક ઊલ્લા ખાન, રાજેન્દ્ર લાહિરી અને ઠાકુર રોશન સિંહને મૃત્યુ દંડ ફરમાવ્યો હતો. અન્યોને આજીવન કારાવાસની સજા થઈ હતી.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# રામ પ્રસાદ બિસ્મિલ

(૧૧ જૂન ૧૮૯૭ – ૧૯ ડિસેમ્બર ૧૯૨૭)

રામ પ્રસાદ બિસ્મિલ (૧૧ જૂન ૧૮૯૭ – ૧૯ ડિસેમ્બર ૧૯૨૭) ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે ૧૯૧૮ના મેનપુરી ષડયંત્ર તથા ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં ભાગ લીધો હતો અને બ્રિટીશ સામ્રાજ્યવાદ વિરુદ્ધ સંઘર્ષ કર્યો હતો. સ્વાતંત્ર્ય સેનાની હોવાથી સાથોસાથ તેઓ દેશભક્ત કવિ પણ હતા. રામ, અજ્ઞાત તેમજ બિસ્મિલ ઉપનામથી તેમણે હિન્દી તથા ઉર્દૂમાં કવિતાઓ લખી હતી. જે પૈકી તેઓ બિસ્મિલ તરીકે વધુ જાણીતા થયા. તેઓ આર્ય સમાજ સાથે સંકળાયેલા હતા જ્યાં તેઓ સ્વામી દયાનંદ સરસ્વતી લિખિત સત્યાર્થ પ્રકાશથી પ્રભાવિત થયા. આર્ય સમાજના પ્રચારક અને તેમના ગુરુ સ્વામી સોમદેવના માધ્યમથી તેઓ લાલા હરદયાળ સાથે ગુપ્ત પરિચય ધરાવતા હતા.

બિસ્મિલ ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનના સંસ્થાપક સદસ્યો પૈકી એક હતા. ભગત સિંહે હિંદી અને ઉર્દૂ કવિ તરીકે તેમની પ્રશંસા કરી હતી. બિસ્મિલે અંગ્રેજી પુસ્તક કેથરીન અને બંગાળી પુસ્તક બોલ્શેવિકોકી કરતૂતનો અનુવાદ પણ કર્યો હતો.

એમનો જન્મ ૧૧ જૂન ૧૮૯૭ના રોજ ઉત્તર પ્રદેશ રાજ્યમાં આવેલા શાહજહાંપુર નગરમાં થયો હતો. એમના પિતા મુરલીધર, શાહજહાંપુર નગરપાલિકામાં કામ કરતા હતા. બિસ્મિલને હિન્દી ભાષા તેમના પિતા તરફથી શીખવા મળી જ્યારે ઉર્દૂ ભાષાનું જ્ઞાન તેમણે મૌલવી પાસેથી મેળવ્યું હતું. પિતાની મરજી વિરુદ્ધ તેમને અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ કરવામાં આવ્યા હતા. તેઓ આર્ય સમાજ સાથે પણ જોડાયા હતા

૧૮ વર્ષની વિદ્યાર્થી આયુમાં તેમણે ક્રાંતિકારી લાલા હરદયાળના સહયોગી તથા વિદ્વાન, પરમાનંદની મોતની સજા વિશે સાંભળ્યું. આ સમય દરમિયાન તેઓ નિયમિત આર્ય સમાજના મંદિરે જતા. ત્યાં તેમની મુલાકાત પરમાનંદના મિત્ર સોમદેવ સાથે થઈ. મોતની સજા વિશે સાંભળ્યા બાદ તેમણે હિંદી ભાષામાં રચેલી કવિતા મેરા જન્મ સોમદેવને વંચાવી. આ કાવ્ય સમગ્ર ભારત પરથી બ્રિટીશ નિયંત્રણ હટાવવાની પ્રતિબદ્ધતા દર્શાવતું હતું.

યુવાવસ્થાથી જ તેઓ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાયેલાં હતા. બિસ્મિલે અન્ય ક્રાંતિકારીઓ સાથે મળીને ક્રાંતિકારી સંગઠન હિંદુસ્તાન રિપબ્લીક એસોસિયેશનની સ્થાપના કરી જે પાછળથી હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રિપબ્લીક એસોસિયેશન નામથી જાણીતું થયું. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ સશસ્ત્ર ક્રાંતિ દ્વારા ભારતને સ્વરાજ અપાવવાનો હતો. હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય તરીકે સંગઠન માટે ફાળો એકત્ર કરવાનું કામ કરવા લાગ્યા. ફાળો મુખ્યત્વે સરકારી ખજાનાની લૂંટ કરીને મેળવવામાં આવતો. તેઓ ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં સામેલ હતા. આ ઉપરાંત બીચપુરી અને મેનપુરી ષડયંત્રમાં પણ સામેલ હતા.



પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ




# સુખદેવ

(૧૫ મે ૧૯૦૭ – ૨૩ માર્ચ ૧૯૩૧)

**સુખદેવ થાપર (૧૫ મે ૧૯૦૭ – ૨૩ માર્ચ ૧૯૩૧) ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ હિંદુસ્તાન સોશિયાલિસ્ટ રીપબ્લિકન એશોશિએટ્સના અગ્રણી સભ્ય હતા.**

**લાલા લજપતરાય પર અંગ્રેજી સિપાહીઓએ લાઠીઓ વરસાવી અને તે ઇજાઓથી તેમનું મૃત્યુ થયું તેમનો બદલો લેવા માટે સુખદેવે ભગતસિંહ અને રાજગુરુ સાથે મળી લાહોરમાં અંગ્રેજ અમલદાર જે.પી.સૌંડર્સ (J.P. Saunders)ની ગોળી મારીને હત્યા કરી, આ ઔતિહાસિક કેસમાં તેમને અંગ્રેજો દ્વારા ફાંસીની સજા કરાઇ અને માર્ચ ૨૩, ૧૯૩૧ નાં રોજ તે ત્રણે વીર ક્રાંતિકારીઓને ફાંસી અપાઇ.**



# ડો. રાજેન્દ્ર પ્રસાદ

(૩ ડિસેમ્બર ૧૮૮૪- ૨૮ ફેબ્રુઆરી ૧૯૬૩)

ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેઓ સ્વાતંત્ર સેનાની હતા અને કોંગ્રેસ પક્ષનાં નેતા હતા. તેઓએ ભારતનાં સ્વાતંત્ર્ય સંગ્રામ માં આગળ પડતો ભાગ લીધેલ. તેમણે બંધારણ સભાના પ્રમુખ તરીકે ભારતનાં બંધારણનો મુસદ્દો તૈયાર કરેલ. તેઓએ સ્વતંત્ર ભારતની પ્રથમ સરકારમાં કેબિનેટ પ્રધાન તરીકે સેવા આપેલી.

વકીલાત શરૂ કર્યાનાં થોડાજ વખતમાં રાજેન્દ્ર પ્રસાદ આઝાદીની ચળવળમાં જોડાયા. મહાત્મા ગાંધીનાં આદેશથી તેઓએ ચંપારણ સત્યાગ્રહ માં સ્વયંસેવક તરીકે જોડાયા. મહાત્મા ગાંધી પ્રત્યે પૂરી વફાદારી, સમર્પણ અને ઉત્સાહ ધરાવી તેઓએ ૧૯૨૧ માં યુનિવર્સિટીનાં સભ્ય પદેથી રાજીનામું આપ્યુ. તેઓએ મહાત્માજીનાં પશ્ચિમી શિક્ષણનાં બહિષ્કારની ચળવળનાં પ્રતિભાવમાં પોતાનાં પુત્ર મૃત્યુંજય પ્રસાદ, ખુબજ હોશિયાર વિધાર્થીને યુનિવર્સિટીમાંથી ઉઠાડી અને "બિહાર વિધાપીઠ" માં દાખલ કરાવ્યા,જ્યાં ભારતીય સંસ્કૃતિ મુજબનું શિક્ષણ પ્રદાન થતું હતું. તેઓએ "સર્ચલાઇટ" અને "દેશ" નામક પત્રોમાં લેખો પણ લખ્યા અને આ પત્રોને માટે ફાળો પણ કર્યો. તેઓ રજુઆતો,ચર્ચા અને પ્રવચનો માટે ખુબ પ્રવાસો કરતા. ૧૯૧૪માં બિહાર અને બંગાળમાં થયેલ પૂર હોનારતનાં અસરગ્રસ્તોને મદદ, રાહતકાર્યોમાં તેઓએ ખુબજ સક્રિય ભાગ ભજવેલ. ૧૫ જાન્યુઆરી ૧૯૩૪ નાં રોજ બિહારમાં આવેલ ધરતીકંપ વખતે તેઓ જેલમાં હતા. આ સમય દરમિયાન રાજેન્દ્ર પ્રસાદે પોતાનાં ખાસ સાથીદાર અને વડીલ એવા "ડૉ.અનુરાગ નારાયણ સિંહા" ને તમામ જવાબદારીઓ સોંપી. જોકે બે દીવસ બાદ તેઓ જેલમુક્ત થયા. તેઓએ ફંડફાળો કરવાની જવાબદારી સ્વિકારી. આ સમયે ભારતનાં વાઇસરોયે પણ ફંડ શરૂ કરેલ, તેમનાં કરતાં લગભગ ત્રણ ગણું રૂા.૩૮,૦૦,૦૦૦ નું ફંડ રાજેન્દ્ર પ્રસાદે એકઠું કર્યુ. ૧૯૩૫ નાં "ક્વેટા ભૂકંપ" વખતે, તેઓને દેશ છોડવાની મનાઇ હતી, તેમણે સિંધ અને પંજાબમાં રાહત સમિતીઓનું ગઠન કર્યુ.

ઓક્ટોબર ૧૯૩૪માં, મુંબઇ અધિવેશનમાં, તેઓ કોંગ્રેસનાં પ્રમુખ તરીકે ચુંટાયા. ત્યારબાદ ૧૯૩૯માં, સુભાષચંદ્ર બોઝનાં રાજીનામાં પછી, ફરીથી પ્રમુખપદે ચુંટાયા.

ભારત સ્વતંત્ર થયા પછી તેઓએ ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ તરીકેનો કાર્યભાર સંભાળ્યો. બાર વર્ષ પછી ૧૯૬૨ માં તેઓએ પોતાનાં હોદ્દા પરથી નિવૃતિની ઘોષણા કરી. તેઓને ભારતનાં સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્નથી વિભુષિત કરવામાં આવેલ.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ચક્રવર્તી રાજગોપાલાચારી


(૧૦ ડિસેમ્બર ૧૮૭૮ – ૨૫ ડિસેમ્બર ૧૯૭૨)

ચક્રવર્તી રાજગોપાલાચારી (૧૦ ડિસેમ્બર ૧૮૭૮ – ૨૫ ડિસેમ્બર ૧૯૭૨), જેઓ 'રાજાજી' નામે પણ જાણીતા હતા, તેઓ ભારતના સ્વતંત્રતા સેનાની, રાજપુરૂષ, લેખક અને વકીલ હતા. તેઓ ભારતના છેલ્લા ગવર્નર જનરલ હતા. તેઓએ કોંગ્રેસનાં નેતા, મદ્રાસ પ્રેસિડેન્સીના વડા, મદ્રાસના મુખ્યમંત્રી, ભારતના ગૃહમંત્રી અને પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે પણ સેવાઓ આપી હતી. તેઓએ 'સ્વતંત્ર પાર્ટી' નામે પક્ષ પણ રચ્યો હતો અને ભારત રત્ન સન્માન પ્રાપ્ત કરનાર પ્રથમ લોકોમાંના એક હતા.

રાજગોપાલાચારીનો જન્મ ત્યારની મદ્રાસ પ્રેસિડેન્સીના સાલેમ જિલ્લાના (જે હવે તામિલ નાડુ રાજ્યનો કૃષ્ણાગિરિ જિલ્લો છે) થોરાપલ્લી ગામે થયો હતો. તેઓએ સેન્ટ્રલ કોલેજ બેંગાલુરૂ અને પ્રેસિડેન્સ કોલેજ મદ્રાસમાં અભ્યાસ કર્યો. સને:૧૯૦૦માં તેમણે વકિલાત શરૂ કરી. રાજકારણમાં પ્રવેશતાં, પ્રથમ સાલેમ નગરપાલિકાનાં સભ્ય અને પછી પ્રમુખ બન્યા. તેઓ કોંગ્રેસમાં જોડાયા અને 'રોલેટ એક્ટ', 'અસહકારની ચળવળ', 'વાઈકોમ સત્યાગ્રહ' અને 'સવિનય કાનૂનભંગની ચળવળ'માં ભાગ લીધો.

તેઓએ ૨૧ જૂન ૧૯૪૮થી ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ સુધી ભારતનાં ગવર્નર જનરલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૫૫નાં ગણતંત્ર દિન પર તેમને ભારતનાં ઉચ્ચત્તમ નાગરીક સન્માન ભારત રત્નથી સન્માનવામાં આવ્યા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# લાલ બહાદુર શાસ્ત્રી

( ૨ ઓક્ટોબર, ૧૯૦૪ - ૧૧ જાન્યુઆરી, ૧૯૬૬)

લાલ બહાદુર શાસ્ત્રી ( ૨ ઓક્ટોબર, ૧૯૦૪ -૧૧ જાન્યુઆરી, ૧૯૬૬), ભારત દેશના ત્રીજી લોકસભાના અને બીજા સ્થાયી વડા પ્રધાન હતા. તેઓ ૧૯૬૩-૧૯૬૫ના વચ્ચેના સમયમાં ભારત દેશના પ્રધાન મંત્રી હતા.


લાલ બહાદુર શાસ્ત્રીનો જન્મ ૧૯૦૪માં થયા બાદ મુગલસરાય, ઉત્તર પ્રદેશ ખાતે લાલ બહાદુર શ્રીવાસ્તવ નામથી ઉછેર થયો હતો. એમના પિતા શારદા પ્રસાદ એક ગરીબ શિક્ષક હતા, જેઓ ત્યારબાદ રાજસ્વ કાર્યાલય ખાતે લિપિક (ક્લાર્ક) બન્યા હતા.

ભારત દેશને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પશ્ચાત શાસ્ત્રીને ઉત્તર પ્રદેશ રાજ્યના સંસદીય સચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેઓ ગોવિંદ વલ્લભ પંતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન પ્રહરી તેમજ યાતાયાત મંત્રી બન્યા હતા. યાતાયાત મંત્રી તરીકેના સમય દરમિયાન એમણે પ્રથમ વાર મહિલાને બસ-સંવાહક (બસ-કંડક્ટર) તરીકેના પદ પર નિયુક્ત કરી નવો ચીલો ચાતર્યો હતો. પ્રહરી વિભાગના મંત્રી થયા બાદ એમણે ભીડને નિયંત્રણમાં રાખવા માટે લાઠી પ્રહારને બદલે પાણી છાંટવાનો પ્રયોગ કરી તેનો પ્રારંભ કરાવ્યો હતો. ૧૯૫૧ના વર્ષમાં, જવાહર લાલ નેહરુના નેતૃત્વમાં તેઓને અખિલ ભારત કોંગ્રેસ કમિટીના મહાસચિવ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. એમણે ૧૯૫૨, ૧૯૫૭ તેમજ ૧૯૬૨ની ચુંટણીઓમાં કોંગ્રેસ પક્ષને ભારે બહુમતી સાથે જિતાડવા માટે ખુબ પરિશ્રમ કર્યો હતો.

ભારત દેશના વડા પ્રધાનમંત્રી જવાહરલાલ નેહરુનું એમના પ્રધાનમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન સત્તાવીસમી મે, ૧૯૬૪ના રોજ દેહાવસાન થયા બાદ, શાસ્ત્રીએ નવમી જૂન ૧૯૬૪ના રોજ વડા પ્રધાન મંત્રી તરીકે પદ ભાર ગ્રહણ કર્યો હતો.

એમનું શિક્ષણ હરિશચંદ્ર ઉચ્ચ વિદ્યાલય અને કાશી વિદ્યાપીઠ ખાતે થયું હતું. અહિંયાથી જ એમને "શાસ્ત્રી" તરીકેની ઉપાધિ પ્રાપ્ત થઇ જે એમના નામ સાથે જીવનપર્યંત જોડાયેલી રહી. એમનું શિક્ષણ હરિશચંદ્ર ઉચ્ચ વિદ્યાલય અને કાશી વિદ્યાપીઠ ખાતે થયું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# શ્યામજી કૃષ્ણ વર્મા

## (૪ ઓક્ટોબર ૧૮૫૭ - ૩૦ માર્ચ ૧૯૩૦)

શ્યામજી કૃષ્ણ વર્મા (૪ ઓક્ટોબર ૧૮૫૭ - ૩૦ માર્ચ ૧૯૩૦) ભારતના સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી, વકીલ અને રાષ્ટ્રવાદી પત્રકાર હતા. તેમણે લંડનમાં ઈન્ડિયન સોશિયોલૉજીસ્ટ (માસિક) ઈન્ડિયન હોમરુલ સોસાયટી અને ઈન્ડિયા હાઉસની સ્થાપના કરી હતી અને વિદેશમાં રહીને ભારતીય સ્વતંત્રતાની ચળવળમાં સક્રિય ફાળો આપ્યો હતો

૧૮૮૫માં ભારત પરત ફરીને તેમણે મુંબઈ હાઈકોર્ટના વકીલ તરીકે નોંધણી કરાવી. ત્યારબાદ તેમણે રતલામ રાજ્યના દિવાનનો હોદ્દો સંભાળ્યો પરંતુ તબિયતના કારણોસર આ હોદ્દો છોડવો પડયો. મુંબઈ ખાતેના ટૂંકા વસવાટ બાદ તેઓ અજમેર સ્થાયી થયા જ્યાં ૧૮૮૮માં ફરીવાર તેમણે વકીલાત શરુ કરી. ૧૮૯૩થી ૧૮૯૫ સુધી ઉદયપુર રાજ્ય અને ત્યારબાદ જૂનાગઢ રાજ્યના દિવાનનો હોદ્દો પણ સંભાળ્યો. પરંતુ જૂનાગઢના દિવાનપદ દરમિયાન અંગ્રેજ અધિકારીઓ સાથેની ખટપટ અને કડવા અનુભવબાદ ૧૮૯૭માં તેઓ હંમેશ માટે ભારત છોડી ઈંગ્લેન્ડ સ્થાયી થયાં.

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આઝાદીના ૫૫ વર્ષો બાદ ૨૨ ઑગસ્ટ-૨૦૦૩ના રોજ સ્વયં સ્વિત્ઝર્લૅન્ડથી તેમના અને તેમની પત્નીના અસ્થિ દેશમાં લાવી તેમના અંતિમ સ્વપ્નને સાકાર કર્યું. ૪ ઑક્ટોબર ૨૦૦૯ના રોજ તત્કાલીન મુખ્યમંત્રીશ્રીએ 'ક્રાંતિતીર્થ'નો પાયોનો પથ્થર મૂક્યો અને ૧૩ ડિસેમ્બર ૨૦૧૦ના રોજ ભૂમિપૂજન કરી ૫૨ એકરમાં ફેલાયેલા વિશાળ સ્મારકને દેશને સમર્પિત કર્યું. જેમાં હાઈગેટ લંડન ખાતેના ઈન્ડિયા હાઉસની પ્રતિકૃતિ અને શ્યામજી કૃષ્ણ વર્મા તથા તેમના પત્ની ભાનુમતીની પ્રતિમાઓ મૂકવામાં આવેલી છે.

ભારતીય ટપાલ વિભાગ દ્વારા તેમના સન્માનમાં ૪ ઓક્ટોબર ૧૯૮૯ ના રોજ સ્વાતંત્ર્ય સેનાની શ્રેણી અંતર્ગત ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# લોકમાન્ય ટિળક

(જુલાઇ ૨૩ ૧૮૫૬ - ઓગસ્ટ ૧ ૧૯૨૦)

લોકમાન્ય ટિળક (જુલાઇ ૨૩ ૧૮૫૬ - ઓગસ્ટ ૧ ૧૯૨૦) તરીકે જાણીતા 'બાળ ગંગાધર ટિળક' ભારતીય દેશભક્ત, સ્વતંત્રતા સેનાની, શિક્ષક અને સમાજ સુધારક હતા. ભારતની આઝાદીની લડતનાં તેઓ પ્રથમ લોકપ્રિય આગેવાન હતા.

અંગ્રેજ વસાહતી હોદ્દેદારો તેમનું અપમાન કરવા અને તેમને નીચા પાડવા "ભારતીય અશાંતિના જનક" એવા નામે બોલાવતાં, જ્યારે ભારતીય લોકોએ તેમને સન્માનથી "લોકમાન્ય"નું વિશેષણ આપ્યું હતું. ટિળક "સ્વરાજ્ય"ની માંગણી કરનાર પ્રથમ પેઢીના નેતા હતા. "સ્વરાજ્ય એ મારો જન્મ સિદ્ધ અધિકાર છે, અને તે હું મેળવીને જ જંપીશ" એ વાક્ય આજે પણ ભારતીય લોકોને સારી રીતે યાદ છે.

ળકે તેમના મિત્રો ગોપાલ ગણેશ આગરકર અને વિષ્ણુશાસ્ત્રી ચિપલુણકર સાથે મળી ઈ.સ. ૧૮૮૧માં બે વર્તમાનપત્રો ચાલુ કર્યા:

1. "કેસરી" (સંસ્કૃત અર્થ સિંહ) મરાઠીમાં
2. "ધ મરાઠા" અંગ્રેજીમાં

માત્ર બે વર્ષમાં કેસરીનો વાચક વર્ગ ભારતના કોઈ પણ વર્તમાનપત્ર કરતાં વધુ થઈ ગયો. આ છાપાનો તંત્રીલેખ મોટે ભાગે બ્રિટિશ રાજમાં લોકોને ભોગવવી પડતી હાલાકી પર હતો. આ છાપાએ લોકોને પોતાના હક્ક માટે લડી લેવાની વાત કહી.

ટિળક તેમના સહકર્મચારીને હમેંશા કહેતાં - તમે વિદ્યાપીઠના વિદ્યાર્થી માટે નથી લખતાં. કલપના કરો કે તમે એક ગામડાંના માણસ સાથે વાત કરો છો અને લખો. તમારા તથ્યો એકદમ પાકા રાખો. તમારા શબ્દો દિવસના પ્રકાશ સમાન સ્પષ્ટ રાખો.

ટિળકે સરકારની વિચાર સ્વાતંત્ર્યય પરની જોહુકમીનો પ્રખર વિરોધ કર્યો ખાસ કરીને બંગાળના ભાગલા, ભારતીય સંસ્કૃતિ, લોકજીવન, વગેરેની અવહેલના સંદર્ભે તેઓ સરકારની સખત ઝાટકણી કાઢતાં. તેમણે બ્રિટીશરો ભારતને સ્વરાજ્ય તાત્કાલ આપે તેવી માંગણી કરી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# દાદાભાઈ નવરોજી

**(૪ સપ્ટેમ્બર ૧૮૨૫ - ૩૦ જૂન ૧૯૧૭)**

બી.એસસી. નો અભ્યાસ પૂર્ણ કરી ૨૭ વર્ષની ઉંમરે તેઓ મુંબઈની એલફિસ્ટન ઈન્સ્ટિટયુટમાં હેડમાસ્તર બન્યા હતા. પ્રોફેસર તરીકે નિમણૂંક પામનારા સૌ પ્રથમ હિંદી હતા. ધંધામાં પોતાની કારકીર્દી શરૂ કરવા માટે ૩૦ વર્ષની ઉંમરે તેઓએ ઈંગ્લેન્ડ ભણી પ્રયાણ કર્યું હતું. ૧૮૫૫માં નવરોજી લંડનમાં ઈમ્પોર્ટન્ટ પારસી કોમર્શીયલ પેઢીમાં ભાગીદાર બન્યા હતા ત્યાર બાદ તેમણે ત્યાં પોતાનુ કોમર્શયીલ હાઉસ ઉભુ કર્યું હતું. ૩૧ ઓક્ટોબર ૧૮૬૧માં ધ લંડન અંજુમન નામનું સંગઠન સ્થપાયુ હતુ અને ડો. દાદાભાઈ નવરોજી તેના સ્થાપક અને પ્રથમ પ્રમુખ હતા.

અંગ્રેજી કેળવણી પામેલા પારસી યુવાનોએ ધર્મ અને સુધારણા માટે ઈ.સ. ૧૮૫૧માં 'રહ્નુમા-ઇ-મઝદયરન સભા' ની સ્થાપના કરી. દાદાભાઈ નવરોજી આ સંસ્થાના અગ્રણી નેતા હતા. આ સંસ્થાએ 'રાશ્ત ગોફતાર'નામનુ મુખપત્ર શરૂ કરી પારસી સુધારણા આંદોલનને વેગવંતુ બનાવ્યું

૧૮૫૯માં તેમને ઈન્ડિયન સિવિલ સર્વિસમાં ભરતી પ્રક્રિયામાં થતા અન્યાય સામે એક આંદોલન શરૂ કર્યું હતું.ભારતીય પબ્લિકમાં બુધ્ધિજીવીઓની ઉન્નતિ માટે પધ્ધતિસર કામ કરનારા પ્રથમ વ્યક્તિ હતા.

૧૮૬૨માં તેમણે ઈંગ્લિશ પ્રજાને ભારતીય બાબતોથી માહિતગાર બનાવવા માટે ઈસ્ટ ઈન્ડિયન એસોશિયેશન નામનુ વગદાર સંગઠનની સ્થાપના કરી હતી. આ સંગઠનનો મુખ્ય ઉદ્દેશ બ્રિટનને ભારતની દુર્દશા અને જરૂરિયાતો વિશે સારી રીતે માહિતગાર કરવાનો હતો.

૧૮૭૪માં તેઓ ભારત પાછા ફર્યા હતા. બરોડા રાજ્યના દિવાન તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. પરંતુ તેઓ બ્રિટિશ પાર્લામેન્ટમાં પ્રવેશ મેળવવાના હેતુથી ૧૮૮૬માં ફરીથી ઈંગ્લેડ પાછા ફર્યા હતા. ૫ જુલાઈ ૧૮૯૨ ના રોજ તેઓ પાર્લામેન્ટમાં ચૂંટાયા હતા અને આ રીતે બ્રિટિશ પાર્લામેન્ટમાં સ્થાન મેળવનારા પ્રથમ ભારતીય બન્યા હતા. તેઓ ઈન્ડિયન નેશનાલિઝમના પિતા તરીકે જાણીતા બન્યા હતા.

દાદાભાઈની ગણના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપક તરીકે થાય છે. તેઓ ત્રણ વખત કોંગ્રેસના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. કોંગ્રેસના શરૂઆતના વર્ષોમાં સ્વતંત્રતાની લડાઈ દરમિયાન તેમણે ઉદારમતવાદી રસ્તો અપનાવ્યો હતો. તેઓને બ્રિટિશરોમાં વિશ્વાસ હતો પરંતુ બ્રિટિશ રાજકીય વ્યવસ્થાથી તેમની ભ્રમણામાં વધારો થતા તેઓ નિરાશ બન્યા હતા. ૧૯૦૪માં તેમણે સ્વરાજની માંગણી કરી હતી. ગોપાલ કૃષ્ણ ગોખલે અને મોહનદાસ કરમચંદ ગાંધી સહિત યુવા રાષ્ટ્રીય નેતાઓની પેઢી તેમનો એક સલાહકાર તરીકે આદર કરતા હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# રાણી લક્ષ્મીબાઈ

## (૧૯ નવેમ્બર ૧૮૨૮ - ૧૮ જૂન ૧૮૫૮)

તેમનો જન્મ કાશી (વારાણસી)માં તથા મૃત્યુ ગ્વાલિયરમાં થયું હતું. તેમનું નાનપણનું નામ મનિકર્ણિકા હતું પણ લાડમાં તેમને મનુ કહેતા. તેમના પિતા નું નામ મોરોપંત તાંબે હતું અને તેઓ એક મહારાષ્ટ્રીયન બ્રાહ્મણ હતા. તેમની માતા ભાગીરથીબાઈ એક સુસંસ્કૃત, બુદ્ધિમાન અને ધાર્મિક મહિલા હતી. મનુ જ્યારે ચાર વર્ષ ની હતી ત્યારે તેમની માતાનું મૃત્યુ થયું. તેમનું પાલન પિતાએ કર્યું હતું. મનુ ને નાનપણમાં શાસ્ત્રોની શિક્ષા ની સાથે શસ્ત્રોની શિક્ષા પણ મળી. તેમનો વિવાહ સન ૧૮૪૨માં ઝાંસી ના રાજા ગંગાધર રાવ નિવાલકર ની સાથે થયો, અને તે રીતે તેઓ ઝાંસીની રાણી બન્યાં. વિવાહ પછી તેમનું નામ લક્ષ્મીબાઈ રાખવામાં આવ્યું. સન ૧૮૫૧ માં રાણી લક્ષ્મીબાઈએ એક પુત્ર ને જન્મ આપ્યો પણ ચાર મહીનાની ઉંમરમાં જ તેનું મૃત્યુ થયું. સન ૧૮૫૩માં રાજા ગંગાધર રાવનું સ્વાસ્થ્ય ખૂબ બગડ્યુ એટલે તેમને દત્તક પુત્ર લેવાની સલાહ આપવામાં આવી. પુત્ર દત્તક લીધા પછી રાજા ગંગાધર રાવનું મૃત્યુ ૨૧ નવેમ્બર ૧૮૫૩ માં થયું. દત્તક પુત્રનું નામ દામોદર રાવ રાખવામાં આવ્યું.

લોર્ડ ડેલહાઉસી ની રાજ્ય હડપવાની નીતિ - ખાલસા નીતિ- અનુસાર, અંગ્રેજોએ દામોદર રાવ - જે એ સમયે બાલક હતા - ને ઝાંસી રાજ્ય નો ઉત્તરાધિકારી માન્ય ન કર્યો, તથા ઝાંસી રાજ્યને અંગ્રેજ રાજ્યમાં મેળવી દેવાનો નિશ્ચય કરી લીધો. ત્યારે રાણી લક્ષ્મીબાઈએ અંગ્રેજ વકીલ જોહ્ન લૈંગ ની સલાહ લીધી અને લંડનની અદાલતમાં મુકદમો દાખલ કર્યો. મુકદમામાં ખૂબજ દલીલો થઇ પરંતુ આખરે તેને બિનલાયક ગણવામાં આવ્યો. અંગ્રેજી અધિકારીઓ એ રાજ્યનો ખજાનો જપ્ત કરી લીધો અને તેમના પતિ ના ઋણને રાણીના સાલિયાણામાંથી કાપી લેવામાં આવ્યુ. આ સાથે જ રાણીએ ઝાંસીના કિલ્લાને છોડી ને ઝાંસીના રાણી મહેલમાં રહેવા જવું પડ્યુ. પણ રાણી લક્ષ્મીબાઈએ કોઇ પણ કિંમત પર ઝાંસી રાજ્યની રક્ષા કરવાનો નિશ્ચય કરી લિધો હતો.

ઝાંસી ૧૮૫૭ના વિપ્લવનું એક પ્રમુખ કેન્દ્ર બની ગયું હતુ, જ્યાં હિંસા ફાટી નીકળી હતી. રાણી લક્ષ્મીબાઈએ ઝાંસી ની સુરક્ષાને સુદૃઢ કરવાનું શરૂ કરી દીધુ અને એક સ્વયંસેવક સેનાને સંગઠન કરવાનું પ્રારંભ કર્યુ. આ સેનામાં મહિલાઓની ભરતી પણ કરવામાં આવી અને તેમને યુદ્ધ પ્રશિક્ષણ પણ આપવામાં આવ્યુ. સાધારણ જનતાએ પણ આ વિદ્રોહમાં સહકાર આપ્યો.

૧૮૫૭ના સપ્ટેમ્બર તથા ઓક્ટોબર મહિનામાં પડોસી રાજ્યો ઓરછા તથા દતિયાના રાજાઓએ ઝાંસી ઉપર આક્રમણ કર્યુ. રાણીએ સફળતા પૂર્વક તેમને હરાવ્યા. ૧૮૫૮ના જાન્યુઆરી મહિનામાં અંગ્રેજ સેનાએ ઝાંસી તરફ આગળ વધવાનું ચાલું કર્યુ અને માર્ચ મહીનામાં શહેરને ઘેરી લીધુ. બે અઠવાડીયાની લડાઈ પછી અંગ્રેજ સેનાએ શહેર ઉપર કબ્જો કરી લીધો. પરંતુ રાણી, દામોદર રાવની સાથે અંગ્રેજોથી બચીને ભાગી જવામાં સફળ થઇ. રાણી ઝાંસીથી ભાગીને કાલપી પહોંચી અને ત્યાં તાત્યા ટોપેને મળી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# લાલા લાજપત રાય

( ૨૮ જાન્યુઆરી ૧૮૬૫ – ૧૭ નવેમ્બર ૧૯૨૮)

લાલા લાજપત રાય ( ૨૮ જાન્યુઆરી ૧૮૬૫ – ૧૭ નવેમ્બર ૧૯૨૮) એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. તેમણે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. તેઓ પંજાબ કેસરી તરીકે પણ જાણીતા છે. તેમણે પંજાબ નેશનલ બેંક અને લક્ષ્મી વીમા કંપનીની સ્થાપના કરી હતી. ઈ. સ. ૧૯૨૮માં સાયમન કમિશન વિરુદ્ધ એક પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ આંદોલન દરમિયાન કરવામાં આવેલા લાઠી-ચાર્જમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને અંતે એમનું અવસાન થયું હતું.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં સામેલ થવા બદલ તથા પંજાબના રાજનૈતિક આંદોલનમાં ભાગ લેવા બદલ લાલા લાજપતરાયને ૧૯૦૭માં કોઇ પણ પ્રકારનો અદાલતી ખટલો ચલાવ્યા વિના જ બર્મા (હાલ મ્યાનમાર) ખાતે દેશનિકાલ કરવામાં આવ્યા. પરંતુ સરકાર ઉથલાવી દેવાના પ્રયાસોમાં તેમના વિરુદ્ધ પૂરતા પુરાવાઓના અભાવે નવેમ્બર ૧૯૦૭માં વાઇસરોય લોર્ડ મિન્ટોએ તેમને ભારત પાછા ફરવાની અનુમતિ આપી. લાજપતરાયના સમર્થકોએ ૧૯૦૭ના સુરત અધિવેશનમાં કોંગ્રેસ અધ્યક્ષ તરીકે તેમના નામનો ચૂંટણી પ્રચાર કર્યો હતો પરંતુ તેઓ સફળ થયા ન હતા. તેઓ ૧૯૨૦ના કલકત્તા અધિવેશનમાં (વિશેષ સત્ર) ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે પસંદ કરાયા. ૧૯૨૧માં લાહોર ખાતે સર્વન્ટ ઓફ ધ પીપલ સોસાયટી નામના સંગઠનની સ્થાપના કરી. વિભાજન બાદ સંગઠનને દિલ્હી ખાતે સ્થળાંતરીત કરાયું અને દેશભરમાં તેની શાખાઓ ખોલવામાં આવી.

૧૯૨૮માં બ્રિટીશ સરકારે ભારતની રાજનૈતિક પરિસ્થિતિનો ચિતાર મેળવવા માટે જ્હોન સાઇમનના વડપણ હેઠળ એક તપાસ પંચની રચના કરી. પંચના સભ્યોમાં એક પણ ભારતીય ન હોવાના કારણે ભારતીય રાજનૈતિક દળોએ સાયમન કમિશનનો બહિષ્કાર કર્યો. કમિશનના વિરોધમાં દેશવ્યાપી આંદોલનો થયા. ૩૦ ઓક્ટોબર ૧૯૨૮ના રોજ આયોગની લાહોર મુલાકાતના વિરોધમાં લાલા લાજપતરાયે એક અહિંસક પ્રદર્શનનું નેતૃત્વ કર્યું. પ્રદર્શનમાં સાઇમન ગો બેકના નારા સાથે કાળા વાવટા ફરકાવવામાં આવ્યા. પોલીસ અધિક્ષક જેમ્સ એ. સ્કોટે પોલીસને લાઠીચાર્જનો આદેશ આપ્યો જેમાં પ્રદર્શનકારીઓ અને ખાસ કરીને લાજપતરાય પર પ્રહાર કર્યો. લાઠીચાર્જથી ઝખ્મી થયેલા લાજપતરાયે ભીડને સંબોધિત કરતાં જણાવ્યું કે, "હું ઘોષણા કરું છું કે આજે મારા પર થયેલો પ્રહાર બ્રિટીશ રાજના કોફીન પરનો અંતિમ ખીલો બની રહેશે.

લાઠીચાર્જથી ગંભીર રીતે ઘવાયેલા લાજપતરાયનું ૧૭ નવેમ્બર ૧૯૨૮ના રોજ અવસાન થયું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# કનૈયાલાલ માણેકલાલ મુનશી

(૩૦ ડિસેમ્બર ૧૮૮૭ - ૮ ફેબ્રુઆરી ૧૯૭૧)

કનૈયાલાલ માણેકલાલ મુનશી (૩૦ ડિસેમ્બર ૧૮૮૭ - ૮ ફેબ્રુઆરી ૧૯૭૧) (ઉપનામ: ઘનશ્યામ વ્યાસ) જેઓ ક. મા. મુનશી તરીકે પણ જાણીતા હતા, ભારતીય સ્વતંત્રતાસેનાની, રાજકારણી, ગુજરાતી ભાષાના જાણીતા લેખક અને શિક્ષણશાસ્ત્રી હતા. તેઓ વ્યવસાયે વકીલ હતા, અને પછીથી લેખન અને રાજકારણ તરફ વળ્યા હતા. ગુજરાતી સાહિત્યમાં તેઓ અત્યંત જાણીતા હતા. તેમણે ૧૯૩૮માં શિક્ષણ સંસ્થા ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી હતી.

૧૯૧૫-૨૦ દરમિયાન તેઓ હોમરુલ લીગના મંત્રી રહ્યા હતા. તેમની સુદિર્ઘ રાજકીય કારકિર્દી દરમ્યાન તેઓ ૧૯૨૫માં મુંબઈ ધારાસભામાં ચૂંટાયા. ૧૯૩૦માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં જોડાયા અને ત્યાર પછી ૧૯૩૦-૩૨ દરમિયાન સ્વતંત્રતાની ચળવળમાં જેલવાસ ભોગવ્યો. ૧૯૩૭-૩૯ દરમિયાન મુંબઈ રાજ્યના ગૃહપ્રધાન રહ્યા. ૧૯૪૮માં તેમણે સોમનાથ મંદિરના જીર્ણોદ્ધાર અને પછી હૈદરાબાદના ભારતમાં વિલિનીકરણમાં અગત્યની ભૂમિકા ભજવી હતી. ૧૯૪૮માં તેઓ રાષ્ટ્રની બંધારણ સભાના સભ્ય બન્યા અને એ પછી કેન્દ્રીય પ્રધાનમંડળમાં ખેતીવાડી ખાતાના પ્રધાન રહ્યા. ૧૯૫૨ની ચૂંટણી પછી ૧૯૫૨ થી ૧૯૫૭ દરમિયાન ઉત્તર પ્રદેશના રાજ્યપાલના હોદ્દા પર રહ્યા હતા. ૧૯૫૮-૫૯ દરમિયાન કોંગ્રેસ પક્ષ સાથે મતભેદો થતા પક્ષમાંથી રાજીનામું આપ્યું અને ૧૯૫૯માં તેઓ રાજાજી સાથે સ્વતંત્ર પક્ષમાં જોડાયા. ૧૯૬૦માં સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધી.

સાહિત્યની સેવાના પ્રારંભ રૂપે તેમણે ૧૯૧૨માં ભાર્ગવ અને ૧૯૨૨માં ગુજરાત માસિકનો પ્રારંભ કર્યો. ૧૯૨૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના બંધારણમાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમણે ૧૯૩૮માં ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી અને ૧૯૩૭, ૧૯૪૯, ૧૯૫૫માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે રહ્યા. ૧૯૫૯માં તેમણે સમર્પણ માસિકનો પ્રારંભ કર્યો.

કનૈયાલાલ મુનશીની પહેલી નવલકથા પાટણની પ્રભુતા જે તેમણે ઘનશ્યામના નામે લખી હતી. જ્યારે પાટણની પ્રભુતાને આવકાર મળ્યો ત્યાર પછી તેમણે પોતાના સાચા નામે ગુજરાતી સાહિત્યમાં લખવાનુ શરૂ કર્યું. જય સોમનાથ એ રાજાધિરાજ કૃતિ છે, પણ હંમેશા પહેલી ગણાય છે. જીવનના અંતિમ વર્ષોમાં તેઓ કૃષ્ણભક્તિ તરફ વળ્યા હતા અને એટલે તેમની છેલ્લી રચના કૃષ્ણાવતાર છે, જે અધુરી છે.

તેમણે લખેલા સાહિત્યમાં કેટલીક ઉલ્લેખનીય રચનાઓ નીચે મુજબ છે:

૮ ફેબ્રુઆરી ૧૯૭૧ના દીવસે ૮૩ વર્ષની જૈફ વયે મુંબઈમાં તેમનું અવસાન થયું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મંગળ પાંડે
## (૧૯ જુલાઈ ૧૮૨૭ - ૮ એપ્રિલ ૧૮૫૭)

મંગલ પાંડે એ એક ભારતીય સૈનિક હતા. ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના સમયની ઘટનામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. તેઓ બ્રિટિશ ઈસ્ટ ઈંડિયા કંપનીની ૩૪મી બેંગાલ નેટીવ ઈનફેન્ટ્રી **(BNI)**માં સિપાહી હતા. તે સમયનો બ્રિટિશ ઈતિહાસ તેમને રાજદ્રોહી કે બળવાખોર ગણે છે પણ આધુનિક કાળના ભારતીયો તેમને એક નાયક ગણે છે. ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. ઘણાં સિનેમા આદિમાં તેમના જીવન અને કાર્યોને દર્શાવાયા છે.

મંગલ પાંડેનો જન્મ સુપરત કરાયેલા અને જીતેલા પ્રાંત (સીડેડ એન્ડ કોન્કર્ડ પ્રોવીન્સ - હાલનું ઉત્તર પ્રદેશ)ના બલિયા જિલ્લામાં નાગવા ગામમાં એક બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેઓ ૧૮૪૯માં બંગાળ સેનામાં જોડાયા. માર્ચ ૧૮૫૭માં ૩૪મી બેંગાલ નેટીવ ઈનફેન્ટ્રી **(BNI)**ની પાંચમી કંપનીમાં તેઓ નિજી સૈનિક (પ્રાયવેટ સોલ્જર) હતા.

૨૯ માર્ચ ૧૮૫૭ના દિવસે લિયુટેનન્ટ બોગને સમાચાર મળ્યા કે તે સમયે બરાકપુરમાં શેલી ૩૪મી બેંગાલ નેટીવ ઈનફેન્ટ્રીના અમુક લોકો ભડકી ઉઠ્યા હતા. તેમને એવા પણ સમાચાર મળ્યા અકે પરેડ મેદાનની બાજુમાં મંગલ પાંડે નામનો એક સિપાહી રેજિમેંટની ગાર્ડ રૂમ બહાર બંદૂક લઈ ઊભો હતો અને અન્ય સિપાહીઓને બળવો કરી જે પહેલો યુરોપિય દેખાય તેને ગોળી મારવાનું કહેતો હતો. પાછળની તપાસ આદિમાં જણાયું કે મંગલ પાંડે સિપાહીઓના અસંતોષને કારણે દુઃખી હતા. ભાંગના નશામાં તેમણે સમાચાર સાંભળ્યા કે બ્રિટિશ સૈનિકોની એક સ્ટીમર કેન્ટોન્મેટ નજીક ઊતરી છે આથી તેઓ શસ્ત્ર છીનવી ક્વાર્ટર ગાર્ડની ઈમારત નજીક પહોંચ્યા હતા

મંગલ પાંડેની ફાંસીની સજા ૧૮ એપ્રિલના દિવસે નક્કી કરાઈ હતી પણ તેને દસ દિવસ પહેલાંજ સજા આપવામાં આવી. જમાદાર ઈશ્વરી પ્રસાદને ૨૧ એપ્રિલના દિવસે ફાંસી અપાઈ.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# સરોજિની નાયડુ

## (૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ - ૨ માર્ચ ૧૯૪૯)

સરોજિની નાયડુ અંગ્રેજી ભાષાના ભારતીય કવિયત્રી, સ્વાતંત્ર્યસેનાની અને પ્રથમ મહિલા રાજ્યપાલ હતા. સ્વરમીઠાશને કારણે લોકો તેમને 'હિંદની બુલબુલ' કહેતા હતા. ભારત સરકારે ૧૩ ફેબ્રુઆરી ૧૯૬૪ ના રોજ તેમની સ્મૃતિમાં ૧૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પડી હતી.

સરોજિની નાયડુનો જન્મ ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ના રોજ હૈદરાબાદના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ અઘોરીનાથ ચટ્ટોપાધ્યાય હતું, જેઓ વિદ્વાન, વૈજ્ઞાનિક, તત્ત્વજ્ઞ, સમાજસુધારક અને કેળવણીકાર હતા. સરોજિનીના માતાનું નામ વરદાસુંદરીદેવી હતું, જેઓ કવિયત્રિ હતા. તેમનો ઉછેર નાત-જાતનો ભેદભાવથી પર રાખી કરવામાં આવ્યો હતો. તેમને હિન્દુ કે બ્રાહ્મણના બદલે એક ભારતીય તરીકે ઉછેરવામાં આવ્યા હતા

સરોજિની નાયડુ ૧૨ વર્ષની ઉમરે મેટ્રિકની પરીક્ષા પાસ કરીને મદ્રાસમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા હતા. ત્યારબાદ ૧૮૯૫માં તેઓ ઈંગ્લેન્ડ ગયા જ્યાં લંડનની કિંગ્ઝ કોલેજ અને કેમ્બ્રિજની ગિરટન કોલેજમાં વિદ્યાભ્યાસ કર્યો. આ સમય દરમિયાન તેઓ વિખ્યાત સાહિત્યકાર એડમંડ ગોસ અને આર્થર સાયમન્સના સંપર્કમાં આવ્યા હતા.

સરોજિની ૧૪ વર્ષની વયે ગોવિંદા રાજુલુ નાયડુ સાથે પરિચયમાં આવ્યા હતા. નાયડુ આંધ્રપ્રદેશના કહેવાતી શુદ્ર જાતિના હતા. ૧૮૯૮માં સરોજિનીએ નાયડુ સાથે 'સિવિલ મૅરેજ' કર્યા હતા. એમને ચાર સંતાનો હતા: જયસૂર્ય, પદ્મજા, રણધીર અને લીલામણિ. એમાંથી પદ્મજા પશ્ચિમ બંગાળના ગવર્નર બન્યાં હતાં.

સરોજિની નાયડુ ઇ.સ ૧૯૧૭માં રાજકારણમાં સક્રિય બન્યા અને કાવ્યલેખનને પૂર્ણ કર્યું. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અધિવેશન ૧૯૦૬માં તેમણે આપેલા વક્તવ્યથી ગોપાલ કૃષ્ણ ગોખલે પ્રભાવિત થયા અને તેમને માતૃભૂમિની સેવા કરવા માટે આગ્રહ કર્યો. તેમણે સ્ત્રીઓને આગળ લાવવા કેટકેટલીય ચળવળો ચલાવી હતી. ઇ.સ. ૧૯૦૮માં મદ્રાસમાં મળેલા વિધવાપુનલગ્ન માટેના અધિવેશનમાં તેમણે સ્ત્રીઓને જાગૃત કરવા અથાગ પરિશ્રમ કર્યો હતો. તેમણે પ્લેગના રોગચાળા દરમિયાન આપેલી સેવાઓને ધ્યનમાં રાખીને તેમણે હૈદરાબાદમાં “કૈસરે હિંદ”નો સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો. જે તેમણે સત્તાના જુલ્મ વિરુદ્ધમાં પરત કર્યો હતો. તેઓ હમેશા હિન્દુ મુસ્લિમની એકતા માટે કાર્ય કરતાં હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ચંદ્રશેખર આઝાદ

## (૨૩ જુલાઈ ૧૯૦૬ – ૨૭ ફેબ્રુઆરી ૧૯૩૧)

ચંદ્રશેખર આઝાદ (૨૩ જુલાઈ ૧૯૦૬ – ૨૭ ફેબ્રુઆરી ૧૯૩૧) એ ભારતીય ક્રાંતિકારી હતા. ૧૯૨૨માં મહાત્મા ગાંધી દ્વારા અસહયોગ આંદોલન અચાનક રોકી દેવાતાં તેમની વિચારધારામાં પરિવર્તન આવ્યું અને તે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાઈને હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય બન્યા. આ સંગઠનના માધ્યમથી તેમણે રામ પ્રસાદ બિસ્મિલના નેતૃત્ત્વમાં ૧ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ અંગ્રેજ સરકારનો ખજાનો લૂંટવા માટેની યોજના (કાકોરી કાંડ)ને અંજામ આપી ફરાર થઈ ગયા હતા. ૧૯૨૭માં રામ પ્રસાદ બિસ્મિલ, રોશન સિંહ, રાજેન્દ્રનાથ લાહિડી અને અશફાક ઉલ્લા ખાનના બલિદાન બાદ તમામ ક્રાંતિકારી જૂથોને એક કરી હિંદુસ્તાન સોશીયાલીસ્ટ રિપબ્લીકન આર્મી **(HSRA)**ની રચના કરી હતી.


૧૯૨૨માં મહાત્મા ગાંધી દ્વારા અસહયોગ આંદોલન અચાનક રોકી દેવાતાં તેમની વિચારધારામાં પરિવર્તન આવ્યું અને તે ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં જોડાઈને હિંદુસ્તાન રિપબ્લીકન એસોશીએશનના સક્રિય સભ્ય બન્યા અને સંગઠન માટે ફાળો એકત્ર કરવાનું કામ કરવા લાગ્યા. ફાળો મુખ્યત્વે સરકારી ખજાનાની લૂંટ કરીને મેળવવામાં આવતો. તેઓ ૧૯૨૫ની કાકોરી ટ્રેન લૂંટમાં સામેલ હતા. ૧૯૨૬માં વાઇસરોયની ટ્રેનને ઉડાવી દેવાની યોજનામાં તથા લાલા લાજપતરાયની હત્યાનો બદલો લેવા માટે જે. પી. સૉન્ડર્સની હત્યાના કાવતરામાં પણ સામેલ હતા.

કોંગ્રેસના સભ્ય હોવા છતાં પણ મોતીલાલ નહેરૂ નિયમિતરૂપે આઝાદના સમર્થનમાં પૈસા આપતા હતા.

આઝાદે કેટલાક સમય માટે ઝાંસીને પોતાની સંગઠન પ્રવૃત્તિઓનું કેન્દ્ર બનાવ્યું હતું. ઝાંસીથી પંદર કિલોમીટર દૂર ઓરછાના જંગલોમાં પોતાના સહયોગીઓ સાથે નિશાનેબાજીનો અભ્યાસ કરતા. પોતે વિશેષજ્ઞ નિશાનેબાજ હોવાને કારણે તેઓ અન્ય સાથીઓને પણ પ્રશિક્ષિત કરતા. તેઓ સતાર નદીને કિનારે એક ઝૂંપડી બાંધીને રહેતા અને પંડિત હરિશંકર બ્રહ્મચારીના છદ્મ નામે બાળકોનું અધ્યાપન કાર્ય પણ કરતા.

તેઓનું અવસાન ફેબ્રુઆરી ૨૭, ૧૯૩૧ નાં રોજ ઉત્તર પ્રદેશનાં અલ્હાબાદ ખાતે આલ્ફ્રેડ બાગમાં અંગ્રેજો સામેની લડાઇ દરમિયાન થયું હતું. તેમના વિદ્રોહી સાથી વીરભદ્ર તિવારીની બાતમીના આધારે અંગ્રેજ પોલીસે તેમને આલ્ફ્રેડ ઉદ્યાનમાં ઘેરી લીધા હતા. પોતાની તેમજ સાથી સુખદેવ રાજની બચાવ પ્રતિક્રિયામાં તેમણે ત્રણ પોલીસ કર્મીઓને મારી નાખ્યા હતા અને અન્ય કેટલાંકને ઘાયલ કરી સુખદેવ રાજને ભાગી છૂટવામાં મદદ કરી હતી. પોલીસથી ઘેરાયેલા આઝાદે પોતાનો દારુગોળો ખતમ થતાં બચવાનો કોઈ વિકલ્પ ન રહેતાં પોતાને જ ગોળી મારી દીધી હતી. કહેવાય છે કે અંગ્રેજો દ્વારા પકડાઇ જવાની સ્થિતિમાં પોતાની હત્યા માટે તેઓ એક ગોળી અલગ રાખતા હતા. ચંદ્રશેખર આઝાદની પિસ્તોલ અલ્હાબાદ સંગ્રહાલયમાં પ્રદર્શન માટે રાખવામાં આવેલી છે.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# તાત્યા ટોપે
## (૧૮૪૮- ૧૮ એપ્રિલ ૧૮૫૯)

તાત્યા ટોપે એ ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના એક સેનાપતિ અને તેના એક નોંધપાત્ર નેતા હતા. તેમનો જન્મ મરાઠી દેશસ્થ બ્રાહ્મણ કુટુંબમાં રામચંદ્ર પાંડુરંગ તરીકે થયો હતો અને ટોપે, એટલે કે સેનાપતિ અધિકારી તરીકે તેમણે પદવી લીધી હતી. તેમનું પહેલું નામ તાત્યા એટલે સેનાનાયક થાય છે. બિથુરના નાના સાહેબના તેઓ અંગત રક્ષક હતા, જ્યારે અંગ્રેજોએ કાનપુર ફરી તાબે કર્યું ત્યારે તેમણે ગ્વાલિયર ટુકડી સાથે પ્રગતિ કરી અને જનરલ વિન્ડહેમને શહેરમાંથી છોડી પીછેહઠ કરવાની ફરજ પડી હતી. પાછળથી તેઓ ઝાંસીની રાણી લક્ષ્મીબાઈની સહાય કરવા આગળ આવ્યા અને તેમની સાથે ગ્વાલિયર શહેર કબજે કર્યું. જો કે, તેમને જનરલ નેપીઅરના બ્રિટિશ ભારતીય સૈન્યે રાણોદ ખાતે પરાજિત કરી દીધા હતા અને સિકર ખાતેની એક વધુ હાર બાદ તેમણે લડાઈ અભિયાન છોડી દીધું હતું. ૧૮ એપ્રિલ ૧૮૫૯ ના દિવસે શિવપુરી ખાતે બ્રિટીશ સરકાર દ્વારા તેમને ફાંસી આપવામાં આવી.


એક સત્તાવાર નિવેદન અનુસાર, તાત્યા ટોપેના પિતા હાલના મહારાષ્ટ્રના પાટોડા જીલ્લાના જોલા પરગણાના રહેવાસી પાંડુરંગ નામના વ્યક્તિ હતા. ટોપે જન્મ દ્વારા મરાઠા વશિષ્ઠ બ્રાહ્મણ હતા. એક સરકારી પત્રમાં, તેઓને બરોડાના પ્રધાન હોવાનું કહેવામાં આવ્યું હતું, જ્યારે એક અન્ય સંદેશાવ્યવહારમાં તેમને નાના સાહેબ ગણવામાં આવ્યા હતા. તેમના પર ચલાવાયેલા ખટલાના એક સાક્ષીએ તેમને 'મધ્યમ બાંધાનો, ઘઉં વર્ણી અને હંમેશાં સફેદ ચૂકરીદાર પાઘડી પહેરેલા માણસ તરીકે ગણાવ્યો હતો.

કાનપુરમાં ક્રાંતિ સળગ્યા પછી ૫ જૂન ૧૮૫૭માં નાના સાહેબ ક્રાંતિસેનાના નેતા બન્યા. બ્રિટિશ સેનાએ ૨૫ જૂન ૧૮૫૭ ના રોજ આત્મસમર્પણ કર્યું અને જૂનના અંતમાં નાનાને પેશ્વા જાહેર કરાયા. જનરલ હેવલોક બે વખત યુદ્ધમાં નાનાની સેનાઓ સામે લડ્યા, પણ ત્રીજી વારના યુદ્ધમાં તેઓ પરાજિત થયા અને બિથુર પાછા ફર્યા, ત્યારબાદ તેઓ ગંગાને પાર કરી અવધ પાછા ગયા. તાત્યા ટોપેએ બિથુરથી નાના સાહેબના નામે કારભાર ચલાવવાનું શરૂ કર્યું.

૨૭ જૂન ૧૮૫૭ ના દિવસે થયેલા કાનપુરના ઘેરાના તાત્યા ટોપે એક નેતા હતા. ત્યારથી, ૧૬ ઑગસ્ટ, ૧૮૫૭ ના દિવસ સુધી તાત્યાએ કાનપુરમાં સારી રક્ષણાત્મક સ્થિતિ સંભાળી હતી પણ અંતે સર હેનરી હેવલોકની આગેવાની હેઠળના બ્રિટીશ દળ દ્વારા તેમને હાંકી કાઢવામાં આવ્યા હતા. તે પછી, તેમણે ૨૭ નવેમ્બર, ૧૮૫૭ થી ૨૮ નવેમ્બર ૧૮૫૭ દરમિયાન કાનપુરના બીજા યુદ્ધમાં જનરલ ચાર્લ્સ એશ વિન્ડહામને હરાવ્યા. જો કે, સર કોલિન કેમ્પબેલ હેઠળ અંગ્રેજોના પ્રતિક્રિયાત્મક આક્રમણ સમયે થયેલા કાનપુરના ત્રીજા યુદ્ધમાં ટોપે પરાજિત થયા. તાત્યા ટોપે અને અન્ય બળવાખોરોએ ત્યાંથી ભાગીને ઝાંસીની રાણી પાસે આશરો લીધો હતો, જ્યાં તેમણે રાણીને સહાય કરી હતી.

પાછળથી તાત્યા અને રાવ સાહેબે ઝાંસી પરના અંગ્રેજ હુમલા દરમિયાન ઝાંસીની મદદ કરી અને રાણી લક્ષ્મીબાઈને આક્રમણથી બચાવવામાં સફળતાપૂર્વક મદદ કરી. રાણી લક્ષ્મીબાઈ સાથે મળીને તેઓ પાસેથી નાના સાહેબ પેશ્વાની નેતાગિરી હેઠળ ગ્વાલિયરના કિલ્લાનો તાબો મેળવી તેને હિંદવી સ્વરાજ (સ્વતંત્ર દેશ) જાહેર કર્યો. સંગાનેર અને ભિલવાડા વચ્ચેની સ્થળે પહોંચ્યા ત્યારે તેમના દળ પર હુમલો કર્યો. ટોપે ફરીથી મેદાનમાંથી ઉદયપુર તરફ ભાગી ગયા અને, ૧૩ ઑગસ્ટના દિવસે હિન્દુ ધર્મસ્થાનની મુલાકાત લીધા પછી, તેણે બનાસ નદી પર પોતાની સેના રોકી. ફરી રોબર્ટ્સના દળો દ્વારા તેઓ પરાજિત થયા અને ટોપે ભાગવામાં સફળ રહ્યા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ

(૧ જાન્યુઆરી, ૧૮૯૨ - ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૨)

મહાદેવભાઈ હરિભાઈ દેસાઈ (૧ જાન્યુઆરી, ૧૮૯૨ - ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૨) સ્વતંત્રતા સેનાની અને પ્રખર રાષ્ટ્રવાદી તેમ જ ચરિત્રલેખક, ડાયરીલેખક, અનુવાદક હતા. તેઓ મહાત્મા ગાંધીનાં અંગત મદદનીશ તરીકે વધુ જાણીતા થયા.

તેમનો જન્મ સરસ (મુળગામ દિહેણ) (જિ. સુરત)માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ જુદાં જુદાં ગામોમાં કર્યા બાદ માધ્યમિક શિક્ષણ સુરત અને ઉચ્ચશિક્ષણ મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં સંપન્ન કર્યું. બી.એ. એલએલ. બી. થઈ અમદાવાદમાં વકીલાતનો આરંભ કરેલો પણ સફળ ન થતાં સરકારી ખાતામાં જોડાયેલા. ત્યારબાદ ગાંધીજીથી પ્રભાવિત થઈને ૧૯૧૭ થી તેમના અંતેવાસી બન્યા. તેમને સાહિત્ય અકાદમીનો ૧૯૫૫નો પુરસ્કાર અર્પણ થયો હતો.

‘અંત્યજ સાધુનંદ’ (૧૯૨૫), ‘વીર વલ્લભભાઈ’ (૧૯૨૮), ‘સંત ફ્રાંસિસ’ (૧૯૨૪) અને ‘બે ખુદાઈ ખિદમતગાર’ (૧૯૩૬) એમના ચરિત્રગ્રંથો છે. ‘મૌલાના અબ્દુલકલામ આઝાદ’ (ચંદ્રશેખર શુક્લ સાથે, ૧૯૪૬)પણ એમનો ચરિત્રગ્રંથ છે. સ્વરાજ આંદોલન નિમિત્તે એમણે લખેલા ગ્રંથો પૈકી ‘એક ધર્મયુદ્ધ’ (૧૯૨૩)માં અમદાવાદની મિલમજૂરોની લડતનો ઇતિહાસ આલેખાયેલો છે; ‘બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ’ (૧૯૨૮) અને ‘ગોખલેનાં વ્યાખ્યાનો’ (૧૯૧૬) પણ હકીકતોને ભાવવાહી રીતે રજૂ કરતા હોઈ ધ્યાનાર્હ છે. બારમી ગુજરાતી સાહિત્ય પરિષદમાં પત્રકારત્વ વિભાગના પ્રમુખપદેથી આપેલું વ્યાખ્યાન ‘વૃત્તવિવેચન અને વૃત્તવિવેચકો’ (૧૯૩૬) એમની સ્વાધ્યાયનિષ્ઠાના ઉદાહરણરૂપ છે. ‘તારુણ્યમાં પ્રવેશતી કન્યાને પત્રો’ (નરહરિ પરીખ સાથે, ૧૯૩૭) તથા ‘ખેતીની જમીન’ (માર્તન્ડ પંડ્યા સાથે, ૧૯૪૨) એમના એ વિષયના પ્રકીર્ણ ગ્રંથો છે.

આ ઉપરાંત તેઓ વિશેષ જાણીતા છે એમના ડાયરીલેખનને કારણે. ૧૯૪૮માં ‘મહાદેવભાઈની ડાયરી’ – ભા. ૧ પ્રકાશિત થયા પછી ક્રમશઃ ૧૯૮૦માં ભા. ૧૭ પ્રકાશિત થયેલો છે. ખાસ કરીને ગાંધીજીની દિનચર્યા-જીવનચર્યાને આલેખતી આ ડાયરી મહાદેવભાઈની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિ અને ભાવવાહી રસળતી શૈલીની અભિવ્યક્તિશક્તિનું ઉદાહરણ છે.

‘ચિત્રાંગદા’ (૧૯૧૫), ‘પ્રાચીન સાહિત્ય’ (નરહરિ પરીખ સાથે, ૧૯૨૨), ‘ત્રણ વાર્તાઓ’ (૧૯૨૩) અને ‘વિરાજવહુ’ (૧૯૨૪) એમના અનુવાદો છે. ‘મારી જીવનકથા’ (૧૯૩૬) જવાહરલાલ નહેરુની આત્મકથાનો અનુવાદ છે. મૂળ ભાવ ક્યાંય ખંડિત ન થાય એની પૂરી કાળજી રાખીને રસળતી શૈલીમાં તેઓએ કરેલા આ અનુવાદો લોકપ્રિય નીવડેલા છે. ‘ગાંધીજી ઈન ઇન્ડિયન વિલેજીસ’ (૧૯૨૭), ‘વીથ ગાંધીજી ઈન સિલોન’ (૧૯૨૮), ‘ધ સ્ટોરી ઑવ બારડોલી’ (૧૯૨૧), ‘અનવર્ધી ઑવ વર્ધા’ (૧૯૫૩) જેવા એમના અંગ્રેજી ગ્રંથોમાં અંગ્રેજી ભાષા પરના એમના પ્રભુત્વનો પરિચય મળી રહે છે. ઉપરાંત, ગાંધીજીના પુસ્તકોના અને વ્યાખ્યાનોના એમણે કરેલા ઘણા અંગ્રેજી અનુવાદો પણ પ્રકાશિત થયેલા છે.

૧૯૪૨માં કારાવાસમાં હ્રદય બંધ પડવાથી પૂના ખાતે તેમનું અવસાન થયું હતું

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# અરુણા આસફ અલી

## (૧૬ જુલાઇ ૧૯૦૯ — ૨૯ જુલાઇ ૧૯૯૬)

અરુણા આસફ અલી (૧૬ જુલાઇ ૧૯૦૯ — ૨૯ જુલાઇ ૧૯૯૬) ભારતીય સ્વાતંત્ર્યસેનાની, રાજકીય કાર્યકર્તા, શિક્ષણશાસ્ત્રી અને પ્રકાશક હતા. ૧૯૪૨ના ભારત છોડો આંદોલન દરમિયાન મુંબઈના ગોવાલિયા મેદાનમાં ભારતનો રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવા બદલ તેમને યાદ કરવામાં આવે છે. આઝાદી બાદ પણ તેઓ રાજનીતિમાં સક્રિય રહ્યા અને દિલ્હીના પ્રથમ મેયર બન્યા.

તેઓ આસફ અલી સાથેના લગ્ન બાદ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય બન્યા તથા દાંડી સત્યાગ્રહ દરમિયાન જાહેર સભાઓમાં ભાગ લીધો. ૧૯૩૨માં તેમની ધરપકડ બાદ તિહાડ જેલમાં મોકલી દેવામાં આવ્યા. અહીં તેમએ રાજનૈતિક કેદીઓ પ્રત્યેના ઉદાસીન વ્યવહાર બદલ ભૂખ હડતાળ શરૂ કરી. તેમના પ્રયાસોથી તિહાડ જેલની સ્થિતિમાં બદલાવ આવ્યો. બાદમાં તેમણે અંબાલા ખાતે એકાંત કારાવાસ માટે મોકલી આપવામાં આવ્યા. જેલમાંથી મુક્ત થયા બાદ તેઓ અસક્રિય રહ્યા પરંતુ ૧૯૪૨ના અંતમાં તેમણે ભૂમિગત ગતિવિધિઓ શરૂ કરી અને સ્વતંત્રતા આંદોલનમાં ફરીથી સક્રિય બન્યા

૮ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ દ્વારા મુંબઈ અધિવેશનમાં ભારત છોડો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો. બ્રિટીશ સરકારે કોંગ્રેસ કાર્યકારી સમિતિના નેતાઓ સહિત તમામ મોટા નેતાઓની ધરપકડ કરી આંદોલનને કચડી નાખવાનો પ્રયાસ કર્યો. મોટા નેતાઓની ગેરહાજરીમાં ૯ ઓગસ્ટના રોજ અધિવેશનની અધ્યક્ષતા સંભાળતા અરુણા આસફ અલીએ ગોવાલિયા ટેંક મેદાનમાં કોંગ્રેસ પક્ષનો ઝંડો લહેરાવ્યો અને આંદોલનની વિધિવત શરૂઆત કરી. પ્રત્યક્ષ નેતૃત્વના અભાવ છતાં ભારતીય યુવાઓની આઝાદી મેળવવાની અદમ્ય ઇચ્છાની અભિવ્યક્તિના રૂપમાં સમગ્ર દેશમાં વિરોધ પ્રદર્શનો થયાં. અરુણાના નામના ધરપકડ વોરંટ બહાર પાડવામાં આવ્યા પરંતુ ધરપકડથી બચવા તેઓ ભૂગર્ભવાસમાં ચાલ્યા ગયા અને ૧૯૪૨ના અંતમાં તેમણે ભૂગર્ભ પ્રવૃત્તિઓ શરૂ કરી અને આંદોલનમાં ફરીથી સક્રિય બન્યા.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના સમાજવાદ તરફ ઝુકાવ ધરવતા કાર્યકર્તા તરીકે તેઓ કોંગ્રેસ સોશ્યાલિસ્ટ પાર્ટીના સભ્ય હતા. સમાજવાદ પરત્વે કોંગ્રેસ પક્ષની પ્રગતિથી મોહભંગ પામીને તેઓ ૧૯૪૮માં સમાજવાદી પક્ષ સાથે જોડાયા. બાદમાં ૧૯૫૦માં તેઓ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટી (સીપીઆઇ)ના સભ્ય બન્યા. ૧૯૫૪માં તેમણે સીપીઆઇની મહિલા પાંખના નેશનલ ફેડરેશન ઓફ ઇન્ડિયન વુમન બનાવવામાં મદદ કરી પરંતુ ૧૯૫૬માં નિકિતા ક્રુશ્ચેવ સ્ટાલીનથી વિમુખ થતાં તેમણે પણ આ પક્ષ છોડી દીધો. ૧૯૫૮માં તેઓ દિલ્હીના મેયર બન્યા. તેઓ દિલ્હીમાં સમાજ કલ્યાણ અને વિકાસ માટે કૃષ્ણ મેનન, વિમલા કપૂર, ગુરુ રાધા કિશન, પ્રેમસાગર ગુપ્તા, સરલા શર્મા, સુભદ્રા જોશી જેવા સમકાલીન સામાજીક અને ધર્મનિરપેક્ષ કાર્યકર્તાઓ સાથે નિકટતાથી જોડાયેલાં રહ્યાં.

તેમણે નારાયણન સાથે મળીને લિંક પબ્લીકેશનની શરૂઆત કરી તથા તે જ વર્ષે દૈનિક સમાચારપત્ર.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ઉધમસિંહ

## (૨૬ ડિસેમ્બર ૧૮૯૯ - ૩૧ જુલાઈ ૧૯૪૦)

ઉધમસિંહનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૮૯૯માં પંજાબના સંગરૂર જિલ્લાના સુનામ ગામમાં થયો હતો. ૧૯૦૧માં ઉધમસિંહના માતા અને ૧૯૦૭માં તેમના પિતાનું અવસાન થઇ ગયું. આ ઘટનાના લીધે ઉધમસિંહને તેમના મોટાભાઈ સાથે અમૃતસરના અનાથાશ્રમમાં રહેવું પડ્યું. ઉધમસિંહનું બાળપણનું નામ શેરસિંહ અને તેમના ભાઈનું નામ મુક્તાસિંહ હતું. જેમને અનાથાશ્રમમાં અનુક્રમે ઉધમસિંહ અને સાધુસિંહ નવા નામ મળ્યા. ઉધમસિંહ સર્વધર્મના પ્રતીક સમાન હતા. એટલા માટે જેલવાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને "રામ મોહમ્મદ સિંહ આઝાદ" રાખ્યું હતું જે ભારતના પ્રમુખ ધર્મોના પ્રતિક છે.

અનાથાશ્રમમાં ઉધમસિંહનું જીવન પસાર થઇ રહ્યું હતું ત્યાંજ ૧૯૧૭માં તેમના ભાઈનું અવસાન થઇ ગયું અને તેઓ બધી રીતે અનાથ થઇ ગયા. ૧૯૧૯માં તેમણે અનાથાશ્રમ છોડી દીધું અને ક્રાન્તિકારીઓની સાથે મળી દેશની આઝાદીની ચળવળમાં ભળી ગયા.

રોલેટ એક્ટના વિરોધમાં ૩૦ માર્ચ અને ૦૬ એપ્રિલ ૧૯૧૯ના રોજ પંજાબમાં લોકોએ હળતાલ પાડી. અમૃતસરની સ્થિતિ અંકુશ બહાર ગઈ છે તેમ લાગતા તેમને લશ્કરના હવાલે કર્યું. ૧૩ એપ્રિલ ૧૯૧૯ વૈશાખી (પાક લણણીનો દિવસ) ના દિવસે સાંજે ૪:૩૦ વાગ્યે જલિયાંવાલા બાગમાં શહીદોને અંજલી આપવા અને બધાના પ્યારા નેતાઓ ડૉ. કિચલું અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એક સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સભા ગેરકાયદેસર હોવાની જાહેરાત કર્યા વિના અને કશીયે પૂર્વ ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરવાનો ઓર્ડર જનરલ ડાયરે આપ્યો. જેમાં હજારો લોકોની કત્લેઆમ કરવામાં આવી.

આ આખી ઘટના ઉધમસિંહએ પ્રત્યક્ષ નિહાળી હતી અને પ્રતિજ્ઞા લીધી કે તેઓ જનરલ ડાયરની હત્યા કરશે.

પોતાના આ મિશનને અંજામ આપવા અલગ અલગ નામોથી આફ્રિકા, નૈરોબી, બ્રાઝીલ અને અમેરિકાની યાત્રા કરી. ઈ.સ. ૧૯૩૪ માં ઉધમસિંહ લંડન પહોંચી ગયા. ત્યાં ૯ એલ્ડર સ્ટ્રીટ કોમર્શિયલ રોડ પર રહેવા લાગ્યા. ત્યાં તેમણે યાત્રાના હેતુથી એક કાર લીધી હતી. ભારતના આ વીર ક્રાંતિકારી માઈકલ ઓ. ડાયરની હત્યા કરવા માટેના યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા.

ઉધમસિંહને પોતાના ભાઈ-બહેનોની મોતનો બદલો લેવાનો મોકો ૧૯૪૦માં મળ્યો. જલિયાંવાલા બાગના હત્યાકાંડના ૨૧ વર્ષ પછી ૧૩ માર્ચ ૧૯૪૦માં રોયલ એશિયન સોસાયટીની લંડનના કાક્સ્ટન હોલમાં બેઠક હતી. જ્યાં માઈકલ ઓ. ડાયર પણ વક્તાઓમાંનો એક હતો. ઉધમસિંહ તે દિવસે સમયસર પોતાની જગ્યાએ બેસી ગયા. તેમણે પોતાની રિવોલ્વર એક મોટી ચોપડીમાં છુપાવી હતી. અને તેના માટે તેમણે ચોપડીના પાનાને રિવોલ્વરના આકારમાં કાપી નાખ્યા હતા. જેનાથી જનરલ ડાયરની જાન લેનાર હથિયાર સરળતાથી છુપાવી સકાય.

બેઠક પુરી થઇ ત્યારબાદ દિવાલની પાછળથી ઉધમસિંહએ જનરલ ડાયરને ૨ ગોળીઓ મારી જેનાથી ડાયરનું તાત્કાલિક અવસાન થઇ ગયું. ઉધમસિંહ ત્યાંથી ભાગ્યા નહી અને તેઓએ આત્મસમર્પણ કરી દીધું. તેમના પર મુકદમો ચાલ્યો. ૪ જૂન ૧૯૪૦ના રોજ ઉધમસિંહને હત્યાના ગુનામાં ફાંસીની સજા આપવામાં આવી અને ૩૧ જુલાઈ ૧૯૪૦માં પેન્ટનવિલે જેલમાં તેમને ફાંસી આપવામાં આવી

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# માતંગિની હઝરા

(૧૭ નવેમ્બર ૧૮૭૦ - ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨)

માતંગિની હઝરા (૧૭ નવેમ્બર ૧૮૭૦ - ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨ ) એક ભારતીય ક્રાંતિકારી હતા. તેમણે પોતાના મૃત્યુ પર્યંત ભારતીય સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. બ્રિટિશ ઇન્ડિયન પોલીસ દ્વારા તમલુક પોલીસ સ્ટેશન સામે (તે સમયના મિદનાપુર જિલ્લામાં) તેમના પર ૨૯ સપ્ટેમ્બર ૧૯૪૨ ના દિવસે ગોળી ચલાવવામાં આવી હતી. તેમને પ્રેમથી ગાંધી બૂરી (ગાંધી બુઢ્ઢી, વૃદ્ધ ગાંધી મહિલા માટેનો બંગાળી શબ્દ ) તરીકે જાણીતી હતી

ઈ.સ. ૧૯૦૫ માં, તેમણે એક ગાંધીવાદી તરીકે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં સક્રિયપણે રસ લેવો શરૂ કર્યો. મિદનાપુરમાં સ્વાતંત્ર્ય સંગ્રામની નોંધપાત્ર વિશેષતા મહિલા સત્યાગ્રહીઓનો સહભાગ હતો. ઈ.સ. ૧૯૩૨ માં, તેમણે સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લીધો અને મીઠાનો કાયદો તોડવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી હતી. તેમને તાત્કાલિક મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ તેણે તે કર નાબૂદ કરવા માટે તેમણે વિરોધ ચાલુ રાખ્યો હતો તેથી તેમની ફરી ધરપકડ કરાઈ, તેમને બહરામપુર ખાતે છ મહિના માટે જેલમાં રાખવામાં આવ્યા હતા. છૂટા થયા પછી તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સક્રિય સભ્ય બન્યા હતા અને પોતાની ખાદી જાતે કાંતવાનો તેમણે પ્રયત્ન કર્યો હતો. ઈ.સ. ૧૯૩૩ માં તેમણે શ્રીરામપૂર ખાતેની પેટા વિભાગીય કોંગ્રેસ પરિષદમાં હાજરી આપી હતી અને પોલીસ દ્વારા કરવામાં આવેલા લાઠી મારમાં તેઓ ઘાયલ થયા ગઈ હતા.

ભારત છોડો આંદોલનના ભાગ રૂપે, કોંગ્રેસના સભ્યોએ મિદનાપુર જિલ્લાના વિવિધ પોલીસ મથકો અને અન્ય સરકારી કચેરીઓ કબ્જે કરીને જાતે ચલાવવાની યોજના બનાવી. જિલ્લામાં બ્રિટીશ સરકારને ઉથલાવીને અને સ્વતંત્ર ભારતીય રાજ્યની સ્થાપના માટે આ એક પગલું હતું. હઝરા તે સમયે ૭૧ વર્ષના હતા, તમલુક પોલીસ મથક હસ્તક કરી સંભાળવાના હેતુથી છ હજાર સમર્થકો, મોટે ભાગે મહિલા સ્વયંસેવકોના મોરચાની આગેવાની હઝરાએ કરી હતી. જ્યારે સરઘસ નગરની હદ સુધી પહોંચ્યું, ત્યારે તેમને ક્રાઉન પોલીસે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૪૪ હેઠળ વિખરાઈ જવાનો આદેશ આપ્યો હતો. તેણી આગળ વધી કે તરત જ, તેમના પર ગોળી છોડવામાં આવી. તે વધુ આગળ વધી અને પોલીસને ભીડ પર ગોળીબાર ન કરવા અપીલ કરી.

તમલુક સમાંતર રાષ્ટ્રીય સરકારના અખબાર બિપ્લાબી એ આ પ્રમાણે ટિપ્પણી કરી:

માતંગિનીએ ગુના અદાલત ઈમારતની ઉત્તરેથી મોરચો આગળ શરૂ કર્યો; ગોળીઓ છોડવાની શરૂઆત થવા છતાં તેણે હાથમાં ત્રિરંગો પકડી આગળ વધવાનું ચાલુ રાખ્યું, અને સ્વયંસેવકોને પાછળ રહેવા જણાવ્યું. પોલીસે તેમના પર ત્રણા વખત ગોળી છોડી. કપાળમાં જખમો છતાં તેમણે આગળ વધવાનું ચાલુ રાખ્યું.

તેને ગોળી વાગી હોવા છતાં તેણી વંદે માતરમ્, "માતૃભૂમિનો જયકાર" રટતી રહી. તેણીએ રાષ્ટ્રિય કોંગ્રેસના ધ્વજને પછી પણ ઉંચો ફરતો રાખ્યો.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બટુકેશ્વર દત્ત
# (૧૯૧૦–૧૯૬૫)

બટુકેશ્વર દત્ત (૧૯૧૦–૧૯૬૫) એ ૧૯૦૦ના દાયકાની શરૂઆતમાં ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રતા ચળવળના લડવૈયા હતા. ૮ એપ્રિલ ૧૯૨૯ ના દિવસે નવી દિલ્હીની સેન્ટ્રલ લેજિસ્લેટિવ એસેમ્બલીમાં ભગત સિંહની સાથે મળી કેટલાક બોમ્બ ધમાકા કરવા માટે તેઓ જાણીતા છે. ત્યાર બાદ તેમની ધરપકડ કરવામાં આવી અને તેમને આજીવન કેદની સજા મળી હતી. ત્યાં તેમણે અને ભગતસિંહે ભારતીય રાજકીય કેદીઓ સાથેના થનારા અપમાનજનક વર્તનનો વિરોધ કરવા ઐતિહાસિક ભૂખ હડતાલ શરૂ કરી, અને આખરે કેદીઓ માટે કેટલાક અધિકાર મેળવ્યાં. તે હિન્દુસ્તાન સોશ્યાલીસ્ટ રિપબ્લિકન એસોસિએશનના સભ્ય પણ હતા.

ભગતસિંહ જેવા ક્રાંતિકારીઓના ઉદયને વશ કરવા માટે, બ્રિટીશ સરકારે ૧૯૧૫માં ડિફેન્સ ઑફ ઇન્ડિયા એક્ટ લાગુ કરવાનો નિર્ણય કર્યો, જેનાથી પોલીસને લોકોની અટકાયત કરવાની મુક્ત સત્તા મળી. ફ્રેન્ચ ક્રાંતિકારી દ્વારા ચેમ્બર ઑફ ડેપ્યુટીઝ પર બોમ્બ ઝિંક્યાની ઘટનાથી પ્રભાવિત થઈ ભગત સિંહે હિન્દુસ્તાન સોશ્યલિસ્ટ રિપબ્લિકન એસોસિએશનમાં કેન્દ્રીય વિધાનસભાની અંદર બોમ્બ ફોડવાનો પ્રસ્તાવ મૂક્યો. જેના પર સંમતિ મળી. શરૂઆતમાં એમ નક્કી કરવામાં આવ્યું હતું કે જ્યારે ભગત સિંહ યુએસએસઆર જશે ત્યારે બટુકેશ્વર દત્ત અને સુખદેવ બોમ્બ ધમાકો કરશે. જો કે, પાછળથી આ યોજના બદલાઈ ગઈ હતી અને બટુકેશ્વર દત્ત અને ભગત સિંહને સાથે મળીને બોમ્બ ગોઠવવાની જવાબદારી સોંપવામાં આવી હતી. ૮ એપ્રિલ ૧૯૨૯ ના દિવસે, ભગત સિંહ અને દત્તે વિઝિટર ગેલેરીથી ધસીને એસેમ્બલીની અંદર બે બોમ્બ ફેંકી દીધા. બોમ્બ ધમાકાથી ધુમાડો ખંડમાં ભરાઈ ગયો અને તેઓએ "ઇન્કલાબ ઝિંદાબાદ"! નો નાદ કર્યો અને પત્રિકાની વર્ષા કરી. પત્રિકામાં દાવો કરવામાં આવ્યો હતો કે આ બોમ્બ ધમાકો વેપાર વિવાદો અને જાહેર સલામતી કાયદો અને લાલા લાજપતરાયની હત્યાની વિરોધમાં કરવામાં આવ્યો હતો. આ વિસ્ફોટમાં અમુક લોકોને થોડીક ઇજાઓ પહોંચી હતી પરંતુ ત્યાં કોઈ મોત નિપજ્યું ન હતું; ભગત સિંહ અને દત્તે દાવો કર્યો હતો કે આ કૃત્ય ઇરાદાપૂર્વકનું હતું. ભગત સિંહ અને બટુકેશ્વર દત્તની ધરપકડ કરવામાં આવી હતી

નવી દિલ્હીની બી કે દત્ત કોલોની, સફદરજંગ વિમાનમથકની સામે અને જોર બાગને અડીને આવેલા મુખ્ય સ્થાન પર સ્થિત છે, તેનું નામ બટુકેશ્વર દત્તના નામ પરથી નામ આપવામાં આવ્યું છે. તે એન.ડી.એમ.સી. વિસ્તારમાં એઈમ્સની સૌથી નજીકની ખાનગી રહેણાંક વસાહત છે.

ફિલ્મ ધ લિજેન્ડ ઑફ ભગત સિંહમાં ભાસ્કર ચેટરજીએ બટુકેશ્વર દત્તની ભૂમિકા ભજવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મદનલાલ ધિંગરા

## (૧૮ સપ્ટેમ્બર ૧૮૮૩ – ૧૭ ઓગસ્ટ ૧૯૦૯)

મદનલાલ ધિંગરા (૧૮ સપ્ટેમ્બર ૧૮૮૩ – ૧૭ ઓગસ્ટ ૧૯૦૯) ભારતીય સ્વતંત્રતા સંગ્રામના એક ક્રાંતિકારી હતા. ઈંગ્લેન્ડમાં અભ્યાસ દરમિયાન તેમણે અંગ્રેજ અધિકારી વિલિયમ હટ કર્ઝન વાયલીની હત્યા કરી હતી.

૧૯૦૫માં શ્યામજી કૃષ્ણ વર્મા દ્વારા ઈન્ડિયા હાઉસની સ્થાપનાના એક વર્ષ બાદ તેઓ લંડન પહોંચ્યા. આ સંગઠન હાઈગેટમાં રહેતા ભારતીય ક્રાંતિકારીઓનું બેઠકસ્થળ હતું. અહીં તેઓ વિનાયક દામોદર સાવરકર અને શ્યામજી કૃષ્ણ વર્માના સંપર્કમાં આવ્યા અને સ્વતંત્રતા આંદોલનની પ્રવૃત્તિઓમાં સક્રીય બન્યા. સાવરકરની કોઈ પણ ભોગે ક્રાંતિની વિચારસરણીથી પ્રભાવિત થયેલા ધિંગરા ધીમે ધીમે ઈન્ડિયા હાઉસથી દૂર થતા ગયા અને સાવરકર તથા તેમના ભાઈ ગણેશ દ્વારા સ્થાપિત અભિનવ ભારત મંડલ નામના એક ગુપ્ત સંગઠન સાથે જોડાયા

કર્ઝન વાયલીની હત્યાના કેટલાંક સપ્તાહ પહેલાં ધિંગરાએ તત્કાલીન વાઈસરોય જ્યોર્જ કર્ઝનની હત્યાનો પ્રયાસ કર્યો હતો. ઉપરાંત બંગાળના પૂર્વ રાજ્યપાલ બ્રેમફિલ્ડ ફુલરની હત્યાની યોજના પણ બનાવી હતી. બાદમાં તેમણે કર્ઝન વાયલીની હત્યાનો નિર્ણય કર્યો. કર્ઝન વાયલી ૧૮૬૬માં બ્રિટીશ સૈન્યમાં સામેલ થયા અને ૧૮૭૯માં ભારતીય રાજનૈતિક વિભાગ સાથે જોડાયા. તેઓ મધ્ય ભારત સહિત ઘણા સ્થળોએ મહત્વપૂર્ણ પદ પર રહ્યા હતા. ૧૯૦૧માં તેઓ ભારતના રાજ્ય સચિવના સૈન્ય સહયોગી તરીકે નિયુક્ત થયા. ઉપરાંત તેઓ ગુપ્ત પોલીસના પ્રમુખ પણ હતા જે સાવરકર તથા તેમના સહયોગીઓ પર નજર રાખી રહ્યા હતા. કર્ઝન વાયલી ધિંગરાના પિતાના નજીકના મિત્ર હતા.

૧ જુલાઈ ૧૯૦૯ની ઢળતી સાંજે ધિંગરા સહિત મોટી સંખ્યામાં ભારતીયો તેમજ બ્રિટીશરો ઇમ્પીરીયલ ઇન્સ્ટીટ્યુટમાં ઈન્ડિયન નેશનલ એસોશિયેશન દ્વારા આયોજીત એટ હોમ સમારોહમાં ભાગ લેવા એકત્ર થયા હતા. જ્યારે સર કર્ઝન વાયલી તેમના પત્ની સાથે સભાખંડ તરફ જઈ રહ્યા હતા ત્યારે ધિંગરાએ તેમના પર ગોળીબાર કર્યો.

હત્યા બાદ ધિંગરાએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો પરંતુ પોલીસ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી

૨૩ જુલાઈના દિવસે ઓલ્ડ બેઈલી તરીકે ઓળખાતી લંડનની અદાલતમાં મુકદ્દમો ચલાવવામાં આવ્યો. મુકદ્દમા દરમિયાન ધિંગરાએ જણાવ્યું કે કર્ઝન વાયલીની હત્યાનો તેમને કોઈ જ અફસોસ નથી. કારણ કે તેમણે ભારતને અમાનવીય બ્રિટીશ શાસનથી મુક્તિ અપાવવામાં પોતાની ભૂમિકા ભજવી છે અને બ્રિટીશ સરકાર દ્વારા ભારતીયોની અમાનવીય હત્યાનો બદલો લીધો છે. અદાલત દ્વારા તેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી. ૧૭ ઓગસ્ટ ૧૯૦૯ના રોજ લંડનની પેન્ટવિલે જેલમાં તેમને ફાંસી આપવામાં આવી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# પ્રફુલ્લ ચાકી

(૧૦ ડિસેમ્બર ૧૮૮૮ - ૧ મે ૧૯૦૮)

ક્રાંતિકારી પ્રફુલ્લ ચાકી (૧૦ ડિસેમ્બર ૧૮૮૮ -૧ મે ૧૯૦૮)નું નામ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના ઇતિહાસમાં અત્યંત સન્માનપૂર્વક લેવામાં આવે છે. તેમનો જન્મ ઉત્તર બંગાળમાં આવેલા બોગરા ગામ (હાલમાં આ ગામ બાંગ્લાદેશમાં આવેલું છે.) ખાતે થયો હતો. જ્યારે તેમની ઉંમર બે વર્ષની હતી ત્યારે એમના પિતાજીનું નિધન થયું હતું. એમની માતાએ અત્યંત કઠિનાઈઓ પાર કરી એમનું પાલન પોષણ કર્યું હતું.

વિદ્યાર્થી જીવન વેળાએ જ એમનો પરિચય સ્વામી મહેશ્વરાનંદ દ્વારા સ્થાપિત ગુપ્ત ક્રાંતિકારી સંગઠન સાથે થયો હતો. પ્રફુલ્લ ચાકીએ સ્વામી વિવેકાનંદના સાહિત્યનો અભ્યાસ કર્યો અને તેઓ એનાથી અત્યંત પ્રભાવિત થયા હતા. અનેક ક્રાંતિકારીઓના વિચારોનું પણ પ્રફુલ્લજીએ અધ્યયન કર્યું, જેના કારણે એમની અંદર દેશને સ્વતંત્ર કરાવવા માટેની ભાવના બળવત્તર થતી ગઈ.

બંગાળ વિભાજનના સમય વેળા અનેક લોકો એના વિરોધમાં ઊભા રહ્યા. અનેક વિદ્યાર્થીઓએ પણ આ આંદોલનમાં જોર-શોરથી ભાગ લીધો હતો. પ્રફુલ્લજીએ પણ આ આંદોલનમાં ભાગ લીધો હતો. તેઓ આ સમય દરમિયાન રંગપુર જિલ્લા શાળામાં નવમા ધોરણમાં અભ્યાસ કરતા હતા. પ્રફુલ્લજીને આંદોલનમાં ભાગ લેવાને કારણે એમના વિદ્યાલયમાંથી કાઢી મુકવામાં આવ્યા. ત્યારબાદ પ્રફુલ્લજીનો સંપર્ક ક્રાંતિકારીઓના યુગાંતર પાર્ટી નામના સંગઠન સાથે થયો હતો.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# અસફ અલી

(૧૧ મે ૧૮૮૮ - ૨ એપ્રિલ ૧૯૫૩)

અસફ અલી (૧૧ મે ૧૮૮૮ - ૨ એપ્રિલ ૧૯૫૩) એક ભારતીય સ્વતંત્ર સેનાની અને જાણીતા ભારતીય વકીલ હતા. તેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં ભારતના પ્રથમ રાજદૂત હતા. તેમણે ઑડિશાના રાજ્યપાલ તરીકે પણ કામ કર્યું.

ઈ.સ. ૧૯૧૪ માં, તુર્કસ્તાન (ઓટ્ટોમન સામ્રાજ્ય) પર બ્રિટિશ હુમલાની ભારતીય મુસ્લિમ સમુદાય પર મોટી અસર થઈ. અસફ અલીએ તુર્કી પક્ષને ટેકો આપ્યો અને પ્રીવી કાઉન્સિલમાંથી રાજીનામું આપ્યું. તેમણે આને અસહકારના કૃત્ય તરીકે જોયું અને ડિસેમ્બર ૧૯૧૪ માં ભારત પાછા ફર્યા. ભારત પાછા ફર્યા પછી અસફ અલી રાષ્ટ્રવાદી આંદોલનમાં ભારે ભાગ લેતા થયા.

મુસ્લિમ રાષ્ટ્રવાદી પક્ષના સભ્ય તરીકે તેઓ ૧૯૩૫માં કેન્દ્રીય વિધાનસભામાં ચૂંટાયા હતા. તે પછી તેઓ કોંગ્રેસના સભ્ય તરીકે નોંધપાત્ર બન્યા અને તેના ઉપ-નેતા નિમાયા.

સ્વતંત્રતાnee ચળવળ દરમિયાન અસફ અલીનેએ ઑગસ્ટ ૧૯૪૨ માં ઑલ ઈન્ડિયા કોંગ્રેસ સમિતિ દ્વારા અપનાવવામાં આવેલા 'ભારત છોડો'ના ઠરાવને પગલે જેલની સજા કરવામાં આવી હતી. જવાહરલાલ નેહરુ અને કોંગ્રેસ કાર્યકારી સમિતિના અન્ય સભ્યોની સાથે તેમને અહમદનગર ફોર્ટ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા.

૨ સપ્ટેમ્બર, ૧૯૪૬ માં જવાહરલાલ નેહરુની અધ્યક્ષતા હેઠળ રચાયેલી ભારતની વચગાળાની સરકારમાં તેઓ રેલ્વે અને પરિવહનના પ્રભારી હતા. તેમણે ફેબ્રુઆરી ૧૯૪૭ થી એપ્રિલ ૧૯૪૭ ના મધ્યમાં યુએસએમાં ભારતના પ્રથમ રાજદૂત તરીકે સેવા આપી હતી.

અસફ અલી દેશના સૌથી પ્રતિષ્ઠિત વકીલોમાંના એક હતા. તેમણે ૮ એપ્રિલ ૧૯૨૯ ના રોજ કેન્દ્રીય વિધાનસભામાં બોમ્બ ફેંકાવાની ઘટના પછી વકીલ તરીકે સેવા આપી, આરોપી ભગત સિંહ અને બટુકેશ્વર દત્તનો બચાવ કર્યો હતો.

૧૯૪૫ માં દેશદ્રોહનો આરોપી ઠરાવાયેલા આઝાદ હિંદ ફોજના રક્ષણ માટે કોંગ્રેસે એક આઈએનએ સંરક્ષણ ટીમ સ્થાપી હતી. અલી, આ ટીમના માટે ના કન્વીનર બન્યા હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# કલ્પના દત્ત

(૨૭ જુલાઈ ૧૯૧૩ - ૮ ફેબ્રુઆરી ૧૯૯૫)


કલ્પના દત્ત (૨૭ જુલાઈ ૧૯૧૩ - ૮ ફેબ્રુઆરી ૧૯૯૫) (પાછળથી કલ્પના જોશી) એક ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર અને સૂર્ય સેનની આગેવાની હેઠળ યોજાયેલી સશસ્ત્ર સ્વતંત્રતા ચળવળના સભ્ય હતા, જેણે ૧૯૩૦ માં ચિત્તગોંગ (ચટગાંવ) શસ્ત્રાગાર પર દરોડો પાડ્યો હતો. બાદમાં તેઓ ભારતીય કમ્યુનિસ્ટ પાર્ટીમાં સામેલ થયા અને ઈ.સ. ૧૯૪૩ માં ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ પૂરણચંદ જોશી સાથે લગ્ન કર્યા.

૧૮ એપ્રિલ ૧૯૩૦ ના રોજ ચિત્તાગોંગ શસ્ત્રાગાર પર દરોડા પાડવામાં આવ્યા હતા. મે ૧૯૩૧ માં તેઓ સૂર્ય સેનની આગેવાની હેઠળ સશસ્ત્ર ક્રાંતિકારી જૂથ "ભારતીય રિપબ્લિકન આર્મી, ચટગ્રામ શાખા" માં જોડાયા. સપ્ટેમ્બર, ૧૯૩૧ માં સૂર્ય સેને તેને પ્રિતિલતા વાડ્ડેદારની સાથે ચિતાગોંગમાં યુરોપિયન ક્લબ પર હુમલો કરવાની જવાબદારી સોંપી. પરંતુ આ હુમલાના એક અઠવાડિયા પહેલા, તે વિસ્તારની જાસૂસી કાર્યવાહી કરતી વખતે તેણીની ધરપકડ કરવામાં આવી હતી. જામીન પર છૂટ્યા બાદ તે ભૂગર્ભમાં ગઈ હતી. ૧૭ ફેબ્રુઆરી ૧૯૩૩ ના દિવસે પોલીસે તેમના છુપાવવાના સ્થાન ગેરીલા ગામને ઘેરી લીધું હતું, અને સૂર્ય સેનની ધરપકડ કરવામાં આવી હતી પરંતુ કલ્પના ત્યાંથી છટકી ગયાં.

છેવટે ૧૯મી મે ૧૯૩૩ ના દિવસે તેમની ધરપકડ કરવામાં આવી. ચિત્તાગોંગ આર્મરી રેઇડ કેસની બીજી પૂરક સુનવણીમાં, કલ્પનાને આજીવન હદપારની સજા કરવામાં આવી. તેણીને ૧૯૩૯ માં મુક્ત કરવામાં આવી હતી.

કલ્પના દત્તે ૧૯૪૦ માં કોલકાતા વિશ્વવિદ્યાલયમાંથી સ્નાતક થયા અને ભારતની કમ્યુનિસ્ટ પાર્ટીમાં જોડાયા. ૧૯૪૩ ના બંગાળ દુષ્કાળ દરમિયાન અને બંગાળના ભાગલા દરમિયાન તેઓ રાહત કાર્યકર તરીકે કાર્ય કરતા હતા. તેણીએ બંગાળી ભાષામાં એક આત્મકથાત્મક પુસ્તક લખ્યું હતું, **"চট্টগ্রামে আগাগোড়কারী রোগীদের সংস্মৃতি"** જેનું અંગ્રેજી ભાષાંતર અરુણ બોઝ અને નિખિલ ચક્રવર્તી દ્વારા દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું આમુખ તેમના પતિ, અને એક સામ્યવાદી નેતા પી.સી. જોશી દ્વારા "ચિત્તાગોંગ આર્મરી રાઇડર્સ: રીમાઇન્સિસન્સ" તરીકે, ઓક્ટોબર ૧૯૪૫ માં અંગ્રેજીમાં પ્રકાશિત થયું. ઈ.સ. ૧૯૪૬ માં, તેઓ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં ચિત્તાગોંગના ભારતીય કોમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયાના ઉમેદવાર તરીકે લડી હતી, પરંતુ તે જીતી શકી ન હતીબાદમાં, તેઓ ભારતીય સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટમાં જોડાયા, જ્યાં તેમણે નિવૃત્તિ સુધી કામ કર્યું. ૮ ફેબ્રુઆરી ૧૯૯૫ ના દિવસે તેમનું કોલકાતામાં અવસાન થયું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# વલ્લિઅપ્પન ઓલાગન્થાન ચિદમ્બરમ પિલ્લઈ
(૫ સપ્ટેમ્બર ૧૮૭૨- ૧૮ નવેમ્બર ૧૯૩૬,)

તેમના નામના શરૂઆતના શબ્દો વી.ઓ.સીથી જાણીતા હતા. તેઓ કપ્પલ ઊટ્ટિયા તમિલઝામ અને "ધ તમિલ હેલ્મ્સમેન" તરીકે પણ જાણીતા હતા. તેઓ તમિલ નેતા હતા. બાલ ગંગાધર તિલકના શિષ્ય હતા. તેમણે બ્રિટિશ જહાજો સામે સ્પર્ધામાં ઉતરીને સ્વદેશી સ્ટીમ નેવિગેશન કંપની સાથે મળીને સૌપ્રથમ વખત તુતિકોરિન અને કોલોમ્બો વચ્ચે સૌપ્રથમ ભારતીય જહાજ સેવાની શરૂઆત કરી હતી. તેઓ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના સભ્ય હતા. બ્રિટિશ સરકારે તેમની ઉપર રાજદ્રોહને આરોપ મુક્યો હતો અને આજીવન કેદની સજા ફટકારી હતી. તેમનું બેરિસ્ટરનું લાઈસન્સ પણ રદ કરી દેવામાં આવ્યું હતું.

ચેન્નાઈમાં તેઓ સ્વામી વિવેકાનંદ આશ્રમના એક સંત રામક્રિશ્નાનાન્થરને મળ્યા હતા જેમણે ચિદમ્બરમને "દેશ માટે કંઈક કરવાની" સલાહ આપી હતી. અહિંયા તેઓ તમિલ કવિ શ્રી ભારથિયારને મળ્યા અને બંન્નેની મુલાકાત ગાઢ મૈત્રીમાં પરીણમી હતી.

1890 અને 1900માં ઈન્ડિયન નેશનલ કોંગ્રેસના (આઈએનસી) બાલ ગંગાધર તિલક અને લાલા લાજપત રાયની આગેવાનીમાં સ્વાતંત્ર્ય ચળવળ અને સ્વદેશી ચળવળે જોર પકડ્યું હતું. 1892થી ચિદમ્બરમ તિલક મહારાજના પ્રભાવમાં આવ્યા હતા અને તેમના શિષ્ય બન્યા હતા. સુબ્રમણ્યમ સિવા અને સુબ્રમણ્યમ ભારથી સાથે તેઓ મદ્રાસ પ્રેસિડન્સી માટે પ્રમુખ પ્રવક્તા બન્યા હતા. બંગાળના ભાગલા બાદ 1905માં ચિદમ્બરમ રાજનીતિમાં પ્રવેશ્યા અને ઈન્ડિયન નેશનલ કોંગ્રેસમાં જોડાયા. સાલેમ જિલ્લાના કોંગ્રેસના સત્રમાં તેમણે અધ્યક્ષતા સંભાળી હતી

વર્ષ 1908 દરમિયાન ચિદમ્બરમની રાજકીય સક્રિયતા તરફ બ્રિટિશરોનું ધ્યાન ખેંચાયું હતું. બંગાળી નેતા બિપિન ચંદ્ર પાલ મુક્ત કરાતા આ પ્રસંગની ઉજવણી કરતી રેલીને સંબોધન કરવાના ચિદમ્બરમના ઇરાદાને ધ્યાનમાં લઇને બ્રિટિશ અધિકારી વિન્ચે ચિદમ્બરમ અને તેમના રાજકીય મિત્ર સુભ્રમણ્ય શિવાને થિરૂનેલ્વેલીમાં મળવા બોલાવ્યાં હતાં. આ બેઠકમાં વિન્ચે ચિદમ્બરમની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને તેમની પાસેથી ખાતરી માગી હતી કે તેઓ કોઇપણ રાજકીય બળવામાં હિસ્સો લેશે નહીં. જોકે, ચિદમ્બરમે આ શરતો સ્વિકારવાનું ફગાવી દીધું, જેના પગલે 12મી માર્ચ, 1908ના રોજ તેમની અને શિવાની ધરપકડ કરવામાં આવી હતી.

વર્ષ 1961માં કન્નડ ફિલ્મ ડિરેક્ટર બીઆર પન્થાલુએ ચિદમ્બરમના જીવન પર કપ્પાલોટ્ટીયા થામિઝ્હાન નામની ફિલ્મ બનાવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ગોપાલ કૃષ્ણ ગોખલે

(૯ મે, ૧૮૬૬ – ૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૫)

ગોપાલ કૃષ્ણ ગોખલે (૯ મે, ૧૮૬૬ –૧૯ ફેબ્રુઆરી, ૧૯૧૫) ભારતીય સ્વતંત્રતા ચળવળના ઉદારવાદી રાજનેતા અને સમાજ સુધારક હતા. તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને 'સર્વન્ટ્સ ઓફ ઈન્ડિયા સોસાયટી'ના સ્થાપક હતા. સોસાયટી ઉપરાંત કોંગ્રેસ તેમજ અન્ય ધારાસભા એકમોની મદદથી તેમણે સ્વશાસન અને સમાજ સુધારણા અભિયાન ચલાવ્યા. તેઓ કોંગ્રેસ પક્ષના ઉદારવાદી જૂથના નેતા હતા જેમણે પ્રવર્તમાન સરકારી સંસ્થાઓ સાથે કામગીરી કરીને સુધારાઓની હિમાયત કરી.

ગોખલે ૧૮૮૯માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સભ્ય બન્યા. બાલ ગંગાધર તિલક, દાદાભાઈ નવરોજી, બિપિનચંદ્ર પાલ, લાલા લાજપતરાય, એની બેસન્ટ જેવા સમકાલીન નેતાઓની સાથે ગોખલે પણ સામાન્ય ભારતીયો માટે સાર્વજનિક વિષયો પર વધુ રાજનૈતિક પ્રતિનિધિત્વ અને શક્તિ પ્રાપ્ત કરવા માટે દશકો સુધી સંઘર્ષરત રહ્યા. તેમણે આયરલેન્ડનો પ્રવાસ કર્યો અને કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે આયરીશ રાષ્ટ્રવાદી અલ્ફ્રેડ વેબની નિમણુંક કરી. આગામી વર્ષે તેઓ તિલક સાથે કોંગ્રેસના સંયુક્ત સચિવ બન્યા. ઘણે અંશે તિલક અને ગોખલેની શરૂઆતની કારકિર્દી સમાંતરે રહી. બન્ને ચિતપવન બ્રાહ્મણ હતા, બન્ને એલફીસ્ટન મહાવિદ્યાલયના વિદ્યાર્થી હતા, બન્ને ગણિતના પ્રાધ્યાપક હતા અને બન્ને ડેક્કન એજ્યુકેશનલ સોસાયટીના મહત્ત્વપૂર્ણ સભ્યો હતા. જોકે ભારતીયોના જીવનને વધુ બહેતર બનાવવાના વિષયમાં બન્નેના વિચારોમાં મતભેદ રહ્યો.

બ્રિટીશ સરકાર દ્વારા ૧૮૯૧–૯૨માં ધ એજ઼ ઓફ કન્સેન્ટવિધેયક પસાર કરવામાં આવ્યું. ગોખલેએ આ વિધેયકને હિંદુ ધર્મમાં પ્રવર્તમાન અંધવિશ્વાસ અને દુર્વ્યવહારને સમાપ્ત કરવાના પગલાં તરીકે જોયું અને બાળવિવાહને અટકાવતા આ વિધેયકનું સમર્થન કર્યું. વિધેયક કઠોર ન હતું. ફક્ત લગ્નની વયમર્યાદા ૧૦ વર્ષથી વધારીને ૧૨ વર્ષ કરવામાં આવી હતી. બાળવિવાહ સમાપ્ત કરવાના મુદ્દા પર તિલકને વાંધો ન હતો પરંતુ તેમણે હિન્દુ પરંપરા પર બ્રિટીશ હસ્તક્ષેપનો પુરજોરમાં વિરોધ નોંધાવ્યો. તિલકના મતે સુધાર આંદોલનો બ્રિટીશ શાસન હેઠળ લાગુ ન કરતાં સ્વતંત્રતા મેળવી ભારતીયો સ્વયં તેને લાગુ કરે જોકે પ્રસ્તાવિત વિધેયક બોમ્બે પ્રેસીડેન્સીમાં કાયદાનું સ્વરુપ ધારણ કરવામાં સફળ રહ્યો હતો

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બખ્તખાન

(૧૭૯૭ – ૧૩ મે ૧૮૫૯)

બખ્તખાન (૧૭૯૭ – ૧૩ મે ૧૮૫૯)એ ઇસ્ટ ઈન્ડિયા કંપની વિરુદ્ધ ભડકેલી ૧૮૫૭ની ભારતીય ક્રાંતિ દરમિયાન દિલ્હીના પ્રદેશમાં ભારતીય ક્રંતિદળોના સેનાપતિ હતા.

બખ્તખાન એક પશ્તુન હતા તેઓ રોહિલાઓના એક શાખા યુસફઝાઈના સેનાપતિ નજીબ-ઉલ-દૌલાનો ના કુટુંબી હતા. તેમનો જન્મ રોહિલખંડના બિજનૌરમાં થયો હતો અને તે પછી તેઓ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સૈન્યમાં સુબેદાર બન્યા હતા, તેમણે બંગાળના ઘોડેસવાર તોપખાનામાં ચાલીસ વર્ષનો અનુભવ મેળવ્યો હતો અને પ્રથમ એંગ્લો-અફઘાન યુદ્ધ જોયું હતું. ૧૮૫૯ માં પાકિસ્તાનના બુનેરમાં તેમનું અવસાન થયું.

ક્રાંતિ પૂર્વે સુબેદાર બખ્તખાન ઘણા બ્રિટિશ અધિકારીઓમાં જાણીતા હતા. તેમાંના ઘણા તો ૧૮૫૭ માં દિલ્હીના ઘેરા દરમિયાન તેમની વિરુદ્ધ પણ લડ્યા હતા. એક કર્નલે તેમને "ખૂબ જ બુદ્ધિશાળી પાત્ર" તરીકે વર્ણવ્યા, જે "અંગ્રેજી સમાજનો ખૂબ પ્રેમી" હતો.

જ્યારે સિપાહીઓને કથિત રીતે ચરબી (ડુક્કરની ચરબી) નુંઆવરણ લગાડેલી રાઇફલ કારતુસ વાપરવાની સિપાહીઓને ફરજ પાડવામાં આવી ત્યારે ૧૮૫૭ની ભારતીય ક્રાંતિ શરૂ થઈ. આનાથી મુસ્લિમ સૈનિકો નારાજ થયા કારણ કે તેમને ઇસ્લામમાં ડુક્કરનું માંસ ખાવાની મંજૂરી નથી તેમજ શાકાહારી હિન્દુ સૈનિકોને નારાજગી પહેલેથી હતી. અંગ્રેજો વિરુદ્ધ સામે દિલ્હીના આસપાસના વિસ્તારોમાં આ ક્રાંતિ ઝડપથી ફેલાઈ હતી.

બરેલીમાં ક્રાંતિ ફાટી નીકળતાં, સુબેદાર બહાદુર ખાનને તેમના સેનાપતિ ઘોષિત કરવામાં આવ્યા. જ્યારે બખ્ત ખાને મેરઠમાં ક્રાંતિ વિષે સાંભળ્યું, ત્યારે તેણે મોગલ બાદશાહ બહાદુર શાહ ઝફરની સેનાને ટેકો આપવા માટે દિલ્હી તરફ પ્રયાણ કરવાનું નક્કી કર્યું. બખ્તખાન ૧ જુલાઈ, ૧૮૫૭ ના દિવસે મોટી સંખ્યામાં રોહિલા સિપાહીઓ સાથે દિલ્હી પહોંચ્યો ત્યાં સુધીમાં, ક્રાંતિ દળો દ્વારા આ શહેર પહેલેથી જ લઈ લેવામાં આવ્યું હતું અને મોગલ શાસક બહાદુર શાહ ઝફરને ભારતનો સમ્રાટ જાહેર કરવામાં આવ્યો હતો. બખ્તખાનના નેતૃત્વમાં બરેલી બ્રિગેડમાં બંગાળ નેટીવ ઇન્ફન્ટ્રીની ચાર રેજિમેન્ટ, ઘોડેસવારોની એક અને આર્ટિલરીની બેટરી શામેલ હતી. આ નોંધપાત્ર મજબૂત સૈન્યની સારી વ્યવસ્થામાં કૂચ જોઈને, દિલ્હીની ઘેરાબંધી કરનાર અંગ્રેજો નવાઈ પામ્યા હતા અને બહાદુર શાહ ઝફર પણ પ્રભાવિત થયા હતા. બખ્ત અને તેના અધિકારીઓને ઝડપથી સમ્રાટ સાથે મળવા બોલાવવામાં આવ્યા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ઇન્દુલાલ યાજ્ઞિક

(૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨ - ૧૭ જુલાઇ ૧૯૭૨)

ઇન્દુલાલ કનૈયાલાલ યાજ્ઞિક (૨૨ ફેબ્રુઆરી ૧૮૯૨ - ૧૭ જુલાઇ ૯૭૨) (ઉપનામ: પામદત્ત) જેઓ ઈન્દુચાચા તરીકે જાણીતા હતા, ગુજરાતના સમાજશાસ્ત્રી, આત્મકથાકાર, નાટ્યકાર, નવલકથાકાર હતા.

તેમનો જન્મ નડીઆદમાં થયો હતો. પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ પણ તેમણે ત્યાં જ મેળવ્યું હતું. તેઓ ૧૯૦૬માં મૅટ્રિક, ૧૯૧૦માં પદાર્થવિજ્ઞાન-રસાયણશાસ્ત્ર વિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. અને ૧૯૧૨માં એલએલ.બી. થયા હતા.

તેમણે ૧૯૧૩ થી ૧૯૧૫ સુધી વકીલાત કરી હતી તે દરમિયાન ‘હિંદુસ્તાન’ દૈનિકમાં અગ્રલેખો લખવાની શરૂઆત. પણ તેમણે કરેલી. ૧૯૧૫માં વકીલાત છોડી સમાજસેવા અને દેશસેવામાં જીવન સમર્પિત કરવાનો નિર્ણય કર્યો હતો. ‘નવજીવન અને સત્ય’ માસિકના તંત્રી તરીકે તેમણે સેવા આપી હતી અને ૧૯૨૨માં ‘યુગધર્મ’ની શરૂઆત પણ કરી હતી. દેશસેવાનું કામ છોડી થોડા વખત ફિલ્મક્ષેત્રમાં પણ તેમણે જંપલાવ્યું હતું.

‘પાવાગઢનું પતન’ ફિલ્મનું નિર્માણ તેમના દ્વારા કરાયું હતું. બીજી ફિલ્મ ઉતારવાનો પ્રયત્ન કર્યો હતો પણ અધૂરો રહ્યો હતો.. ૧૯૩૦ થી ૧૯૩૫ સુધી વિદેશમાં વસવાટ કર્યો હતો. ૧૯૩૬માં ભારત પાછા આવી વિવિધ રાજકીય આંદલનોમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ૧૯૪૨માં ‘નૂતન ગુજરાત’ના તંત્રી તરીકે જોડાયા હતા. બાદમાં ૧૯૪૪માં નેનપુરમાં આશ્રમ ખોલીને રચનાત્મક પ્રવૃત્તિઓ આરંભી હતી. તેમને નર્મદ સુવર્ણચંદ્રકથી સન્માનિત કરવામાં આવ્યા હતા. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી મહાગુજરાત આંદોલનના સેનાની તરીકે પણ તેમણે સક્રિય ભૂમિકા ભજવી હતી. ઘણાં વર્ષ સુધી લોક સભાના સભ્ય રહ્યા હતા.

૧૭ જુલાઈ ૧૯૭૨ના રોજ અમદાવાદ ખાતે તેમનું અવસાન થયું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ચિતરંજનદાસ

(૫ નવેમ્બર ૧૮૭૦ - ૧૬ જૂન ૧૯૨૫)

ચિતરંજનદાસ (૫ નવેમ્બર ૧૮૭૦ - ૧૬ જૂન ૧૯૨૫) બંગાળનાં જાણીતા વકીલ અને ભારતીય સ્વતંત્રતા સંગ્રામનાં એક પ્રમુખ કાર્યકર્તા તેમજ સ્વરાજ પાર્ટીના સંસ્થાપક નેતા હતા. તેઓ "દેશબંધુ" ના નામે પણ જાણીતા હતા

ચિતરંજનદાસ અનુશીલન સમિતિની પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા હતા. ૧૯૧૯–૧૯૨૨ના અસહયોગ આંદોલન દરમિયાન તેઓ બંગાળના અગ્રણી નેતા હતા. તેમણે બ્રિટીશ કાપડ પર પ્રતિબંધ મૂકવાની સાથે વિદેશી કપડાંની હોળી કરી ખાદીના કપડાં પહેરવાની શરૂઆત કરી. તેમણે ફોરવર્ડ નામનું દૈનિક ચાલું કર્યું જેને બાદમાં બ્રિટીશ શાસન વિરુદ્ધની લડત માટે લિબર્ટી નામ અપાયું. કલકત્તા નગર નિગમની સ્થાપના થતાં તેઓ તેના પ્રથમ મેયર બન્યા. તેઓ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટે અહિંસા અને સંવૈધાનિક પદ્ધતિમાં વિશ્વાસ ધરાવતા હતા તથા હિંદુ–મુસ્લિમ એકતા, સહયોગ અને સાંપ્રદાયિક સદ્‌ભાવની તરફેણ કરતા હતા. મહાત્મા ગાંધીના જૂથના નો કાઉન્સિલ એન્ટ્રી ઠરાવને અનુમોદન ન મળતાં તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના ગયા ખાતેના અધિવેશનમાં અધ્યક્ષપદેથી રાજીનામું આપી દીધું. ૧૯૨૩માં તેમણે મોતીલાલ નહેરૂ તથા હુસૈન શહીદ સુહરાવર્દીના સહયોગથી સ્વરાજ પાર્ટીની સ્થાપના કરી.

નરમ સ્વાસ્થ્યને પગલે તેઓ દાર્જિલિંગ ચાલ્યા ગયા હતા જ્યાં ૧૬ જૂન ૧૯૨૫ના રોજ તેમનું નિધન થયું હતું

ભારતીય ટપાલ વિભાગ દ્વારા તેમના સન્માનમાં એક સ્મારક ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી છે.




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મોરારજી દેસાઈ

(ફેબ્રુઆરી ૨૯, ૧૮૯૬ – એપ્રિલ ૧૦, ૧૯૯૫)

મોરારજી દેસાઈ (ફેબ્રુઆરી ૨૯,૧૮૯૬ –એપ્રિલ ૧૦,૧૯૯૫) (આખું નામ: મોરારજી રણછોડજી દેસાઈ) ભારત દેશના સ્વાતંત્ર્ય સેનાની અને ચોથા વડાપ્રધાન (ઇ. સ. ૧૯૭૭થી ૭૯) હતા. તેઓ એવા પ્રથમ વડાપ્રધાન હતા કે જેઓ ભારતીય રાષ્ટ્રીય કાંગ્રેસના બદલે અન્ય કોઇ રાજકીય પક્ષમાંથી ચુંટાયા હતા. તેમણે સરકારમાં કેટલાય મહત્વના હોદ્દાઓ સંભાળ્યા હતા, જેવાંકે, મુંબઇ રાજ્યનાં મુખ્યમંત્રી, ગૃહ પ્રધાન, નાણા પ્રધાન અને ભારતના નાયબ વડાપ્રધાન. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે, મોરારજી દેસાઇ તેમના શાંતિ માટેનાં પ્રયત્નો અને દક્ષિણ એશિયાના બે દુશ્મન દેશો ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિ માટેના પ્રયત્નો માટે જાણીતા છે. ૧૯૭૪માં ભારતના પ્રથમ અણુધડાકા પછી, મોરારજીભાઈએ ચીન અને પાકિસ્તાન સાથે મૈત્રીભર્યા સંબંધો સ્થાપિત કરવામાં ભાગ ભજવ્યો હતો અને ભારત-પાકિસ્તાનનાં ૧૯૭૧ યુધ્ધ જેવી પરિસ્થિતી નીવારી હતી. ઘર આંગણે, તેમણે ૧૯૭૪ના અણુધડાકા પછી ભારતના અણુ કાર્યક્રમમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પાછળથી તેમની નીતિઓએ મુખ્યત્વે સામાજિક, આરોગ્ય સંબંધિત અને સંચાલન ક્ષેત્રના સુધારાઓને ઉત્તેજન આપ્યું. તેઓ એકમાત્ર એવા વ્યક્તિ છે જેઓને ભારત દેશના સર્વોચ્ચ સમ્માન ભારત રત્ન (૧૯૯૧) તેમ જ પાકિસ્તાન દેશના સર્વોચ્ચ સમ્માન નિશાન-એ-પાકિસ્તાન (૧૯૯૦)થી સન્માનિત કરવામાં આવ્યા હોય. આજે પણ માત્ર બે રૂપિયા અને ૨૦ પૈસામાં ખાંડ આપનાર વડાપ્રધાન તરીકે લોકો મોરારજી દેસાઈ ને યાદ કરે છે. આ ઉપરાંત ચુસ્ત સિદ્ધાંતવાદી, નિયમિતપણે સ્વમૂત્ર તેમજ ફળાહાર જેવા કુદરતી ઉપચાર વડે તંદુરસ્ત શરીર જાળવનાર તરીકે પણ લોકો એમને યાદ કરે છે

મોરારજી દેસાઈનો જન્મ તત્કાલીન બોમ્બે પ્રેસિડન્સીના વિસ્તારમાં આવતા વલસાડ જિલ્લાના તેમજ તાલુકામાં આવેલા ભદેલી ગામમાં થયો હતો. આ ગામ હાલમાં ગુજરાત રાજ્યમાં આવે છે. તેઓનું પ્રાથમિક શિક્ષણ સૌરાષ્ટ્રમાં કુંડલા શાળા, સાવરકુંડલા (જે અત્યારે જે.વી. મોદી શાળા તરીકે ઓળખાય છે) માં થયું. ત્યાર બાદ તેઓએ બાઇ અવાં બાઇ હાઇસ્કૂલ, વલસાડમાં શિક્ષણ લીધું. મોરારજીભાઈએ વિલ્સન કૉલેજ, મુંબઈ, મહારાષ્ટ્ર થી સ્નાતક ની પરીક્ષા ઉતીર્ણ કરી હતી. ત્યાર પછી તેઓ ગુજરાત માં નાગરીક (સિવિલ) સેવામાં ગોધરામાં નાયબ કલેક્ટર તરીકે જોડાયા હતા. એમણે મે, ૧૯૩૦ના વર્ષમાં નોકરી માંથી રાજીનામું આપ્યું. ત્યારબાદ તેઓ આઝાદીની ચળવળમાં જોડાયા. ઇ. સ. ૧૯૩૦ ના વર્ષમાં તેમણે અસહકારની ચળવળમાં ભાગ લીધો હતો. સ્વતંત્રતા સંગ્રામ માં ભાગ લેવાને કારણે એમણે જેલ જવું પડ્યું હતું અને એમણે ઘણો સમય જેલમાં વિતાવ્યો હતો. પોતાની નેતૃત્વ ક્ષમતાને કારણે તેઓ સ્વતંત્રતા સંગ્રામ સેનાનીઓના વહાલા રહ્યા અને ગુજરાત કોંગ્રેસના મહત્વપૂર્ણ નેતા રહ્યા હતા. જ્યારે ઇ. સ. ૧૯૩૪ અને ઇ.સ. ૧૯૩૭ના સમય માં પ્રાંતિય પરિષદોની ચુંટણીઓ થઇ ત્યારે તેઓ ચુંટાયા હતા તથા તેમણે બોમ્બે પ્રેસિડન્સી માં નાણાં (વિત્ત) મંત્રી તેમ જ ગૃહ મંત્રી તરીકે ની જવાબદારીઓ નિભાવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બલવંત રાય મહેતા

(૧૯ ફેબ્રુઆરી, ૧૯૦૦ - ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫)

બલવંત રાય મહેતા (૧૯ ફેબ્રુઆરી, ૧૯૦૦ - ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫) એ ભારત દેશના ગુજરાત રાજ્યના દ્વિતીય મુખ્ય મંત્રી, તરીકે સેવા આપી હતી. તેઓ એક ભારતીય રાજકારણી હતા. તેમણે ભારતની સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. તેમને લોકશાહી વિકેન્દ્રીકરણ તરફના તેમના યોગદાન માટે "પંચાયતી રાજ શિલ્પી" તરીકે ગણવામાં આવે છે.

બલવંત રાય મહેતાનો જન્મ મધ્યમ વર્ગના કુટુંબમાં ભાવનગર રાજ્યમાં ૧૯ ફેબ્રુઆરી, ૧૯૦૦ ના રોજ થયો. તેમણે બી.એ. સુધી અભ્યાસ કર્યો, પરંતુ વિદેશી સરકારનું પ્રમાણપત્ર લેવા ઇનકાર કર્યો હતો. તેમણે ભારતની સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. તેઓ ૧૯૨૦ માં અસહકારની રાષ્ટ્રીય ચળવળ જોડાયા હતા. તેમણે રાજ્યમાં સ્વતંત્રતા ચળવળ પર વહન માટે ૧૯૨૧ માં ભાવનગર પ્રજા મંડળ સ્થાપના કરી હતી. તેમણે ૧૯૩૦ થી ૧૯૩૨ ના નાગરિક અસહકાર આંદોલનમાં ભાગ લીધો હતો. તેમણે બારડોલી સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. તેમણે બ્રિટિશ રાજ દરમિયાન જેલમાં કુલ સાત વર્ષ ગાળ્યા. ૧૯૪૨ની ભારત છોડો ચળવળમાં ત્રણ વર્ષ કેદ માટે સજા કરવામાં આવી હતી. મહાત્મા ગાંધીના સૂચન પર, તેમણે કોંગ્રેસ કાર્યકારી સમિતિના સભ્યપદ સ્વીકારી હતી. જવાહરલાલ નેહરુ અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના પ્રમુખ બન્યા ત્યારે, તે તેના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા હતા. તેઓ બે વખત લોકસભામાં સંસદના સભ્ય તરીકે ૧૯૪૯ અને ૧૯૫૭માં ચૂંટાયા હતા. તેમણે સંસદના અંદાજ સમિતિ ચેરમેન હતા. તેમણે કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને નેશનલ એક્સ્ટેંશન સેવાના કામ પરીક્ષણ કરવા માટે અને તેમના વધુ સારી રીતે કામ માટે પગલાં સૂચવે છે. તેઓ જાન્યુઆરી ૧૯૫૭ માં ભારત સરકાર દ્વારા સુયોજિત સમિતિ અધ્યક્ષ બન્યા હતા. આ સમિતિએ નવેમ્બર ૧૯૫૭ માં તેનો અહેવાલ સુપરત કરેલો અને છેલ્લે પંચાયતી રાજ તરીકે ઓળખાતી હતી, જેણે 'લોકશાહી વિકેન્દ્રીકરણ' ની યોજનાનો સ્થાપના ભલામણ કરી છે. ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૩ ના રોજ તેઓ ગુજરાતના બીજા મુખ્ય પ્રધાન બન્યા હતા

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી પરિસ્થિતિ હતી ત્યારે સપ્ટેમ્બર ૧૯, ૧૯૬૫ ના રોજ, મુખ્ય મંત્રી મહેતાએ ભારત અને પાકિસ્તાન વચ્ચે કચ્છ સરહદ પર ટાટા કેમિકલ્સ, મીઠાપુરથી બીચક્રાફ્ટ વિમાનમાં ઉડાન ભરી. તેમાં જહાંગીર એન્જિનિયર, ભૂતપૂર્વ ભારતીય એર ફોર્સ પાયલોટ હતા. આ વિમાન પર તેના ઉપરી અધિકારીઓ થી ઓર્ડર પ્રાપ્ત કર્યા પછી પાકિસ્તાન એર ફોર્સ પાયલોટ કઇસ હુસૈન દ્વારા ગોળી ચલાવવામાં આવી હતી. મહેતાનું, તેમની પત્ની, તેમના ત્રણ સભ્યો, એક પત્રકાર અને બે વિમાન સભ્યો સાથે અકસ્માતમાં કચ્છના સુથરી ગામે મૃત્યુ થયું હતું

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ઉષા મહેતા

(૨૫ માર્ચ ૧૯૨૦; ૧૧ ઑગસ્ટ ૨૦૦૦)


એ એક ગાંધીવાદી સ્વાતંત્ર્ય સેનાની અને સમાજ સેવિકા હતા. ઈ.સ ૧૯૪૨ ના ભારત છોડો આંદોલન સમયે તેમણે રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ)ના છૂપા કે ભૂમિગત રેડિયો ચલાવવામાં યોગદાન આપ્યું હતું. ઈસ. ૧૯૯૮માં ભારત સરકારે તેમને ભારતનો બીજો સૌથી ગૌરવશાળી પુરસ્કાર, પદ્મવિભૂષણનો ખિતાબ આપ્યો હતો.

ગાંધીજી અને કોંગ્રેસે જાહેરાત કરી હતી કે ૯ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે ગોવાલિયા ટૅંક મેદાનથી અંગ્રેજો વિરૂદ્ધ 'ભારત છોડો' ચળવળ ચાલુ થશે. તે દિવસ પહેલાં જ ગાંધીજી અને અન્ય નેતાઓની ધરપકડ કરવામાં આવી. તેમ છતાં તે દિવસે ઘણી મોટી માનવ મેદની ગોવાલિયા ટૅંક મેદાનમાં જમા થઈ. લોકોને ઉદ્દેશીને ભાષણ કરવા અને ધ્વજ ફરકાવવાની જવાબ દારી કાર્યકરો અને નાના નેતાઓ પર આવી પડી. ૯ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે જેમણે ત્યાંધ્વજ ફરકાવ્યો તેમાં ઉષા મહેતા પણ એક હતાં. પાછળથી તે મેદાનનું "ઑગસ્ટ ક્રાંતિ મેદાન" રાખવામાં આવ્યું.

૧૪ ઑગસ્ટ ૧૯૪૨ના દિવસે ઉષા મહેતા અને તેમના અમુક સાથીઓએ ભૂમિગત કોંગ્રેસ રેડિયો શરૂ કર્યો. આ રેડિયો પર તેમણે પ્રથમ શબ્દો ઉચ્ચાર્યા હતા કે: "૪૨.૩૪ (વેવલેન્થ)પર ભારતના અમુક સ્થળેથી પ્રદર્શિત થતો આ કોંગ્રેસ રેડિયો છે." વિઠ્ઠલભાઈ ઝવેરી, ચંદ્રકાંત ઝવેરી, બાબુભાઈ ઠક્કર અને શિકાગો રેડિયોના માલિક નાન્કા મોટવાણી (તકનીકી સહયોગ પૂરા પાડનાર) તેમના સાથીઓ હતા. અન્ય કોંગ્રેસી નેતાઓ જેમ કે ડૉ રામ મનોહર લોહીયા, અચ્યુતરાવ પટવર્ધન અને પુરુષોત્તમ ત્રિકમદાસ આદિએ રેડિયોને માર્ગદર્શન આપ્યું.

રેડિયો પરથી મહાત્મા ગાંધી અને અન્ય જાણીતા ભારતીય નેતાઓના સંદેશાઓ પ્રસારીત કરવામાં રેડિયો પરથી મહાત્મા ગાંધી અને અન્ય જાણીતા ભારતીય નેતાઓના સંદેશાઓ પ્રસારીત કરવામાં આવતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ડૉ. રામ મનોહર લોહિયા

(૨૩ માર્ચ ૧૯૧૦ – ૧૨ ઓક્ટોબર ૧૯૬૭)

ડૉ. રામ મનોહર લોહિયા (૨૩ માર્ચ ૧૯૧૦ – ૧૨ ઓક્ટોબર ૧૯૬૭) ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને સમાજવાદી પક્ષના નેતા હતા.

લોહિયા કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટીના સંસ્થાપકો પૈકીના એક હતા અને પાર્ટીના મુખપત્ર કોંગ્રેસ સોશિયાલીસ્ટના સંપાદક પણ હતા. ૧૯૩૬માં જવાહરલાલ નહેરુ દ્વારા તેમની વરણી કોંગ્રેસની કેન્દ્રીય નિર્ણાયક સભા તરીકે કાર્યરત અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના વિદેશ સચિવ તરીકે કરવામાં આવી. બે વર્ષ સુધી સમિતિમાં સક્રિય રહ્યા બાદ ૧૯૩૮માં તેમણે આ જવાબદારીથી મુક્ત થઈ કોંગ્રેસના ગાંધીવાદી નેતૃત્વ દ્વારા આયોજીત પદોની આલોચનાત્મક તપાસ કરીને પોતાનો રાજનૈતિક દૃષ્ટિકોણ વિકસાવવાનું શરૂ કર્યું. જૂન ૧૯૪૦માં યુદ્ધ વિરોધી ભાષણ કરવા બદલ તેમની ધરપકડ કરવામાં આવી અને બે વર્ષની જેલની સજા ફટકારવામાં આવી પરંતુ ૧૯૪૧ના અંત સુધીમાં છોડી મૂકવામાં આવ્યા. ૧૯૪૨માં ગાંધીજી દ્વારા કરાયેલા આહ્વાન પર ભારત છોડો આંદોલન શરુ થયું તેમાં લોહિયાએ ગુપ્ત રીતે વિદ્રોહને સંગઠિત કરવાનું કાર્ય કર્યું હતું. ૧૯૪૪માં તેમની ધરપકડ કરવામાં આવી અને લાહોરની જેલમાં કેદ કરવામાં આવ્યા. ૧૧ એપ્રિલ ૧૯૪૬ના રોજ જયપ્રકાશ નારાયણ અને લોહિયાને મુકત કરવામાં આવ્યા.

૧૯૩૮માં કોંગ્રેસ પક્ષ છોડ્યા બાદ લોહિયા કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટી સાથે જોડાયા. ૧૯૪૨માં કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટી અને કિસાન મજદૂર પ્રજા પાર્ટી પરસ્પર વિલય પામી પ્રજા સોશિયાલીસ્ટ પાર્ટીનું ગઠન કર્યું. નવી પાર્ટીથી નાખુશ લોહિયાએ ૧૯૫૬માં પ્રજા સોશિયાલીસ્ટ પાર્ટીથી છેડો ફાડી સોશિયાલીસ્ટ પાર્ટી (લોહિયા)ની સ્થાપના કરી. ૧૯૬૨ની સામાન્ય ચૂંટણીમાં જવાહરલાલ નેહરુ સામે તેમને હારનો સામનો કરવો પડ્યો. ૧૯૬૩માં ફારુખાબાદ લોકસભા ક્ષેત્રની પેટા ચૂંટણીમાં જીત મેળવી લોકસભાના સદસ્ય બન્યા. ૧૯૬૫માં લોહિયાની સોશિયાલીસ્ટ પાર્ટીનો વિલય સંયુક્ત સોશિયાલીસ્ટ પાર્ટીમાં થયો. બન્ને સમાજવાદી પક્ષોના વિલય, વિભાજન અને પુનર્વિલય થતા રહ્યા. ૧૯૬૭ની સામાન્ય ચૂંટણીમાં તેમણે કનૌજ લોકસભા ક્ષેત્રનું પ્રતિનિધિત્વ કર્યું.

લોહિયાનું અવસાન ૧૨ ઓક્ટોબર ૧૯૬૭ના રોજ શસ્ત્રક્રિયા બાદ સ્વાસ્થ્ય સંબંધી જટીલતાઓના કારણે નવી દિલ્હી ખાતે થયું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# જયપ્રકાશ નારાયણ

(૧૧મી ઓક્ટોબર, ૧૯૦૨ - ૮મી ઓક્ટોબર, ૧૯૭૯)

જયપ્રકાશ નારાયણ (૧૧મી ઓક્ટોબર, ૧૯૦૨ - ૮મી ઓક્ટોબર, ૧૯૭૯) જે પી અથવા લોકનાયક તરીકે જાણીતા ભારતીય સ્વતંત્રતા સેનાની, સિદ્ધાંતકારી, સમાજવાદી અને રાજનેતા હતા. તેઓ ભારત છોડો આંદોલનના નાયક તરીકે પણ ઓળખાય છે તથા પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી વિરુદ્ધ ૧૯૭૦ના દશકના લોકતાંત્રિક વિરોધ માટે યાદ કરવામાં આવે છે. તેમનું જીવનચરિત્ર તેમના રાષ્ટ્રવાદી મિત્ર અને હિન્દી સાહિત્યના પ્રખ્યાત લેખક રામવૃક્ષ બેનીપુરીએ લખ્યું હતું. ૧૯૯૯માં તેમના સામાજીક કાર્યો માટે ભારતના સર્વોચ્ચ રાષ્ટ્રીય સન્માન ભારત રત્નથી (મરણોપરાંત) સન્માનિત કરવામાં આવ્યા. અન્ય પુરસ્કારોમાં મેગ્સેસ એવોર્ડ (૧૯૬૫) મુખ્ય છે.


૧૯૨૯ના અંતમાં નારાયણ એક માર્ક્સવાદી સમર્થકરૂપે ભારત પાછા ફર્યા. ૧૯૨૯માં જવાહરલાલ નહેરુના નિમંત્રણ પર તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સાથે જોડાયા. અહીં મહાત્મા ગાંધી તેમના માર્ગદર્શક બન્યા. તેમના ખૂબ જ નજીકના મિત્ર અને રાષ્ટ્રવાદી ગંગા શરણ સિંહા સાથે પટના ખાતે કદમ કૂવા નામના ઘરે ભાગીદારીમાં રહ્યા.

બ્રિટીશ શાસન વિરુદ્ધ સવિનય કાનૂનભંગની ચળવળમાં ભાગ લેવા બદલ ૧૯૩૨માં તેમને નાસિક જેલમાં કેદ કરવામાં આવ્યા. જેલવાસ દરમિયાન તેમની મુલાકાત રામ મનોહર લોહિયા, મીનૂ મસાણી, અચ્યુત પટવર્ધન, અશોક મહેતા, યુસુફ દેસાઈ, સી. કે. નારાયણસ્વામી તથા અન્ય રાષ્ટ્રીય નેતાઓ સાથે થઈ. કારાવાસમાંથી છૂટ્યા બાદ કોંગ્રેસના વામપંથી જૂથે કોંગ્રેસ સમાજવાદી પાર્ટીની સ્થાપના કરી. જેના અધ્યક્ષપદે આચાર્ય નરેન્દ્ર દેવ તથા જયપ્રકાશ મહાસચિવ બન્યા.

જ્યારે મહાત્મા ગાંધીએ ભારત છોડો આંદોલનની જાહેરાત કરી ત્યારે યોગેન્દ્ર શુક્લા, જયપ્રકાશ નારાયણ, સૂરજ નારાયણ સિંહ, ગુલાબચંદ ગુપ્તા, પંડિત રામનંદન મિશ્ર, શાલિંગ્રામ સિંહ તેમજ શ્યામ બરઠવાર સહિતના નેતાઓએ આઝાદી માટે ભૂમિગત આંદોલન શરૂ કરવાના લક્ષ્ય સાથે હજારીબાગ સેન્ટ્રલ જેલની દિવાલ ઓળંગી ભાગી છૂટ્યા હતા.

૧૯૪૭થી ૧૯૫૩ દરમિયાન જયપ્રકાશ ભારતીય રેલવેના સૌથી મોટા શ્રમિક સંઘ અખિલ ભારતીય રેલકર્મી મહાસંઘના અધ્યક્ષપદે રહ્યા હતા

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# સુચેતા કૃપાલાની

(૨૫ જૂન ૧૯૦૮ - ૧ ડિસેમ્બર ૧૯૭૪ )

સુચેતા કૃપાલાની (મઝુમદાર, ૨૫ જૂન ૧૯૦૮ - ૧ ડિસેમ્બર ૧૯૭૪ ) એક સ્વાતંત્ર્ય સેનાની અને રાજકારણી હતા. તેઓ ભારતના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન હતા, તેમણે ૧૯૬૩ થી ૧૯૬૭ દરમિયાન ઉત્તર પ્રદેશ સરકારના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી.

તેમના સમકાલીન અરુણા અસફ અલી અને ઉષા મહેતાની જેમ તેઓ ભારત છોડો આંદોલન દરમિયાન આગળ આવ્યા. ત્યાર બાદ તેમણે ભારતના ભાગલા સમયે થયેલા રમખાણો વખતે મહાત્મા ગાંધી સાથે મળીને કામ કર્યું હતું. ઈ.સ. ૧૯૪૬માં તેઓ ગાંધીજી સાથે નોઆખાલી ગયા હતા. તેણી કેટલીક એવી મહિલાઓમાંની એક હતી કે જેઓ બંધારણ સભામાં ચૂંટાયા હતી અને ભારતીય બંધારણના મુસદ્દા તૈયાર કરતી પેટા સમિતિનો ભાગ હતા. તે પેટા સમિતિ ભારતના બંધારણની રૂપરેખા બનાવી. ૧૪ ઑગસ્ટ, ૧૯૪૭ ના દિવસે, જવાહરલાલ નેહરુએ તેમના પ્રખ્યાત "ટાયરેસ્ટ વિથ ડેસ્ટિની" શીર્ષકનું ભાષણ આપ્યાની થોડી મિનિટો પહેલા, તેમણે બંધારણ સભાના સ્વતંત્રતા સત્રમાં વંદે માતરમ્ ગાયું હતું. તેમણે ઈ.સ. ૧૯૪૦માં ઑલ ઇન્ડિયા મહિલા કૉંગ્રેસની સ્થાપના કરી હતી.

સ્વતંત્રતા પછી તેઓ રાજકારણમાં સામેલ રહ્યા. ઈ.સ. ૧૯૫૨માં પહેલી લોકસભાની ચૂંટણીઓ માટે, તેમણે કે. એમ. પી. પી. ની ટિકિટ પર નવી દિલ્હીથી ચૂંટણી લડી હતી. આ પાર્ટી એક વર્ષ પહેલા જ તેના પતિ દ્વારા સ્થાપાઈ હતી. જો કે તે પાર્ટીની આવરદા ટૂંકી રહી હતી. તે ચૂંટણીમાં તેમણે કોંગ્રેસના ઉમેદવાર મનમોહિની સહગલને હરાવી હતી. પાંચ વર્ષ પછી, ફરી તેજ જ મત વિસ્તારમાંથી તેઓ ચૂંટાઇ આવ્યા હતા, પરંતુ આ વખતે તેમણે કોંગ્રેસના ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી. ઈ.સ. ૧૯૬૭માં ઉત્તર પ્રદેશના ગોંડા મતવિસ્તારથી તેઓ છેલ્લી વખત લોકસભા માટે ચૂંટાઇ આવ્યા હતા.

તેમણે ઈ.સ. ૧૯૭૧ માં રાજકારણમાંથી નિવૃત્તિ લીધી હતી અને ઈ.સ. ૧૯૭૪ માં તેમના મૃત્યુ સુધી તેઓ એકાંતમાં રહ્યા હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ




# કસ્તુરબા મોહનદાસ ગાંધી

(૧૧ એપ્રિલ ૧૮૬૯ –૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪)

કસ્તુરબા અથવા કસ્તુર મોહનદાસ ગાંધી (૧૧ એપ્રિલ ૧૮૬૯ –૨૨ ફેબ્રુઆરી ૧૯૪૪), જેમને પ્રેમથી બધા "બા" કહેતા, તેઓ મહાત્મા ગાંધીના ધર્મપત્ની હતા. તેમના લગ્ન ૧૩ વર્ષની ઉંમરે થયા હતા. લગ્ન સમયે તેઓ નિરક્ષર હતા, બાદમાં ગાંધીજીએ તેમને લખતા-વાંચતા શીખવ્યું.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ધર્મપત્ની કસ્તૂરબાનો જન્મ ગુજરાતના પોરબંદરમાં એપ્રિલ **1869**માં થયો હતો. મોહનદાસ કરમચંદ ગાંધી ઉર્ફે ગાંધીજી પોતાના પત્નીને બા તરીકે સંબોધતા એટલે કસ્તૂરબાઈ ‘કસ્તૂરબા’ તરીકે પ્રખ્યાત થયાં. ગાંધીજીની સાથોસાથ કસ્તૂરબાના જન્મને પણ તાજેતરમાં જ **150** વર્ષ થઈ ચૂક્યાં છે. એમના પિતાનું નામ ગોકુળદાસ અને માતાનું નામ વ્રજકુમારી હતું. માત્ર **13** વર્ષની ઉંમરે એમનું લગ્ન મોહનદાસ ગાંધી સાથે થયું હતું. ગાંધીજી કરતાં ઉંમરમાં એ **6** મહિના મોટા હતા. વિવાહ સમયે કસ્તૂરબાને અક્ષરજ્ઞાન ન હતું. ગાંધીજીના પ્રેમાગ્રહને લીધે કસ્તૂરબાએ ભણવાની વ્યક્તિગત પ્રવૃત્તિ સહિતની અનેકવિધ રાષ્ટ્રીય પ્રવૃત્તિઓમાં પણ ખભેખભો મિલાવીને સહકાર આપ્યો. ગાંધીજીએ કંઈકેટલીય બાબતોમાં કસ્તૂરબાને પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યાં છે. સત્યાગ્રહના જે અહિંસક શસ્ત્રથી ગાંધીજીએ ભારતને સ્વતંત્ર કરાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી એ સત્યાગ્રહના પાઠ એમને કસ્તૂરબાએ જ ભણાવ્યા હતા. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહની લડત દરમિયાન બાએ મહિલા સત્યાગ્રહીઓનું નેતૃત્વ પણ કરેલું. જ્યારે **9** જાન્યુઆરી **1915**ના રોજ ભારત પરત આવ્યા પછી બાપુએ સ્થાપેલા સાબરમતી આશ્રમની વ્યવસ્થા બાએ જ સંભાળી હતી. ગાંધીજીએ નોંધ્યું છે કે, એમનામાં એક ગુણ સૌથી સારો હતો કે જે દરેક હિન્દુ પત્નીમાં ઓછાવત્તા અંશે હોય જ છે- ઈચ્છા કે અનિચ્છાએ અથવા જાણે-અજાણ્યે એ મારા પદચિહ્નો પર ચાલવામાં ધન્યતા અનુભવતા હતા. ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા માટે જે કોઈ પણ આંદોલનો શરુ કર્યા એમાં કસ્તૂરબાએ પણ એક સજ્જ સૈનિક તરીકે ભાગ લીધો. દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા પછી ગાંધીજીએ સ્થાપેલા આશ્રમ અને એના રસોડાની જવાબદારી એમણે સ્વીકારી લીધી. સભા સરઘસમાં ભાગ લેવાને લીધે જેલવાસ પણ ભોગવ્યો. **9** ઓગસ્ટ **1942**ના રોજ ભારત છોડો આંદોલનમાં ગાંધીજીની સાથે **73** વર્ષની જૈફ વયના કસ્તૂરબાને પણ પૂનાની આગાખાન જેલમાં બંદી બનાવવામાં આવ્યા. ત્યાં એમનું સ્વાસ્થ્ય વધુ કથળ્યું. આખરે બાવીસમી ફેબ્રુઆરી **1944**ના રોજ **75** વર્ષીય કસ્તૂરબાનું અવસાન થયું. ગાંધીજી સાથેના **62** વર્ષના લગ્નજીવનમાં કસ્તૂરબા હંમેશા ગાંધીજીના મહત્ત્વના સાથી અને પીઠબળ બની રહ્યાં. ગાંધીજી કસ્તૂરબાને કાયમ કહ્યાં કરતાં કે, જો તમે જેલમાં મૃત્યુને પામશો તો હું મા જગદંબાની જેમ તમારી પૂજા કરીશ. ભારતની આઝાદી માટે જેમ ગાંધીજીના શબ્દો સાચા પડવાના હતાં એવી જ રીતે કસ્તૂરબાના જેલમાં અવસાન વિશેના શબ્દો પણ સાચા પડ્યાં. બાના અવસાન સાથે જ બાપુએ એમનો સૌથી નજીકનો સાથી અને સત્યાગ્રહી ગુમાવ્યો.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ખાન અબ્દુલ ગફાર ખાન

(૧૮૯૦ - ૨૦ જાન્યુઆરી ૧૯૮૮)

ખાન અબ્દુલ ગફાર ખાન (ફખર-એ-અફઘાન) અને (બાચા ખાન, મતલબ "સરદારોના બાદશાહ") (૧૮૯૦ - ૨૦ જાન્યુઆરી ૧૯૮૮) એક પઠાણ રાજકીય અને અધ્યાત્મિક આગેવાન હતા. તેઓ મહાત્મા ગાંધીના એક સારા દોસ્ત હતા અને તેઓ સરહદના ગાંધી તરીકે પણ ઓળખાવાય છે. તેઓ ભારતીય ઉપખંડમાં બ્રિટિશ શાસન વિરુદ્ધ જદોજહેદમાં અહિંસાના પ્રયોગ માટે જાણીતા છે. તેઓ શાંતિવાદી અને ધર્મનિષ્ઠ મુસલમાન હતા. ૧૯૧૦માં બાચા ખાને પોતાના મૂળ નગર ઉત્માનઝાઈમાં મદરેસા ખોલ્યા, અને ૧૯૧૧માં તુરંગઝાઈના હાજી સાહેબની આઝાદી તહેરીકમાં શામેલ થયા. પણ ૧૯૧૫માં બ્રિટિશ સરકારે તેમના મદરેસા પર પાબંદી મૂકી હતી. એક સમયે તેમનું સ્વપ્ન સંયુક્ત, સ્વતંત્ર અને ધર્મનિરપેક્ષ ભારત હતું. આ સ્વપ્ન માટે તેમણે ૧૯૨૦માં ખુદાઈ ખિદમતગાર નામે સંગઠનની સ્થાપના કરી. આ સંગઠન લાલ કુડતી કે બાદશાહ નામોથી પણ ઓળખાવાય છે.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# લાલા હરદયાળ

(૧૪ ઓક્ટોબર ૧૮૮૪ – ૪ માર્ચ ૧૯૩૯)

ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને ક્રાંતિકારી હતા. તેમણે ભારતીય સિવિલ સેવાની નોકરી ઠુકરાવી દીધી હતી. તેમની સરળ રહેણી–કરણી અને બૌદ્ધિક કૌશલ્યે અમેરિકા અને કેનેડામાં રહેનારા ઘણા પ્રવાસી ભારતીયોને પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટીશ સામ્રાજ્યવાદ સામે લડવા માટે પ્રેરીત કર્યા હતા.

તેઓ ૧૯૧૧માં અમેરિકા ચાલ્યા ગયા અને ઔદ્યોગિક સંઘવાદમાં જોડાયા. અહીં તેમણે ઈન્ડસ્ટ્રીયલ વર્કર્સ ઓફ ધ વર્લ્ડ (IWW)ની સાનફ્રાન્સિસ્કો શાખાના સચિવ તરીકે કાર્ય કર્યું. IWW છોડ્યા બાદ તેઓ જર્મનીના સામ્યવાદી પક્ષ સાથે જોડાયા. લાલ ઝંડાની બિરાદરીના સિદ્ધાંતોને રેખાંકિત કરતાં એક વક્તવ્યમાં તેમણે જણાવ્યું કે, "સામ્યવાદની સ્થાપના તથા ઔદ્યોગિક સંગઠન અને હળતાળના માધ્યમથી ભૂમિ અને પૂંજીમાં ખાનગી માલિકીની સંપતિને સમાપ્ત કરવી એ સરકારી સંગઠનોનું અંતિમ ઉન્મૂલન હશે." એક વર્ષ જેટલા સમય બાદ આ સંગઠનને ૬ એકર જમીન અને ઓકલેંન્ડમાં એક ઘર આપવામાં આવ્યું જ્યાં તેમણે બાકુનીન ઇન્સ્ટીટ્યુટ ઓફ કેલીફોર્નિયાની સ્થાપના કરી જેને તેઓ અરાજકતાનો પ્રથમ મઠ તરીકે વર્ણવે છે.

સંગઠને નિર્વાસિત મેક્સીકન રિકાર્ડો ફ્લોરેસ મેગોન અને એનરિક ફ્લોરેસ મેગોન દ્વારા સ્થાપિત રિજનરેસિઓન આંદોલન સાથે ગઠબંધન કરી લીધું. લાલા હરદયાળ સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં ભારતીય દર્શન અને સંસ્કૃત વિષયના વ્યાખ્યાતા હતા પરંતુ અરાજકતાવાદી આંદોલનમાં તેમની પ્રવૃત્તિઓને કારણે તેમને રાજીનામું આપવું પડ્યું હતું.

એપ્રિલ ૧૯૧૪માં અમેરિકન સરકારે અરાજકતાવાદી સાહિત્યના પ્રચાર–પ્રસાર કરવાના ગુના હેઠળ તેમની ધરપકડ કરી. જામીન પર છૂટકારો મળતાં જ અમેરિકા છોડી સ્વિત્ઝરલેંન્ડમાં જીનીવા ચાલ્યા ગયા. ત્યાં વંદે માતરમ નામનું સમાચારપત્ર ચાલુ કર્યું. ત્યારબાદ તેઓ જીનીવાથી બર્લિન (જર્મની) ચાલ્યા ગયા જ્યાં તેમણે ઇન્ડિપેન્ડેન્સ કમિટીની રચના કરી. કામા ગાટા મારું જહાજમાંના ભારતીયોને બળવામાં મદદરૂપ બન્યા. જર્મન સરકારે દોઢ વર્ષની કેદની સજા કરતાં બ્રિટીશ સામ્રાજ્ય વિરૂદ્ધની તેમની રાજકીય વિચારધારામાં પરિવર્તન આવ્યું. તેમને સમજાયું કે રાષ્ટ્રમાં રહીને જ બ્રિટીશ શાસન સામે સ્વરાજ મેળવવું જોઇએ. ત્યારબાદ તેમણે ક્રાંતિકારી પ્રવૃતિઓનો ત્યાગ કર્યો અને હોમરુલ આંદોલનના હિમાયતી બન્યા.

તેઓ સ્વીડનમાં દસ વર્ષ રહ્યાં. ૧૯૩૦માં લંડન વિશ્વવિદ્યાલય ખાતેની સ્કૂલ ઓફ ઓરિએન્ટલ એંન્ડ આફ્રિકન સ્ટડીઝ દ્વારા ધ બોધિસત્વ ડૉક્ટ્રીન ઇન બુદ્ધિસ્ટ સંસ્કૃત લીટરેચર વિષય પરના શોધ નિબંધ માટે પીએચ.ડી.ની પદવી એનાયત કરવામાં આવી. પોતાના દાર્શનિક અને બૌદ્ધિક વિચારોને હિન્ટ્સ ફોર સેલ્ફ કલ્ચરનામે પ્રકાશિત કર્યો

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# યુસુફ્ મેહરઅલી

(સપ્ટેમ્બર ૨૩,૧૯૦૩ - જુલાઇ ૨,૧૯૫૦)

યુસુફ્ મેહરઅલી(સપ્ટેમ્બર ૨૩,૧૯૦૩ - જુલાઇ ૨,૧૯૫૦) એક સ્વતંત્રતા સેનાની અને સામાજીક કાર્યકર હતા. તેઓ રાષ્ટ્રીય મીલીશિયા, બોમ્બે યુથ લીગ અને કોંગ્રેસ સોશિયાલીસ્ટ પાર્ટીના સ્થાપક હતાં.

તેમણે મજૂર અને કિશાન સંગઠનોને મજબુત કરવા મહત્વનો ભાગ ભજવ્યો. તેમને સ્વતંત્રા સંગ્રામ વખતે આઠ વખત જેલમાં જવુ પડ્યું હતું. ૧૯૪૨માં તેઓ લાહોર જેલમાંથી ચુટણી લડ્યા અને મુંબઈના મેયર તરીકે ચુંટાયા હતા.

તેમણે સાયમન ગો બેક (સાયમન પાછો જા) અને ક્વીટ ઇન્ડીયા (ભારત છોડો) સૂત્રો ઘડ્યા.

**I hate ugliness and cruelty and that is why I am a socialist. My socialism is based on aesthetic and ethical premises and not on Economics.**

**-Yusuf Maheralli**

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ભુલાભાઈ દેસાઈ

(૧૩ ઑક્ટોબર ૧૮૭૭ – ૬ મે ૧૯૪૬)

ભુલાભાઈ દેસાઈ (૧૩ ઑક્ટોબર ૧૮૭૭ – ૬ મે ૧૯૪૬) એ એક જાણીતા વકીલ અને ભારતીય સ્વાતંત્ર્ય સેનાની હતા. બીજા વિશ્વ વિગ્રહ સમયે ભારતીય રાષ્ટ્રીય સેનાના ત્રણ સૈનિકો પર રાજદ્રોહનો આરોપ મુકવામાં આવ્યો હતો, તેના બચાવ પક્ષની કામગિરી માટે તેઓ જાણીતા બન્યા.

તેમનો જન્મ ગુજરાતના વલસાડમાં થયો હતો. શરૂઆતમાં તેમનો અભ્યાસ તેમના મામાના હાથ નીચે થયો, ત્યાર બાદ તેમણે વલસાડની અવાભાઈ શાળા અને મુંબઈની ભરડાહાઈ સ્કુલમાં અભ્યાસ કર્યો. તેઓએ ૧૮૯૫માં મેટ્રિકની પરીક્ષા આપી અને શાળામાં પ્રથમ ક્રમાંકે રહ્યા. તેઓ શાળામાં હતા તે જ સમય દરમ્યાન તેમના લગ્ન ઈચ્છાબેન સાથે થયા. તેમને ધીરુભાઈ નામે એક પુત્ર જન્મ્યો, પરતું ૧૯૨૩માં ઈચ્છાબેન કેન્સરના કારણે મૃત્યુ પામ્યા.ત્યાર બાદ તેઓ મુંબઈની ઍલફીસ્ટન કૉલેજમાં જોડાયા, અહીં તેમણે અંગ્રેજી સાહિત્ય અને ઈતિહાસ વિષયમાં સ્નાતકની પદવી મેળવી. ઈતિહાસ અને રાજનૈતિક અર્થશાસ્ત્ર વિષયમાં પ્રથમ ક્રમાંક મેળવવા માટે તેમને વર્ડ્ઝવર્થ પુરસ્કાર અને શિષ્યવૃત્તિ મળી. તેમણે મુંબઈ વિદ્યાપીઠમાં અંગ્રેજી વિષય સાથે એમ.એ. કર્યું. અભ્યાસ બાદ ભુલાભાઈની અમદાવાદની ગુજરાત કૉલેજમાં પ્રાધ્યાયાપક તરીકે તેમની નિમણૂક થઈ. અંગ્રેજી શીખવતા શીખવતા તેમણે કાયદાનો અભ્યાસ પણ કર્યો.

૧૯૦૫માં મુંબઈ ઉચ્ચ ન્યાયાલયના વકીલ તરીકે તેમની નોંધણી થઈ. ત્યાર બાદ તેઓ શહેર અને દેશના અગ્રણી વકીલ બન્યા. ઍની બેસંટના ઑલ ઈંડિયા હોમ રુલ લીગમાં જોડાઈને તેમણે પોતાની રાજનૈતિક કારકિર્દીની શરૂઆત કરી. બ્રિટિશ વગ હેઠળકાર્ય કરતી ઈંડિયન લિબરલ પાર્ટીમાં પણ તેઓ જોડાયા પરંતુ તેઓ ૧૯૨૮ના ભારતના બંધારણના સુધારા સુચવવા આવેલા સાયમન કમીશનના વિરોધમાં રહ્યા. ૧૯૨૮ના બારડોલી સત્યાગ્રહ બાદ બ્રિટિશ સરકારે એક તપાસ કમિશન નીમ્યું હતુ.
ભુલાભાઈ દેસાઈ આ તપાસમાં ખેડૂતોના પ્રતિનિધી બન્યા હતા. આ સાથે તેમનો ભારતીય રાષ્ટ્રીય મહાસભા (કોંગ્રેસ) સાથે સંબંધ શરૂ થયો. ભૂખમરાના કાળમાં અંગ્રેજ સરકાર દ્વારા લાદવામાં આવેલા દમનકારક કરની વિરોધમાં સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ બારડોલી સત્યાગ્રહ થયો હતો. ભુલાભાઈએ અસરકારકર રીતે ખેડૂતોનો પક્ષ મુક્યો અને છેવટે બારડોલી સત્યાગ્રહ સફળ થયો. ૧૯૩૦માં તેઓ વિધિવત્ કોંગ્રેસમાં જોડાયા. વિદેશીમાલના બહિષ્કારને તે અસરકરક માનતા હતા આથી તેમણે સ્વદેશી સભાની સ્થાપના કરી. તેમણે ૮૦ કાપડ મિલના કારીગરોને આ સભામાં જોડાવ્યા અને પરદેશી માલના બહિષ્કારના આંદોલનને ટેકો આપ્યો. ૧૯૩૨માં આ સભાને ગેરકાયદે ઠરાવવામાં આવી અને તેમની ધરપકડ થઈ. જેલમાં તેઓ સતત માંદા રહેવા લાગ્યા. તેમને ખરાબ તબિયતના નેજા હેઠળ છોડવામાં આવ્યા અને તેઓ સારવાર માટે યુરોપ ગયા. જ્યારે કોંગ્રેસ વર્કીંગ કમીટીની પુનર્રચનાથઈ ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલના કહેવાથી ભુલાભાઈ દેસાઈને તેમાં શામિલ કરવામાં આવ્યા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# હંસા જીવરાજ મહેતા

(૩ જુલાઈ ૧૮૯૭ – ૪ એપ્રિલ ૧૯૯૫)

હંસા જીવરાજ મહેતા (૩ જુલાઈ ૧૮૯૭ – ૪ એપ્રિલ ૧૯૯૫) ભારતના સમાજ સુધારક, સામાજીક કાર્યકર, શિક્ષણવિદ્, સ્વતંત્ર ચળવળકાર અને લેખિકા હતા. તેમણે ગુજરાતીમાં બાળકો માટે ઘણાં પુસ્તકો લખ્યાં છે અને ગુલીવર્સની સફરો જેવાં પુસ્તકો અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર પણ કર્યા છે. તેઓ જન્મે નાગર બ્રાહ્મણ હતા અને મનુભાઇ મહેતાના પુત્રી હતા. તેમણે જાણીતા ડોક્ટર અને રાજકારણી ડૉ. જીવરાજ મહેતા સાથે લગ્ન કર્યા હતા. તેમણે મહાત્મા ગાંધીની સલાહથી વિદેશી કપડાં અને દારૂ વેચતી દુકાનોનો સામૂહિક બહિષ્કાર તેમજ અન્ય સ્વાતંત્રયની લડતોમાં ભાગ લીધો હતો. બ્રિટિશરો દ્વારા તેણીની ધરપકડ થઇ હતી તેમજ તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા.

૧૯૨૬માં તેણીની પસંદગી બોમ્બે સ્કૂલ્સ કમિટિમાં થઇ હતી અને ૧૯૪૫-૪૬માં ઓલ ઇન્ડિયા વુમન્સ કોન્ફરન્સના પ્રમુખ બન્યા હતા. હૈદરાબાદ ખાતે તેમના પ્રમુખપદના વકતવ્ય દરમિયાન સ્ત્રી હક્કોની હિમાયત કરી હતી. ૧૯૪૫ થી ૧૯૬૦ દરમિયાન તેમણે વિવિધ પદો સંભાળ્યા હતા જેમાં એસએનડીટી વુમન્સ યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર, ઓલ ઇન્ડિયા સેકન્ડરી બોર્ડ ઓફ એજ્યુકેશના સભ્ય, ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઓફ ઇન્ડિયા ના પ્રમુખ અને મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયના વાઇસ-ચાન્સેલર રહ્યા હતા.

તેઓ મનુભાઇ મહેતાના પુત્રી અને પ્રથમ ગુજરાતી નવલકથા કરણ ઘેલોના લેખક નંદશંકર મહેતાના પૌત્રી હતા

તેમણે ૧૯૪૬માં સ્ત્રીઓની સ્થિતિ અંગેની સમિતિમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૧૯૪૭-૪૮માં યુ.એન. માનવ હક્ક સમિતિના ભારતના પ્રતિનિધિત્વ તરીકે તેઓ માનવ હક્કના વૈશ્વિક જાહેરનામામાં **"all men are created equal"** (રૂઝવેલ્ટની પસંદગીનું વાક્ય) થી **all human beings,** માં બદલાવવામાં જવાબદાર હતા જે લિંગ સમાનતાની જરૂરિયાતનું સૂચન કરતું હતું. તેઓ ૧૯૫૦માં યુ.એન.ની માનવ હક્ક સમિતિના વાઇસ ચેરમેન બન્યા હતા. તેઓ યુનેસ્કોના એક્યુકેટિવ બોર્ડના સભ્ય પણ હતા

૧૯૫૯માં તેણીને પદ્મભૂષણ પુરસ્કાર એનાયત થયો હતો

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# જીવતરામ ભગવાનદાસ કૃપલાની

(૧૧ નવેમ્બર ૧૮૮૮ – ૧૯ માર્ચ ૧૯૮૨)

જીવતરામ ભગવાનદાસ કૃપલાની (૧૧ નવેમ્બર ૧૮૮૮ – ૧૯ માર્ચ ૧૯૮૨) એ આચાર્ય કૃપલાની નામથી જાણીતા ભારતીય રાજનેતા, પ્રખર દેશભક્ત, સ્વાતંત્ર્યસેનાની હતા. તેઓ ૧૯૪૭માં સત્તા હસ્તાંતરણ દરમિયાન ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધ્યક્ષ તરીકે વિખ્યાત છે. ભારતના પ્રથમ મહિલા મુખ્ય પ્રધાન સુચેતા કૃપલાની તેમના પત્ની હતા.

તેઓ ગાંધીજીની ખૂબ જ નજીક હતા અને એક સમયે તેમના પ્રબળ અનુયાયી હતા. કૃપલાનીએ લગભગ એક દશક સુધી કોંગ્રેસના મહાસચિવ તરીકે કાર્ય કર્યું. તેમને શિક્ષણ ક્ષેત્રે કામ કરવાનો અનુભવ હતો અને કોંગ્રેસના પુનર્નિર્માણ માટે અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. પ્રક્રિયાત્મક મુદ્દાઓ પર પક્ષ અને સરકાર વચ્ચે વિવાદને કારણે સરકારમાં રહેલા સહયોગીઓ સાથેના તેમના સંબંધો પ્રભાવિત થયા હતા. કૃપલાની ૧૯૨૦ના દશકના અસહયોગ આંદોલનોથી લઈને ૧૯૭૦ના દશકની કટોકટી સુધી રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયામાં સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા હતા.

૧૯૧૭માં તેમણે ચંપારણ સત્યાગ્રહમાં ગાંધીજીને મદદ કરી હતી. ઈ.સ. ૧૯૧૯-૨૦ના સમયગાળામાં તેઓએ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં પ્રાધ્યાપક તરીકે સેવા આપી હતી. અસહકાર આંદોલનની શરૂઆતમાં તેઓ ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના આચાર્ય બન્યા (૧૯૨૩) અને ત્યાં ૧૯૨૭ સુધી કાર્ય કર્યું. જ્યાં તેઓએ આચાર્ય કૃપલાની તરીકેની પ્રસિદ્ધિ મેળવી. તેમણે ગુજરાત અને મહારાષ્ટ્રમાં ગાંધીજી દ્વારા સ્થાપેલ આશ્રમોમાં સામાજિક સુધાર અને શિક્ષણ માટે કામ કર્યું હતું. બાદમાં તેઓ બિહાર અને ઉત્તર પ્રદેશ રવાના થયા હતા જ્યાં તેમણે નવા આશ્રમોને વ્યવસ્થિત કરવાનું તેમજ શિક્ષણ સંબંધિત કાર્યમાં પોતાનું યોગદાન આપ્યું હતું. સવિનય અવજ્ઞા આંદોલન તેમજ અન્ય કેટલાક પ્રસંગે વિરોધ પ્રદર્શનો આયોજીત કરવા બદલ અને બ્રિટીશ શાસન વિરુદ્ધ વિદ્રોહી સામગ્રી પ્રકાશિત કરવા બદલ ઘણી વાર તેમની ધરપકડ કરવામાં આવી હતી.

કૃપલાની કોંગ્રેસની કેન્દ્રીય નિર્ણાયક સભા તરીકે કાર્યરત અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિમાં જોડાયા અને ૧૯૨૮–૨૯માં તેના મહાસચિવ બન્યા. તેઓ એક દશકથી પણ વધુ સમય સુધી કોંગ્રેસ પક્ષના મહત્ત્વના મુદ્દાઓમાં સહભાગી હતા. તેમણે દાંડી કૂચ તથા હિંદ છોડો આંદોલન સહિતની સ્વાતંત્ર્ય સંઘર્ષની ચળવળોમાં સંગઠનાત્મક ભૂમિકા ભજવી હતી. તેઓ ભારતની અંતરિમ સરકાર (૧૯૪૬–૧૯૪૭) તથા બંધારણ સભાનો હિસ્સો રહ્યા હતા. આ દરમિયાન તેમણે અબુલ હાશિમ અને શરત બોઝ દ્વારા રજૂ કરવામાં આવેલા સંયુક્ત બંગાળના પ્રસ્તાવને ફગાવી પંજાબ અને બંગાળના વિભાજનનું સમર્થન કર્યું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# પાંડુરંગ મહાદેવ બાપટ

(૧૨ નવેમ્બર ૧૮૮૦ - ૨૮ નવેમ્બર ૧૯૬૭)

પાંડુરંગ મહાદેવ બાપટ (૧૨ નવેમ્બર ૧૮૮૦ - ૨૮ નવેમ્બર ૧૯૬૭) અથવા સેનાપતિ બાપટ એ ભારતીય સ્વતંત્રતા ચળવળના એક સેનાની હતા. મુળશી સત્યાગ્રહ દરમિયાન તેમના નેતૃત્વના પરિણામે તેમણે સેનાપતિની પદવી પ્રાપ્ત કરી. ૧૯૭૭ માં, ભારત સરકારે તેમના સ્મરણાર્થે એક ટપાલ ટિકિટ જારી કરી.

સેનાપતિ બાપટનો જન્મ એક મરાઠી ચિતપાવન કુટુંબમાં ૧૨ નવેમ્બર ૧૮૮૦ ના દિવસે થયો હતો. તેમનો પરિવાર મૂળ રત્નાગીરીનો હતો . તેમણે ડેક્કન કૉલેજમાં શિક્ષણ મેળવ્યું હતું અને તે પછી એન્જિનિયરિંગનો અભ્યાસ કરવા માટે સરકારી શિષ્યવૃત્તિ પર બ્રિટન ગયા હતા.

તેમના બ્રિટનમાં રોકાણ દરમિયાન, તેઓ ઇન્ડિયા હાઉસ સાથે સંકળાયેલા હતા, તેમણે મોટાભાગનો સમય અભ્યાસને બદલે બોમ્બ બનાવવાની કુશળતા શીખવામાં પસાર કર્યો હતો. તે આ સમયે સાવરકર ભાઈઓ, વિનાયક અને ગણેશ સાથે સંકળાયેલા હતા. લંડનમાં સંસદના ગૃહોને ફૂંકી મારવાનું વિચારતા બાપટ તેમની આવડતને ભારત પાછા લઈ ગયા અને તે વિદ્યા બીજાઓને શીખવી.

૧૯૦૮ના અલીપોર બોમ્બ ધડાકા પછી ભૂમિગત હતા ત્યારે, બાપટે દેશની મુસાફરી કરી હતી અને શોધી કાઢ્યું કે મોટાભાગની ભારતીય વસ્તીને ખ્યાલ નથી કે તેમનો દેશ વિદેશી શાસન હેઠળ છે. આ સાથે, તેમનું ધ્યાન બ્રિટીશ સરકારને ઉથલાવવાને બદલે વસ્તીને શિક્ષિત કરવા તરફ વળ્યું. ઈ.સ. ૧૯૧૨ માં, બોમ્બ વિસ્ફોટ સંબંધે તેની ધરપકડ કરવામાં આવી હતી અને તેમને કારાવાસની સજાની આપવામાં આવી. રિચાર્ડ કેશમેનના કહેવા મુજબ, તે ઈ.સ. ૧૯૧૫ સુધીમાં છૂટી ગયા હતા, અને તેઓ એક "અનુભવી ક્રાંતિકારી" હતા. તે મરાઠાના કર્મચારીઓ સાથે જોડાયા અને તેઓ પૂના વિસ્તારના અનેક પ્રભાવશાળી વ્યક્તિઓમાંના એક હતા જેઓ ભારતીય સ્વતંત્રતાને ટેકો આપતી સ્થાનિક સંસ્થાઓની સ્થાપનાના કાર્ય કરનાર બાળ ગંગાધર ટિળકના પ્રયત્નો સાથે જોડાયેલા હતા.

ઈ.સ. ૧૯૨૦ ના અંતમાં, ટિળકના મૃત્યુ બાદ અને ટિળકના દ્રષ્ટિકોણના ઉત્સાહી સમર્થક હોવા છતાં તેમણે સ્વરાજના ગાંધીજીના દ્રષ્ટિકોણને સમજી પોતાનો મત બદલ્યો. તેના જ્વલનશીલ અને હિંસાનો ઉપયોગ કરવાની ઇચ્છા વિરિદ્ધ તેમણે અહિંસાના ગાંધીવાદના શપથ લીધા હતા, તેમ છતાં જ્યારે પણ તે જરૂરી લાગ્યું ત્યારે તેઓ બળનો ઉપયોગ કરવા તૈયાર હતા

ચિત્તાગોંગ કેન્દ્રીય કારાગૃહનો ફાંસીનો માંચડો જ્યાં સેનનએ ફાંસી અપાઈ હતી. બાંગ્લાદેશ સરકારે તેને રાષ્ટ્રીય સ્મારક જાહેર કર્યો છે.

.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# સૂર્ય સેન

(૧૮ ઑક્ટોબર ૧૮૯૩ - ૧૨ જાન્યુઆરી ૧૯૩૪)

એ એક બંગાળી ભારતીય ક્રાંતિકારી હતા, તેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં પ્રભાવશાળી ક્રાંતિકારી હતા. ખાસ કરીને ઈ.સ. ૧૯૩૦ના ચિત્તાગોંગ (હવે બાંગ્લાદેશમાં) શસ્ત્રાગાર પરના દરોડામાં તેમની અગ્રણી ભૂમિકા હતી.

સૂર્ય સેન વ્યવસાયે શાળાના શિક્ષક હતા અને તેઓ માસ્ટર દા ("દા" બંગાળી ભાષામાં એક સન્માનજનક પ્રત્યય છે) તરીકે જાણીતા હતા. ઈ.સ. ૧૯૧૬માં તેઓ બહેરામપોર કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા હતા તે સમયે તેઓ રાષ્ટ્રવાદી આદર્શોથી પ્રભાવિત હતા. ઈ.સ. ૧૯૧૮માં, તેઓ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની ચિત્તાગોંગ શાખાના અધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા.

સૂર્ય સેને અનંત સિંહ, ગણેશ ઘોષ અને લોકેનાથ બાઉલ જેવા જુસ્સાદાર યુવાન ક્રાંતિકારીઓ શોધી કાઢ્યા હતા. તેઓ ચિત્તાગોંગ જૂથ તરીકે જાણીતા બન્યા. તેમણે ચિત્તાગોંગ ખાતે કાર્યરત બ્રિટિશરો સામે લડત ચલાવી.

તેઓ અસહકારની ચળવળમાં સક્રિય ભાગ લેતા હતા. બાદમાં તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ કરી, ૧૯૨૬ થી ૧૯૨૮ દરમિયાન ૨ વર્ષ કેદની સજા કરવામાં આવી હતી. તેજસ્વી અને પ્રેરણાદાયી આયોજક સેન કહેતા હતા કે " માનવતાવાદ ક્રાંતિકારીઓનો વિશેષ ગુણ છે."

ઈ.સ. ૧૯૩૦માં ચિત્તાગોંગ શસ્ત્રાગાર પરના દરોડામાં ૮૦ થી વધુ બ્રિટિશ સૈનિકો અને ૧૨ ક્રાંતિકારીઓ માર્યા ગયા હતા. તે ભયંકર યુદ્ધ પછી સેન અને અન્ય બચેલા ક્રાંતિકારીઓ નાના જૂથોમાં છૂટા થયા, નજીકના ગામોમાં છુપાયા અને સરકારી કર્મચારીઓ અને સંપત્તિ પર દરોડા પાડવા માંડ્યા. ૧૬ એપ્રિલ ૧૯૩૩ ના દિવસે સેનની ધરપકડ કરવામાં આવી હતી અને તેમના પર ખટલો ચાલ્યો. છેવટે ૧૨ જાન્યુઆરી ૧૯૩૪ ના દિવસે ફાંસી આપવામાં આવી હતી. તેમની સાથે ઘણા સાથી ક્રાંતિકારીઓને પણ પકડવામાં આવ્યા હતા અને લાંબા ગાળાની કેદની સજા પણ કરાઈ હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# યતિન્દ્ર નાથ દાસ

(૨૭ ઑક્ટોબર ૧૯૦૪ - ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯)

યતિન્દ્ર નાથ દાસ (૨૭ ઑક્ટોબર ૧૯૦૪ - ૧૩ સપ્ટેમ્બર ૧૯૨૯) ભારતીય સ્વતંત્રતા ચળવળના કાર્યકર્તા અને ક્રાંતિકારી હતા. તેમને જતીન દાસ તરીકે પણ ઓળખવામાં આવે છે. લાહોરની જેલમાં ૬૩ દિવસની ભૂખ હડતાલ બાદ તેમનું મૃત્યુ થયું હતું.

યતીન્દ્રનાથ દાસનો જન્મ ઈ.સ. ૧૯૦૪ કોલકાતામાં થયો હતો. તેઓ નાની ઉંમરે બંગાળના અનુશીલન સમિતિ નામના ક્રાંતિકારી જૂથમાં જોડાયા હતા. ઈ.સ.૧૯૨૧ ના ગાંધીજી પ્રેરિત અસહકારની ચળવળમાં પણ તેમણે ભાગ લીધો હતો, તેઓ એક તેજસ્વી વિદ્યાર્થી હતા, તેમણે મેટ્રિક અને ઇન્ટરમિડિએટની પરીક્ષા પ્રથમ વિભાગમાં પાસ કરી હતી. તેઓ બંગાળના અનુશીલાન સમિતિ નામના એક ક્રાંતિકારી જૂથમાં જોડાયા અને ૧૯૨૧માં મહાત્મા ગાંધીના અસહકાર આંદોલનમાં, માત્ર ૧૭ વર્ષની વયની ઉંમરે ભાગ લીધો હતો. નવેમ્બર ૧૯૨૫માં જ્યારે તેઓ કોલકાતાની બાંગબાસી કૉલેજમાં બી.એ.નો અભ્યાસ કરતા હતા ત્યારે તેમની રાજકીય પ્રવૃત્તિઓમાંના સહભાગ બદ્દલ ધરપકડ કરવામાં આવી હતી અને તેને મૈમનસિંઘ સેન્ટ્રલ જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. ત્યાં નજરકેદ થતાં, તેઓ રાજકીય કેદીઓ પર કરવામાં આવતા દુર્વ્યવહારનો વિરોધ કરવા ભૂખ હડતાલ પર ઉતર્યા હતા. વીસ દિવસ ઉપવાસ કર્યા બાદ જેલ અધિક્ષકે માફી માંગી અને તેમણે ઉપવાસ છોડી દીધા. ભારતના અન્ય ભાગોમાં ક્રાંતિકારીઓ દ્વારા તેમનો સંપર્ક કર્યો અને ભગત સિંહ અને સાથીઓ માટે બોમ્બ-બનાવવામાં ભાગ લેવા તેઓ સંમત થયા હતા. સચિન્દ્ર નાથ સન્યાલે તેમને બોમ્બ કેવી રીતે બનાવવા તે શીખવ્યું.

૧૪ જૂન ૧૯૨૯ ના દિવસે ક્રાંતિકારી પ્રવૃત્તિઓ માટે તેમની ધરપકડ કરવામાં આવી હતી અને લાહોર કાવતરાના કેસના વધારાના કેસ હેઠળ તેમને લાહોર જેલમાં કેદ કરવામાં આવ્યા હતા. લાહોર જેલમાં, દાસે યુરોપીય રાજકીય કેદીઓ અને ભારતીય રાજકીય કેદીઓની પ્રત્યે સમાન વર્તણૂકની માંગનુ આંદોલન ચલાવતા અન્ય ક્રાંતિકારી લડવૈયાઓ સાથે ભૂખ હડતાલ શરૂ કરી હતી. જેલોમાં ભારતીય રહેવાસીઓની સ્થિતિ ખેદપૂર્ણ હતી. જેલમાં ભારતીય કેદીઓએ જે ગણવેશ પહેરવા અપાતા હતા તે ઘણા દિવસોથી ધોવાતા નહોતા, અને ઉંદરો અને વાંદાઓ રસોડામાં ફરતા અને ખોરાકને ખાવા માટે અસુરક્ષિત બનાવતા હતા. ભારતીય કેદીઓને વાંચવા માટે અખબારો જેવી કોઈ સામગ્રી કે લખવા માટે કાગળ પૂરા પાડવામાં આવતા ન હતા. એ જ જેલમાં બ્રિટીશ કેદીઓની સ્થિતિ આશ્ચર્યજનક રીતે અલગ હતી.. દાસની ભૂખ હડતાલ ૧૩ જુલાઈ ૧૯૨૯ ના દિવસે શરૂ થઈ હતી અને ૬૩ દિવસ સુધી ચાલી હતી. જેલ સત્તાધીશોએ તેમને અને અન્ય સ્વતંત્રતા કાર્યકરને દબાણપૂર્વક ખવડાવવાનાં પગલાં લીધાં હતાં. આખરે, જેલ સત્તાધીશોએ તેમની બિનશરતી મુક્તિની ભલામણ કરી, પરંતુ સરકારે તે સૂચન નામંજૂર કરી અને તેને જામીન પર મુક્ત કરવાનો પ્રસ્તાવ મુક્યો. જવાહરલાલ નેહરુએ કહ્યું કે, ભારતીય શહીદોના લાંબી અને ભવ્ય યાદીમાં બીજું નામ જોડવામાં આવ્યું છે. ચાલો આપણે માથું નમાવીએ અને સંઘર્ષને આગળ ધપાવવા માટે શક્તિ માટે પ્રાર્થના કરીએ, પછી તે લડત ગમે તેટલી લાંબી ચાલે, કે પરિણામ જે પણ આવે".

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# દુર્ગાવતી દેવી (દુર્ગા ભાભી)

(૭ ઓક્ટોબર ૧૯૦૭ – ૧૫ ઓક્ટોબર ૧૯૯૯)

દુર્ગાવતી દેવી (દુર્ગા ભાભી) (૭ ઓક્ટોબર ૧૯૦૭ – ૧૫ ઓક્ટોબર ૧૯૯૯) ભારતીય ક્રાંતિકારી અને સ્વતંત્રસેનાની હતા. તેઓ બ્રિટિશ રાજની સામે સશસ્ત્ર લડત ચલાવી રહેલા જૂજ મહિલા ક્રાંતિકારીઓમાંના એક હતા. તેઓ અંગ્રેજ અધિકારી સોન્ડર્સની હત્યા પછી ભગતસિંહ સાથે ટ્રેનમાં નાસી છૂટવાની ઘટનાથી જાણીતા બન્યા હતા,અને તેઓ ક્રાંતિકારી ભગવતીચરણ વોહરાના પત્નિ હતા, તેથી હિંદુસ્તાન રીપબ્લિકન એશોસિયેશનના અન્ય સભ્યો તેમને ભાભી કહીને સંબોધતા હતા અને આમ તેઓ ક્રાંતિકારીઓમાં દુર્ગા ભાભી વડે જાણીતા બન્યા હતા.

તેમનો જન્મ પિતા બાંકે બિહારીલાલ ભટ્ટ, વડનગરા નાગરને ત્યાં ૭ ઓક્ટોબર ૧૯૦૭ના રોજ થયો હતો. તેમના પિતા એક નિવૃત્ત જજ હતાં. દુર્ગાદેવીની માતા દુર્ગાદેવીના નાનપણમાં જ અવસાન પામેલા. માતાના અવસાન પછી માત્ર અગિયાર વર્ષની ઉંમરે તેમના લગ્ન ભગવતીચરણ વોહરા, વિસનગરના વતની સાથે થયા હતા. ભગવતી ચરણ વેપારી અને એક ક્રાંતિકારી પણ હતા. તેમના સંબંધો ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ સાથે હતા. તેમણે જ દુર્ગાદેવીને ક્રાંતિના પાઠ ભણાવ્યા હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# વાસુદેવ બળવંત ફડકે

(૪ નવેમ્બર ૧૮૪૫ – ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૩)

વાસુદેવ બળવંત ફડકે (૪ નવેમ્બર ૧૮૪૫ – ૧૭ ફેબ્રુઆરી ૧૮૮૩) ભારતીય સ્વતંત્રતા સંગ્રામના એક ક્રાંતિકારી હતા. તેઓ બ્રિટીશ રાજ દરમિયાન ખેડૂત વર્ગની દુર્દશાથી વ્યથિત હતા. તેમને દૃઢ વિશ્વાસ હતો કે સ્વરાજ જ ખેડૂતોને દયનીય સ્થિતિમાંથી ઉગારી શકે છે. તેમણે મહારાષ્ટ્રના કોળી, ભીલ અને ધાંગડ જાતિના લોકોને એકત્ર કરીને રામોશી નામનું એક સશસ્ત્ર ક્રાંતિકારી સંગઠન ઊભુ કર્યું હતું. આ સંગઠને બ્રિટીશ રાજને ઉખાડી ફેંકવા ધન પ્રાપ્તિ માટે સંપન્ન અંગ્રેજ વ્યવસાયીઓ પર છાપા મારવાનું શરૂ કર્યું હતું.

૧૮૭૫માં વડોદરા રાજ્યના તત્કાલીન ગાયકવાડી શાસકને બ્રિટીશ સરકાર દ્વારા પદભ્રષ્ટ કરાતાં ફડકેએ સરકાર વિરુદ્ધ ભાષણો આપવાના શરૂ કર્યાં. દુષ્કાળની ગંભીર પરિસ્થિતિમાં બ્રિટીશ સરકારના ઉદાસીન વલણને કારણે તેમને ડેક્કન ક્ષેત્રનો પ્રવાસ કરી લોકોને માતૃભૂમિની સ્વતંત્રતા માટે તૈયાર કર્યા. શિક્ષિત લોકોનું સમર્થન ન મળતાં તેમણે રામોશી જાતિના ૩૦૦થી વધુ લોકોને એકઠા કર્યાં. ફડકે પોતાનું સૈન્ય બનાવવા ઇચ્છતા હતા પરંતુ પૂરતા ભંડોળના અભાવે તેમણે સરકારી ખજાના પર લૂંટ ચલાવવાનું નક્કી કર્યું. તેમણે પહેલો છાપો પુના જિલ્લાના શિરુર તાલુકાના ધાભારી ગામ પર કર્યો. ત્યાર પછી વાલ્હે, પલસ્પે જેવાં અન્ય ગામો પર પણ ચઢાઈ કરી. આ હુમલામાં તેમણે દુષ્કાળ પીડિતો માટે લગભગ ૪૦૦ રુપિયા એકઠા કર્યાં.

આ દરમિયાન ફડકેના મુખ્ય સમર્થક રામોશી નેતા દૌલતરાવ નાયક પશ્ચિમી તટ પર કોંકણ ક્ષેત્ર તરફ આગળ વધી રહ્યા હતા. ૧૦–૧૧ મે ૧૮૭૯ના રોજ તેઓએ પલસ્પે અને ચિખલી પર છાપો મારી દોઢ લાખ રૂપિયા એકઠા કરી પરત ફરી રહ્યા હતા ત્યારે મેજર ડેનિયલે તેમની ગોળી મારી હત્યા કરી નાખી. આ ઘટનાથી તેમની વિદ્રોહ ગતિવિધિઓ પર ફટકો પડ્યો અને તેઓ દક્ષિણના શ્રી શૈલા મલ્લિકાર્જુન તીર્થ તરફ પ્રયાણ કરવા મજબૂર બન્યા. ફડકેએ દક્ષિણમાં નવેસરથી ૫૦૦ લોકોને એકઠા કરી સૈન્ય પ્રવૃત્તિઓ શરૂ કરી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બહાદુર શાહ ઝફર

(૧૭૭૫-૧૮૬૨)

બહાદુર શાહ ઝફર (૧૭૭૫-૧૮૬૨) ભારતમાં મુઘલ સામ્રાજ્યના અંતિમ બાદશાહ હતા અને ઉર્દૂ ભાષાના જાણીતા શાયર હતા. તેમણે ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ભારતીય સિપાહીઓનું નેતૃત્વ કર્યું હતું. યુદ્ધમાં હાર્યા પછી અંગ્રેજોએ તેમને બર્મા (હવે મ્યાનમાર) મોકલી દીધા, જ્યાં તેમનું મૃત્યુ થયું.

બહાદુર શાહ ઝફરનો જન્મ ૨૪ ઓક્ટોબર, ૧૭૭૫નાં થયો હતો. તે પોતાનાં પિતા અકબર શાહ દ્વિતીયના મૃત્યુ પશ્વાત ૨૮ સપ્ટેમ્બર, ૧૮૩૮નાં રોજ દિલ્હીની સલ્તનતના બાદશાહ બન્યા હતા. તેમની માતા લલબાઈ હિંદુ પરિવારનાં હતા. ઇ. સ. ૧૮૫૭માં જ્યારે હિંદુસ્તાનની આઝાદીની ચિનગારી ભડકી તો બધા વિદ્રોહી સૈનિકો અને રાજા-મહારાજાઓએ તેમને હિંદુસ્તાનનાં સમ્રાટ માન્યા અને તેમના નેતૃત્વમાં અંગ્રેજો સામે લડાઇ લડી. અંગ્રેજોની વિરૂધ્ધ ભારતીય સૈનિકોની ચળવળ જોઇ બહાદુર શાહ ઝફરનો ગુસ્સો પણ ફુટી પડ્યો અને તેમણે અંગ્રેજોને હિંદુસ્તાનની બહાર કરવાનું આહ્વાન કર્યું. ભારતીયોએ દિલ્હી અને દેશનાં અન્ય ભાગોમાં અંગ્રેજોને ખરાબ રીતે હરાવ્યા હતા.


શરૂઆતી પરીણામો હિંદુસ્તાની યોદ્ધાઓની તરફેણમાં રહ્યાં, પરંતુ પછીથી અંગ્રેજોના છળ-કપટે પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામની દિશા બદલી અને અંગ્રેજો ચળવળને દબાવવામાં સફળ થયા. બહાદુર શાહ ઝફરે હુમાયૂના મકબરામાં શરણ લીધું પરંતુ મેજર હડસને તેમને તેમના પુત્ર મિર્ઝા મુઘલ અને ખિજર સુલ્તાન તથા પૌત્ર અબૂ બકર સાથે તેમને પકડી લીધા હતા.

અંગ્રેજોએ જુલ્મની તમામ હદો પાર કરી. જ્યારે બહાદુર શાહને ભુખ લાગી તો અંગ્રેજો તેમની સામે થાળીમાં તેમનાં પુત્રનું મસ્તક લાવ્યાં. તેમણે અંગ્રેજોને જવાબ આપ્યો કે હિંદુસ્તાનનાં સપૂતો દેશ માટે માથાં કુરબાન કરી અને પિતા સમક્ષ આ જ અંદાજમાં આવતા રહ્યા છે. આઝાદી માટેના આ સંગ્રામને પૂરી રીતે ખતમ કરી દેવા માટે અંગ્રેજોએ અંતિમ આ મુઘલ બાદશાહને દેશ નિકાલ કરી અને રંગૂન મોકલી દીધાં.

બહાદુર શાહ ઝફર ફક્ત એક દેશભક્ત બાદશાહ જ નહીં, પરંતુ ઉર્દૂના જાણીતા કવિ અને શાયર પણ હતા. તેમણે ઘણી મશહુર ઉર્દૂ કવિતાઓ લખી, જેમાંની ઘણી અંગ્રેજો સામેનાં સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન નષ્ટ થઇ ગઇ. તેમના દ્વારા લખાયેલ ઘણી પંકતિઓ પ્રખ્યાત છે, જેમકે,

ગાઝીઓં મેં બૂ રહેગી જબ તલક ઈમાન કી
તખ્ત-એ-લંદન તક ચલેગી તેગ હિંદુસ્તાન કી

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ




# ડો. ઝાકીર હુસૈન ખાન

(૮ ફેબ્રુઆરી ૧૮૯૭ - ૩ મે ૧૯૬૯)

ઝાકીર હુસૈન ખાન (૮ ફેબ્રુઆરી ૧૮૯૭ - ૩ મે ૧૯૬૯) ભારતીય અર્થશાસ્ત્રી અને રાજકારણી હતા. તેઓ ૧૩ મે ૧૯૬૭ થી ૩ મે ૧૯૬૯ (તેમના અવસાન સુધી)ના સમયગાળા દરમિયાન ભારતના ત્રીજા રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત રહ્યા હતા.

તેઓ ૧૯૫૭ થી ૧૯૬૨ દરમિયાન બિહારના ગવર્નર અને ૧૯૬૨ થી ૧૯૬૭ દરમિયાન ભારતના ઉપરાષ્ટ્રપતિ પદે રહ્યા હતા. તેઓ જામીયા મિલિયા ઇસ્લામિયાના સહસ્થાપક હતા અને ૧૯૨૮થી તેના વાઇસ-ચાન્સેલર પણ હતા. તેમના નેતૃત્વ હેઠળ જામીયામાં ભારતની સ્વતંત્રતાની ચળવળે જોર પકડ્યું હતું. ૧૯૬૩માં તેમને ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

૧૯૯૮ની ભારતીય ટપાલ ટિકિટ પર




પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# રાસબિહારી બોઝ

(૨૫ મે ૧૮૮૬ — ૨૧ જાન્યુઆરી ૧૯૪૫)

રાસબિહારી બોઝ (૨૫ મે ૧૮૮૬ — ૨૧ જાન્યુઆરી ૧૯૪૫) એક ભારતીય ક્રાંતિકારી હતા. તેઓ ગદર વિદ્રોહના મુખ્ય આયોજકો પૈકી એક હતા. તેમણે આઝાદ હિંદ ફોજની સ્થાપના કરી હતી બાદમાં તેને સુભાષચંદ્ર બોઝને સોંપી દીધી હતી.

તેઓ શરૂઆતથી જ ક્રાંતિકારી પ્રવૃત્તિઓમાં રુચિ ધરાવતા હતા. અલીપુર બોમ્બ ધડાકાના મુકદ્દમાથી દૂર રહેવાના ઇરાદાથી તેમણે ૧૯૦૮માં બંગાળ છોડી દીધું હતું. તેઓ દહેરાદૂન વન અનુસંધાન સંસ્થામાં ક્લાર્ક તરીકેની નોકરી દરમિયાન અમરેન્દ્ર ચેટરજીના માધ્યમથી જતીન્દ્રનાથ મુખર્જીના (જતીન બાઘા) સંપર્કમાં આવ્યા. અહીં તેઓ બંગાળી ક્રાંતિકારીઓના જૂથમાં સામેલ થઈ ગયા અને પંજાબ તેમજ સંયુક્ત પ્રાંતના (હાલ ઉત્તરપ્રદેશ) આર્ય સમાજના પ્રખર ક્રાંતિકારીઓના સંપર્કમાં આવ્યા.

તત્કાલીન વાઇસરોય લોર્ડ હેસ્ટીંગ્સની હત્યાના પ્રયાસ બાદ તેઓ ભાગતા ફરી રહ્યા હતા. હત્યાનો આ પ્રયાસ ૨૩ ડિસેમ્બર ૧૯૧૨ના રોજ દિલ્હીમાં કરવામાં આવ્યો હતો જ્યારે વાઇસરોય લોર્ડ હેસ્ટીંગ્સ રાજધાની કલકત્તાથી નવી દિલ્હી સ્થળાંતરીત કરવાના એક ઔપચારિક સરઘસમાં ભાગ લઈ રહ્યા હતા. હેસ્ટીંગ્સનું સરઘસ જ્યારે લાલ કિલ્લા પાસેથી પસાર થઈ રહ્યું હતુ ત્યારે અમરેન્દ્ર ચેટરજીના સહયોગી વસંત કુમાર વિશ્વાસે તેમના પર બોમ્બ ફેંક્યો હતો. પરંતુ તેઓ લક્ષ ચૂકી ગયા હતા અને હત્યાનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો.

બોઝ ૧૯૧૫માં રવિન્દ્રનાથ ટાગોરના સંબંધી પ્રિયનાથ ટાગોરનું નામ ધારણ કરી જાપાન ભાગી ગયા. બોઝને અહીં કેટલાંક અખિલ એશિયાઇ સમૂહો દ્વારા આશ્રય મળ્યો. તેમના પ્રત્યાર્પણ માટે બ્રિટીશ સરકાર દ્વારા જાપાન પર કરવામાં આવતા રાજનૈતિક દબાણને કારણે ૧૯૧૫—૧૯૧૮ સમય દરમિયાન તેઓ વારંવાર પોતાની ઓળખ અને રહેઠાણ બદલતા રહ્યા. તેઓ નાકામુર્યા બેકરીના માલિકની પુત્રી સાથે લગ્નગ્રંથિથી જોડાયાં. ૧૯૨૩માં જાપાની નાગરિકતા પ્રાપ્ત કરી લેખક અને પત્રકાર તરીકે રહેવા લાગ્યા. મલાયા, ઉત્તર બોર્નિયો અને જાપાન આધીન સારવાકમાંથી પકડાયેલા દ્વિતીય વિશ્વયુદ્ધના ભારતીય યુદ્ધકેદીઓને ભારતીય સ્વતંત્રતા લીગમાં સામેલ થવા અને ભારતીય સ્વતંત્રતા લીગની સૈન્ય પાંખ તરીકે ૧ સપ્ટેમ્બર ૧૯૪૨થી કાર્યરત ભારતીય રાષ્ટ્રીય સેના **(INA)**ના સૈનિક બનવા પ્રોત્સાહિત કરાયાં. તેમણે આઝાદ હિંદ આંદોલન માટે ધ્વજ પસંદ કરી સુભાષચંદ્ર બોઝને સોંપ્યો. ક્ષય રોગના કારણે તેમના અવસાન પહેલાં જાપાન સરકારે તેમને ઓર્ડર ઓફ ધ રાઇસિંગ સન તરીકેનું રાષ્ટ્રીય સન્માન આપ્યું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# લક્ષ્મી સહેગલ

(૨૪ ઑક્ટોબર ૧૯૧૪ - ૨૩ જુલાઈ, ૨૦૧૨)

લક્ષ્મી સહેગલ (૨૪ ઑક્ટોબર ૧૯૧૪ - ૨૩ જુલાઈ, ૨૦૧૨) ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના ક્રાંતિકારી, ભારતીય રાષ્ટ્રીય સૈન્યના અધિકારી, અને આઝાદ હિન્દ સરકારમાં મહિલા બાબતોના પ્રધાન હતા. સહેગલને ભારતમાં સામાન્ય રીતે "કેપ્ટન લક્ષ્મી" તરીકે ઓળખવામાં આવે છે, બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન બર્મામાં કેદી બનાવવામાં આવતા તેણીના નામનો પદ સહિત આ રીતે ઉલ્લેખ થયો હતો.

ઈ. સ. ૧૯૪૨ માં, બ્રિટિશરો દ્વારા જાપાનીઓને સિંગાપોરના સમર્પણ દરમ્યાન, સહેગલે ઘાયલ થયેલા યુદ્ધના કેદીઓની સારવાર કરી, જેમાંના ઘણાને ભારતીય સ્વતંત્રતા સેનાની રચના કરવામાં રસ હતો. સિંગાપુરમાં તે સમયે ઘણા રાષ્ટ્રવાદી ભારતીયો કાર્યરત હતા. કે. પી. કેસવા મેનન, એસ. સી. ગુહા અને એન. રાઘવન જેવા આગેવાનોએ એક્શન કાઉન્સિલની રચના કરી હતી. અલબત્ તેમની આઝાદ હિંદ ફોજને જાપાની દળો દ્વારા યુદ્ધમાં તેમની ભાગીદારી અંગે કોઈ કડક પ્રતિબદ્ધતા કે મંજૂરી મળી ન હતી.

આ પૃષ્ઠભૂમિમાં સુભાષચંદ્ર બોઝ ૨ જુલાઈ ૧૯૪૩ ના દિવસે સિંગાપોર પહોંચ્યા. લક્ષ્મીએ સાંભળ્યું હતું કે બોઝ મહિલાઓનું એક સંગઠનમાં ઘડવા માટે ઉત્સુક છે તેથી તેણીએ તેમની સાથે એક બેઠકની વિનંતી કરી. આહીંથી તેમને રાણી ઝાંસી રેજિમેન્ટની તરીકે ઓળખાયેલી મહિલા રેજિમેન્ટ સ્થાપવાનો આદેશ મળ્યો હતો. પૂર્ણ રીતે સ્ત્રીઓને બનેલી આ બ્રિગેડમાં જોડાવા ઘણી મહિલાઓએ ઉત્સાહપૂર્વક પ્રતિસાદ આપ્યો અને ડૉ. લક્ષ્મી સ્વામિનાથન કેપ્ટન લક્ષ્મી બન્યા, અને એજ નામ અને ઓળખ તેમની સાથે જીવનભર રહ્યું.

આઝાદ હિંદ ફોજે ડિસેમ્બર ૧૯૪૪ માં જાપાની સૈન્ય સાથે બર્મા તરફ પ્રયાણ કર્યું, પરંતુ માર્ચ ૧૯૪૫ માં, યુદ્ધમાં પલટો આવ્યો, ભારતીય સૈન્યે તેઓ ઇમ્ફાલમાં પ્રવેશ કરે તે પહેલાં શરણાગતી સ્વીકારવી પડી. કેપ્ટન લક્ષ્મીની મે ૧૯૪૫ માં બ્રિટીશ સૈન્ય દ્વારા ધરપકડ કરવામાં આવી હતી, માર્ચ ૧૯૪૬ તેઓ સુધી બર્મામાં રહ્યા, ત્યાર બાદ તેમને ભારત મોકલવામાં આવ્યા. તે સમયે દિલ્હીમાં આઝાદ હિંદ ફોજ પરના મુકદ્દમાને કારણે લોકોમાં અસંતોષ વધતો હતો અને અંગ્રેજ શાસનનો અંત નજીક જણાતો હતો. ઈ. સ. ૨૦૦૨ માં, ચાર ડાબેરી પક્ષો ભારતની કમ્યુનિસ્ટ પાર્ટી, ભારતીય સામ્યવાદી પક્ષ (માર્ક્સવાદી), રેવોલ્યુશનરી સોશિયાલિસ્ટ પાર્ટી (ક્રાંતિકારક સમાજવાદી પાર્ટી) અને ઓલ ઇન્ડિયા ફોરવર્ડ બ્લૉક સાથે મળી તેમને રાષ્ટ્રપતિની ચૂંટણી માટે સહેગલને ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા હતા. તેઓ અબ્દુલ કલામના એકમાત્ર પ્રતિદ્વંધી હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ટીપુ સુલતાન

(૨૦ નવેમ્બર ૧૭૫૦ – ૪ મે ૧૭૯૯),

ટીપુ સુલતાન (જન્મે સુલતાન ફતેહઅલી સાહબ ટીપુ (૨૦ નવેમ્બર ૧૭૫૦ – ૪ મે ૧૭૯૯), ટીપુ સાહેબ તરીકે પણ ઓળખાય છે, મૈસુર રાજ્યના શાસક હતા. તેઓ મૈસુરના સુલતાન હૈદર અલી ના સૌથી મોટા પુત્ર હતા.

ટીપુ સુલતાને પોતાના શાસનકાળમાં રાજ્ભાર માટે ઘણી નવી પદ્ધતિઓ દાખલ કરી હતી, જેમાં એમના નામના સિક્કાઓ, નવા મૌલુદી પંચાંગ તથા નવી મહેસુલી પદ્ધતિ કે જેનાથી મૈસુર રેશમ ઉદ્યોગના વિકાસના મંડાણ થયા-નો સમાવેશ થાય છે. એમણે લોખંડી મૈસુરી રોકેટ નું વિસ્તરણ કરાવ્યું હતું અને સૈન્ય માહિતી પુસ્તિકા ફતુહુલ મુજાહિદીન સંગ્રહિત કરાવી હતી, તેઓ રોકેટ પ્રક્ષેપણના શોધક અને પ્રખર ઉપયોગકર્તા મનાય છે. એમણે આંગ્લ-મૈસુર યુદ્ધ , પોલીલુર નું યુદ્ધ તથા શ્રીરંગપટમના યુદ્ધ દરમિયાન અંગ્રેજી સૈન્ય અને એના સાથી પક્ષો સામે રોકેટનો મારો ચલાવ્યો હતો.

એમણે મહત્વાકાંક્ષારૂપ આર્થિક વિકાસ કાર્યક્રમ લાગુ કર્યો હતો જેનાથી મૈસુર મહત્વની આર્થિક શક્તિ તરીકે ઉભરી આવ્યું હતું ,જ્યાં ૧૮મી સદીના અંતમાં વિશ્વમાં સૌથી વધુ પગાર અને જીવન ધોરણ જોવા મળ્યું હતું. રજવાડી માહોલમાં ટીપુ ફારસી, ઉર્દુ, કન્નડ અને અરબી જેવી ભાષાઓ ભણ્યા હતા. અશ્વવિદ્યા અને નિશાનેબાજીમાં મહારથ હાંસલ કરી હતી. પહેલા મૈસુર વિગ્રહથી તે પિતા સાથે અંગ્રેજો સામે વીરતાપૂર્વક ઝઝૂમ્યા હતા અને જીત્યા પણ હતા. ટીપુએ રસ્તાઓ, જાહેર મકાનોનું બાંધકામ, બંદરોનું નિર્માણ, નવા સિક્કા, અને તોલમાપનું પ્રચલન, નવા પંચાંગનો અમલ, મજબૂત સૈન્ય વ્યવસ્થા ઊભી કરી હતી. ૭ કિલો અને ૪૦૦ ગ્રામની તલવાર ધરાવતા ટીપુ કહેતા કે સિંહની એક દિવસની જિંદગી ગીધડની હજાર વર્ષની જિંદગી કરતા બહેતર છે. અંગ્રેજો વિરુદ્ધ લડવા માટે રોકેટનો આવિષ્કાર પણ કર્યો હતો. અંગ્રેજો સામે સંઘર્ષ કરતા ૧૭૯૯ માં ટીપુ સુલતાન હાર્યા અને ૪ મે ૧૭૯૯ ના રોજ ક્રુરતાપૂર્વક માર્યા ગયા હતા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બિરસા મુંડા

(૧૫ નવેમ્બર ૧૮૭૫-૯ જૂન ૧૯૦૧)

તેમનો જન્મ નવેમ્બર ૧૫, ૧૮૭૫ના દિને ઝારખંડ રાજ્યમાં આવેલા રાંચી શહેર નજીકના ઉલીહાતૂ ગામમાં સુગના મૂંડા અને કરમી હાતૂને ત્યાં થયો હતો. સાલ્ગા ગામમાં પ્રાથમિક શિક્ષણ પુરું કર્યા પછી તેઓ ચાઇબાસા ઇંગ્લીશ મિડલ સ્કૂલમાં અભ્યાસ માટે આવ્યા. એમનું મન હમેશાં પોતાના સમાજની બ્રિટિશ શાસકો દ્વારા કરવામાં આવેલી બુરી દશા માટે વિચારતું રહેતું હતું. એમણે મુંડા લોકોને અંગ્રેજોથી મુક્તિ મળે તે માટે જાતે નેતૃત્વ પ્રદાન કર્યું. ૧૮૯૪ના વર્ષમાં નિષ્ફળ ચોમાસાના કારણે છોટાનાગપુરમાં ભયંકર દુકાળ અને રોગચાળો ફેલાયો હતો. બિરસાએ મન લગાવી પોતાના સમાજના લોકોની સેવા કરી.

ઓક્ટોબર ૧, ૧૮૯૪ના દિને નવયુવાન નેતાના રુપમાં બધા મુંડાઓને એકત્ર કરી એમણે અંગ્રેજો સામે લગાન માફ કરાવવા માટે આંદોલન કર્યું. ૧૮૯૫ના વર્ષમાં એમને ગિરફતાર કરી, હજારીબાગ નગરના કેન્દ્રીય કારાગારમાં બે સાલની કેદની સજા ભોગવવા રાખ્યા. પરંતુ બિરસા અને એમના શિષ્યોએ દુષ્કાળપીડિત જનતાની સહાય કરવાનું પૂરા મનથી નક્કી કરી લીધું હતું અને આ કાર્ય કરીને તેમણે પોતાના જીવનકાળ દરમિયાન જ એક મહાપુરુષનો દરજ્જો મેળવ્યો. બિરસાને તેમના વિસ્તારના લોકો "ધરતી બાબા" નામથી સંબોધન કરતા તેમ જ પૂજતા પણ હતા. એમના પ્રભાવની વૃધ્ધિ થતાં આખા વિસ્તારના મુંડા આદિવાસીઓમાં સંગઠિત થવાની ચેતના જાગી.

૧૮૯૭ના વર્ષથી ૧૯૦૦ના વર્ષ દરમિયાન મુંડા અને અંગ્રેજ સિપાઇઓ વચ્ચે લડાઇ થતી રહી, અને બિરસા તથા એમના શિષ્યોએ અંગ્રેજોના નાકમાં દમ કરી રાખ્યો હતો. ઓગસ્ટ ૧૮૯૭ના સમયમાં બિરસા અને એના ચારસો સાથીઓએ તીર કામઠાં વડે સજ્જ થઇ ખૂંટી થાણા પર હુમલો કર્યો. ૧૮૯૮ના વર્ષમાં તાંગા નદીના કિનારે મુંડાઓની લડાઇ અંગ્રેજ સેના સાથે થઇ, જેમાં પહેલાં તો અંગ્રેજ સેના હારી ગઇ પરંતુ ત્યારબાદ એના બદલે એમના વિસ્તારના ઘણા આદિવાસી નેતાઓની ધરપકડ થઇ. જાન્યુઆરી ૧૯૦૦ ડોમવાડી ના ડુંગરોમાં એક વધુ સંઘર્ષ થયો, જેમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને બાળકો માર્યા ગયા. એ વખતે આ જગ્યા પર બિરસા પોતાના લોકોની સભાને સંબોધન કરી રહ્યા હતા. ત્યારબાદ બિરસાના કેટલાક શિષ્યોની ધરપકડ પણ થઇ હતી. અંતે બિરસાએ જાતે ફેબ્રુઆરી ૩, ૧૯૦૦ના દિને ચક્રધરપુરમાં જાતે ધરપકડ વહોરી લીધી.

બિરસા મુંડાએ જૂન ૯ ૧૯૦૦ના દિવસે રહસ્યમય રીતે રાંચી ખાતે કારાગારમાં અંતિમ શ્વાસ લીધા.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# કમલાદેવી ચટ્ટોપાધ્યાય

(૩ એપ્રિલ ૧૯૦૩ – ૨૯ ઓક્ટોબર ૧૯૮૮)

કમલાદેવી ચટ્ટોપાધ્યાય (૩ એપ્રિલ ૧૯૦૩ – ૨૯ ઓક્ટોબર૧૯૮૮) ભારતીય સમાજ સુધારક, સ્વાતંત્ર્ય સેનાની તથા ભારતીય હસ્તકલાના ક્ષેત્રમાં પુનરુત્થાન લાવનારા ગાંધીવાદી મહિલા હતા. તેઓ ભારતની સ્વતંત્રતા ચળવળમાં યોગદાન માટે તેમજ સ્વતંત્ર ભારતમાં હસ્તશિલ્પ, હાથસાળ તથા રંગમંચના પુનર્જાગરણ પાછળની પ્રેરણાશક્તિ માટે અને ભારતીય મહિલાઓના સામાજીક–આર્થિક ઉત્થાન માટે જાણીતા છે.

સંગીત નાટક અકાદમી, નેશનલ સ્કૂલ ઓફ ડ્રામા, કેન્દ્રીય કુટિર ઉદ્યોગ એમ્પોરિયમ તથા ભારતીય શિલ્પ પરિષદ જેવી સંસ્થાઓની સ્થાપનામાં તેમની મહત્ત્વની ભૂમિકા રહી છે. ૧૯૭૪માં તેમણે સંગીત નાટક અકદમી ફેલોશીપથી સન્માનિત કરવામાં આવ્યા હતા.૧૯૫૫ અને ૧૯૮૭માં ભારત સરકાર દ્વારા અનુક્રમે પદ્મભૂષણ અને પદ્મવિભૂષણ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

લંડન ખાતેના વસવાટ દરમિયાન કમલાદેવીને મહાત્મા ગાંધીના અસહયોગ આંદોલન વિશે જાણકારી મળી. સામાજિક ઉત્થાનને ઉત્તેજન આપવા તથા ગાંધીવાદી સંગઠનોમાં પોતાના સક્રીય યોગદાન માટે તેઓ ભારત પાછા ફર્યા. ૧૯૨૬માં તેમની મુલાકાત અખિલ ભારતીય મહિલા સંમેલનના સહસંસ્થાપક માર્ગારેટ ઇ. કઝિન્સ સાથે થઈ. તેઓએ મદ્રાસ પ્રાંતીય વિધાનસભાના સભ્યપદ માટે પ્રેરીત કર્યા. પરિણામે તેઓ વિધાનસભામાં ઉમેદવારી નોંધાવનારા દેશના પ્રથમ મહિલા બન્યા. જોકે તેઓ આ ચૂંટણી ૫૫ મતની પાતળી સરસાઇથી હારી ગયા હતા.

પછીના વર્ષે તેઓએ અખિલ ભારતીય મહિલા સંમેલનની સ્થાપના કરી તથા સંમેલનના પ્રથમ આયોજન સચિવ તરીકે નિયુક્ત થયા. પોતાના કાર્યકાળ દરમિયાન તેમણે કેટલાક યુરોપીય દેશોનો પ્રવાસ કર્યો તથા સામાજીક સુધાર અને સામાજીક કલ્યાણની યોજનઓ કાર્યાન્વિત કરી. મહિલાઓ દ્વારા મહિલાઓ માટે જ ચાલતી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરી. લેડી ઇરવીન કોલેજ ફોર હોમ સાયન્સીઝ, દિલ્હી એ તેનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ છે

૧૯૩૦માં મહાત્મા ગાંધીની દાંડી કૂચ દરમિયાન મુંબઈના દરિયાકિનારે મીઠાના કાયદાનો ભંગ કરનાર સાત સદસ્યોની ટૂકડીના સભ્ય હતા. સ્વાતંત્ર્ય પ્રાપ્તિ બાદ ભારત વિભાજન થતાં શરણાર્થીઓના પુનર્વસનમાં સક્રીય ભૂમિકા ભજવી. આ માટે તેમણે ભારતીય સહકારી સંઘની સ્થાપના કરી સંઘના માધ્યમથી શરણાર્થીઓના પુનર્વસન માટે ટાઉનશીપની યોજનાઓ બનાવી. સરકારી સહાયતા વિના જ દિલ્હીની બહાર ફરીદકોટ ખાતે ૫૦,૦૦૦ જેટલા શરણાર્થીઓના વસવાટ, રોજગાર તથા સ્વાસ્થ્ય સુવિધાઓ સ્થાપિત કરવામાં અથાગ યોગદાન આપ્યું. આઝાદી બાદના સમયમાં હસ્તશિલ્પ, હાથસાળ તથા રંગમંચના પુનર્જાગરણ પાછળની પ્રેરણાશક્તિ માટે અને ભારતીય મહિલાઓના સામાજીક–આર્થિક ઉત્થાન તેમને જવાબદાર માનવામાં આવે છે.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# કનકલતા બરુઆ

(૨૨ ડિસેમ્બર ૧૯૨૪ - ૨૦ સપ્ટેમ્બર ૧૯૪૨)

કનકલતા બરુઆ (૨૨ ડિસેમ્બર ૧૯૨૪ - ૨૦ સપ્ટેમ્બર ૧૯૪૨), જેમને બિરબાલા અને શહીદ પણ કહેવામાં આવે છે, તે એક ભારતીય સ્વાતંત્ર્ય સેનાની અને એઆઈએસએફ નેતા હતા. તેમને ૧૯૪૨ ના ભારત છોડો આંદોલન વખતે તિરંગો લઈને સરઘસ કાઢવા બદલ ઠાર મારવામાં આવ્યાં હતાં.

કનકલતાનો જન્મ અવિભાજીત દારાંગ જિલ્લાના બોરંગબારી ગામમાં થયો હતો. કૃષ્ણ કાંતા અને કર્ણેશ્વરી બારુઆના ત્યાં થયો હતો. તેમના દાદા દારંગના પ્રખ્યાત શિકારી હતા. તેમના પૂર્વજો અગાઉના અહોમ રાજ્યના હતા જેમણે દોલાખાઘરીયા પદવી છોડી દીધી અને બરુઆ પદને જાળવી રાખ્યું હતું. જ્યારે તેઓ પાંચ વર્ષના હતાં ત્યારે જ તેમની માતાનું અવસાન થયું હતું અને તેમનાં તેર વર્ષની પહોંચતા જ તેના પિતાએ ફરીથી લગ્ન કર્યાં હતાં. તેઓ ત્રીજા ધોરણ સુધી સ્કૂલમાં ગયાં પણ પછી નાના ભાઈ-બહેનની સંભાળ રાખવા બહાર નીકળી ગયાં.

ભારત છોડો આંદોલન દરમિયાન તેઓ આસામના ગોહપુર સબ ડિવિઝનના યુવાનોના જૂથોનો સમાવેશ કરતી મૃત્યુ બાહિનીમાં જોડાયાં. ૨૦ સપ્ટેમ્બર ૧૯૪૨ ના રોજ બહિનીએ નક્કી કર્યું કે તે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં રાષ્ટ્રધ્વજ ફરકાવશે. આવું કરવા બરુઆના નેતૃત્વમાં નિઃશસ્ત્ર ગ્રામજનોનું એક સરઘસ કાઢ્યું હતું.

પોલીસ સ્ટેશનના ઇન્ચાર્જ અધિકારી રેબતી મહાન સોમ હેઠળની પોલીસે તેમને રોકાઈ જવા અને ન રોકાય તો ભયંકર પરિણામોની ચેતવણી આપી હતી. પોલીસ દ્વારા અજાણતાં સરઘસ આગળ નીકળી રહ્યું હતું ત્યારે સરઘસ પર ગોળીબાર કરાયો હતો. બરુઆને ગોળી વાગી હતી અને તે ધ્વજ તેણી સાથે લઈ રહ્યાં હતાં તે મુકુંડા કાકોટી દ્વારા લેવામાં આવ્યો હતો, જેને પણ ગોળી વાગી હતી. પોલીસ કાર્યવાહીમાં બરુઆ અને કાકોટી બંને શહીદ થયા હતા. શહાદત વખતે તેમની ઉંમર માત્ર ૧૭ વર્ષ જ હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# પ્રીતિલતા વાડ્ડેદાર

(૫ મે ૧૯૧૧ - ૨૩ સપ્ટેમ્બર ૧૯૩૨)

ભારતીય ઉપખંડના એક બંગાળી રાષ્ટ્રવાદી ક્રાંતિકારી હતા, જેઓ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં પ્રભાવશાળી હતા. ચિત્તાગોંગ અને ઢાકામાં શિક્ષણ પૂર્ણ કર્યા પછી, તેમણે કોલકાતાની બેથુન કૉલેજમાં અભ્યાસ કર્યો અને ફિલોસોફીમાં સ્નાતક થયા. તેણી કન્ટ્રી ક્લબમાં ગોળી ચલાવી ૫ વ્યક્તિઓની હત્યા અને ૭ને ઈજા પહોંચાડવાના ક્રાંતિકારી પરાક્રમ માટે જાણીતી છે.

શિક્ષિકા તરીકેના ટૂંકા ગાળાના વ્યવસાય પછી, પ્રીતિલતા સૂર્ય સેનના નેતૃત્વ હેઠળના ક્રાંતિકારી જૂથમાં જોડાયા. તેમણે ઈ.સ. ૧૯૩૨માં પહાર્તલી યુરોપિયન ક્લબ પરના હુમલામાં પંદર ક્રાંતિકારીઓની ટુકડીનું નેતૃત્વ કર્યું. આ ક્લબ બહાર પાટીયા પર લખેલું હતું કે "કૂતરાઓ અને ભારતીયોને પ્રવેશ નથી". ક્રાંતિકારીઓએ આ ક્લબને સળગાવી દીધી હતી અને બાદમાં તેમને અંગ્રેજ પોલીસે પકડ્યા હતા. ધરપકડથી બચવા માટે, પ્રીતિલતાએ સાયનાઇડનું સેવન કર્યું અને તેમનું મૃત્યુ થયું.

ઈ.સ. ૧૯૩૨ માં, સૂર્યા સેને પહાર્તલી યુરોપિયન ક્લબ પર હુમલો કરવાની યોજના બનાવી હતી. આ ક્લબ બહાર પાટીયા પર લખેલું હતું કે "કૂતરાઓ અને ભારતીયોને પ્રવેશ નથી". સૂર્ય સેને આ અભિયાન માટે મહિલા નેતાની નિમણૂક કરવાનો નિર્ણય કર્યો. ઘટનાના સાત દિવસ પહેલા કલ્પના દત્તની ધરપકડ કરવામાં આવી હતી. આને કારણે, પ્રીતિલતાને હુમલાનું નેતૃત્વ સોંપવામાં આવ્યું હતું. પ્રિતિલાતા હથિયારોની તાલીમ માટે કોટોવાલી સી સાઇડ ગયા અને ત્યાં તેમના હુમલાની યોજના બનાવી.

તેઓએ ૨૩ સપ્ટેમ્બર ૧૯૩૨ ના દિવસે ક્લબ પર હુમલો કરવાનો નિર્ણય કર્યો. જૂથના સભ્યોને પોટેશિયમ સાયનાઇડ આપવામાં આવ્યા હતા અને જો તેઓ પકડાય તો તેને ગળી જવા જણાવ્યું હતું. હુમલાના દિવસે, પ્રીતિલતાએ એક પંજાબી પુરુષની વેશભૂષા કરી. તેમના સાથીઓ કાલીશંકર ડે, બિરેશ્વર રોય, પ્રફુલ્લ દાસ, શાંતિ ચક્રવર્તીએ ધોતી અને શર્ટ પહેર્યા હતા. મહેન્દ્ર ચૌધરી, સુશીલ દે અને પન્ના સેને લુંગી અને શર્ટ પહેર્યા હતા.

તેઓ લગભગ ૧૦:૪૫ વાગ્યે ક્લબ પહોંચ્યા અને હુમલો શરૂ કર્યો. તે સમયે ક્લબની અંદર લગભગ ૪૦ લોકો હતા. આ ક્રાંતિકારીઓએ આ હુમલા માટે પોતાને ત્રણ અલગ જૂથોમાં વહેંચ્યા. ક્લબમાં, રિવોલ્વર ધરાવતા કેટલાક પોલીસ અધિકારીઓએ ગોળી ચલાવવાનું શરૂ દીધું હતું. પ્રીતિલતાને એક જ ગોળીનો ઘા થયો. પોલીસ રિપોર્ટ અનુસાર આ હુમલામાં સુલિવાન અટકવાળી એક મહિલાનું મોત નીપજ્યું હતું અને ચાર પુરુષો અને સાત મહિલાઓને ઈજાઓ પહોંચી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ભૂપેન્દ્રનાથ દત્ત

(૪ સપ્ટેમ્બર ૧૮૮૦ - ૨૫ ડિસેમ્બર ૧૯૬૧)

ભૂપેન્દ્રનાથ દત્ત (૪ સપ્ટેમ્બર ૧૮૮૦ - ૨૫ ડિસેમ્બર ૧૯૬૧) એક ભારતીય ક્રાંતિકારી અને પાછળથી જાણીતા સમાજશાસ્ત્રી અને માનવશાસ્ત્રી હતા . તેમણે ઋષિ ઓરોબિંદોને તેમના રાજકીય કામોમાં જોડ્યા . યુવાનીમાં, તેઓ યુગાંતર ચળવળ સાથે નજીકથી સંકળાયેલા હતા. ઈ. સ. ૧૯૦૭માં તેમની ધરપકડ અને કેદની સજા થયા સુધી તેમણે યુગાન્તર પત્રિકાના સંપાદક તરીકે ફરજ બજાવી હતી. તેની પછીની ક્રાંતિકારી કારકીર્દિમાં તેઓ ભારત-જર્મન ષડયંત્રના ખાનગી વિશ્વસ્થ હતા. સ્વામી વિવેકાનંદ તેમના મોટા ભાઈ હતા . એશિયાટિક સોસાયટી દ્વારા આજે તેમના માનમાં ડો ભૂપેન્દ્રનાથ દત્ત સ્મારક પ્રવચન યોજાય છે .

દત્ત લેખક પણ હતા. તેમણે ભારતીય સંસ્કૃતિ અને સમાજ પર અનેક પુસ્તકો લખ્યા. તેમણે ‘ સ્વામી વિવેકાનંદ, દેશભક્ત-પ્રબોધક’ નામનું પુસ્તક લખ્યું હતું .

દત્તએ ભારતીય સ્વતંત્રતા ચળવળમાં જોડાવાનું નક્કી કર્યું, અને ૧૯૦૨માં પ્રમથનાથ મિત્ર દ્વારા રચિત બંગાળ રિવોલ્યુશનરી સોસાયટીમાં તેઓ જોડાયા. ઈ. સ. ૧૯૦૬ માં તેઓ અખબાર યુગાન્તર પત્રિકાના સંપાદક બન્યા. આ અખબાર બંગાળની રિવોલ્યુશનરી પાર્ટીનું મુખપત્ર હતું. આ સમયગાળામાં તે શ્રી ઓરબિંદો અને બરિન્દ્ર ઘોષના નિકટના સાથી બન્યા.

ઈ.સ. ૧૯૦૭ માં, દત્તની બ્રિટિશ પોલીસે રાજદ્રોહના આરોપ હેથળ ધરપકડ કરી હતી અને તેને એક વર્ષની કેદની સજા કરવામાં આવી હતી.

તેઓ ૧૯૨૭-૨૮ માં બંગાળ રિજનલ કોંગ્રેસ અને ૧૯૨૯ માં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સભ્ય બન્યા. ઈ. સ. ૧૯૩૦ માં કરાચીમાં આયોજિત ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની વાર્ષિક પરિષદમાં તેમણે ભારતીય ખેડૂતો માટે મૂળભૂત અધિકારનો પ્રસ્તાવ મૂક્યો હતો અને તેને જવાહરલાલ નહેરુની આગેવાનીવાળી કોંગ્રેસ સમિતિ દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. ઑલ ઇન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસની બે વાર્ષિક પરિષદની અધ્યક્ષતા તેમણે કરી હતી. તેમની રાજકીય પ્રવૃત્તિઓ માટે તેની ધરપકડ કરવામાં આવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બારિન્દ્ર કુમાર ઘોષ

(૫ જાન્યુઆરી ૧૮૮૦ – ૧૮ એપ્રિલ ૧૯૫૯)

બારિન્દ્ર કુમાર ઘોષ એ ભારતીય ક્રાંતિકારી અને પત્રકાર હતા. તેઓ બંગાળના ક્રાંતિકારી સંગઠન જુગાંતરના સહ-સંસ્થાપક હતા. તેઓ શ્રી અરવિંદના નાના ભાઈ હતા.

૧૯૦૨માં તેઓ કલકત્તા પાછા ફર્યા અને જતિન્દ્રનાથ મુખર્જીની મદદથી બંગાળમાં કેટલાક ક્રાંતિકારી જૂથોને સંગઠિત કરવાનું શરૂ કર્યું. ૧૯૦૬માં ભુપેન્દ્ર દત્ત સાથે મળીને બંગાળી સામયિક યુગાંતર પ્રકાશિત કર્યું. સમગ્ર બંગાળમાંથી યુવા ક્રાંતિકારીઓની ભરતીમાં બારિન અને જતિનદાસ મુખર્જી ઉર્ફે જતીન બાધાની મહત્વની ભૂમિકા રહી.

૩૦ એપ્રિલ ૧૯૦૮ના રોજ ખુદીરામ બોઝ અને પ્રફુલ્લ ચાકી દ્વારા કિંગ્સફોર્ડની હત્યાના પ્રયાસ બાદ પોલીસે તેની તપાસને પગલે ૨ મે ૧૯૦૮ના દિવસે બારિન્દ્ર ઘોષ અને અરવિંદ ઘોષ સહિત ૩૪ ક્રાંતિકારીઓને ગિરફ્તાર કર્યા હતા. આ મુકદ્દમામાં (જે અલીપોર બોમ્બ કાંડ તરીકે પણ પ્રખ્યાત છે) બારિન ઘોષ અને ઉલ્લાસકર દત્તાને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી જે પાછળથી આજીવન કારાવાસમાં રૂપાંતર કરવામાં આવી હતી. ૧૯૦૯માં દેશબંધુ ચિતરંજનદાસ અને બારિન ઘોષ સહિત અન્ય દોષિતોને અંદામાનની સેલ્યુલર જેલમાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા.

બારિન ઘોષને પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ૧૯૨૦માં આપવામાં આવેલી સામુહિક માફી અંતર્ગત છોડી મૂકવામાં આવ્યા હતા. તેઓ પત્રકારિતાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે કલકત્તા પાછા ફર્યા હતા પરંતુ થોડા જ સમયમાં પત્રકારિતા છોડી કલકત્તા ખાતે એક આશ્રમની સ્થાપના કરી હતી. તેમણે પોતાના સંસ્મરણ ધ ટેલ ઓફ માય એક્ઝાઇલ – ટ્વેલ્વ ઇયર્સ ઇન અંદામાન નામે પ્રકાશિત કર્યા હતા. ૧૯૨૩માં તેઓ તેમના ભાઈ અરવિંદ ઘોષ દ્વારા પોંડિચેરીમાં સ્થાપિત અરવિંદ આશ્રમ ખાતે સ્થળાંતરિત થયા હતા. અહીં શ્રી અરવિંદે તેમને અધ્યાત્મ અને સાધના તરફ પ્રેરિત કર્યા. ૧૯૨૯માં તેઓ ફરી કલકત્તા પાછા ફર્યા અને પત્રકારિતા શરૂ કરી. ૧૯૩૩માં તેમણે ધ ડૉન ઓફ ઇન્ડિયા નામનું એક અંગ્રેજી અખબાર શરૂ કર્યું. ત્યારબાદ તેઓ સ્ટેટસમેન સમાચારપત્ર સાથે જોડાયા. આ જ વર્ષે તેઓ શૈલજા દત્ત નામની વિધવા સાથે લગ્નગ્રંથિથી જોડાયાં હતા. ૧૯૫૦માં તેઓ બંગાળી દૈનિક સમાચારપત્ર બાસુમતિના સંપાદક બન્યા. ૧૮ એપ્રિલ ૧૯૫૯ના રોજ લાંબી માંદગી બાદ શેઠ સુખલાલ કરણાની હોસ્પિટલમાં તેમનું અવસાન થયું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# ફઝલ-એ-હક ખૈરાબાદી

(7 Aprilપ્રિલ 1796 - 19 Augustગસ્ટ 1861)

હનફી ન્યાયશાસ્ત્રી, તર્કવાદી ,ધર્મશાસ્ત્રી દાર્શનિક અને કવિ હતા. તેમણે 1857 માં બ્રિટીશ સામ્રાજ્ય સામે જેહાદની તરફેણમાં સશસ્ત્ર લડવાનો ફતવો જારી કર્યો હતો.

1857 માં, ખૈરાબાદીએ બ્રિટીશ સરકાર વિરુદ્ધ જેહાદના ફતવા પર હસ્તાક્ષર કર્યા, જેના કારણે તેની ધરપકડ થઈ, અને પછી તેમને કલાપાની દેશનિકાલ કરવામાં આવ્યા.

તેમના એક પુત્ર, અબ્દુલ હક, અગ્રણી અને આદરણીય વિદ્વાન પણ હતા અને તેમને શમસુલ ઉલેમાની પદવી આપવામાં આવી હતી. તેમના પ્રપૌત્ર.

તેમના પુત્રોમાં અબ્દુલ હક ખૈરાબાદી એક બુદ્ધિગમ્ય વિદ્વાન હતો, મજીદ અલી જૈનપુરીનો શિક્ષક હતો.

ફઝલ-એ-હક ખૈરાબાદીનું મૃત્યુ 19 ઓગસ્ટ 1861 ના રોજ અંદમાન ટાપુઓ પર વનવાસમાં થયું હતું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બેગમ હઝરત મહેલ

(1820 - 7 એપ્રિલ 1879)

બેગમ હઝરત મહેલ **(1820 - 7 એપ્રિલ 1879)**, જેને અવધની બેગમ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે નવાબ વાજિદ અલી શાહની બીજી પત્ની હતી. વાજિદ અલી શાહ તેના મહેલમાં તેની સાથે મળ્યો. **1857** ના ભારતીય બળવો દરમિયાન તેણીએ બ્રિટીશ ઇસ્ટ ઇન્ડિયા કંપની સામે બળવો કર્યો હતો. છેવટે તે નેપાળમાં હલ્લાઉરમાં આશ્રય મળ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું. તેના પતિને કલકત્તા દેશનિકાલ કર્યા પછી, તેમણે અવધ રાજ્યમાં બાબતોનો હવાલો સંભાળ્યો હતો. લખનૌનો અંકુશ મેળવ્યો. તેણે તેના પુત્ર, પ્રિન્સ બિરજિસ કાદર, અવધના વાલી (શાસક) બનાવ્યા; જો કે, ટૂંકા ગાળા બાદ તેને આ ભૂમિકા છોડી દેવાની ફરજ પડી હતી.

**1857** થી **1858** ના ભારતીય બળવો દરમિયાન, બેગમ હઝરત મહેલના સમર્થકોના બેન્ડ, રાજા જલાલ સિંહની આગેવાની હેઠળ, બ્રિટિશ સૈન્ય સામે બળવો કર્યો; પાછળથી, તેઓએ લખનૌનો નિયંત્રણ મેળવ્યો અને તેણે તેના પુત્ર, બિરજિસ કાદરને અવધના શાસક (વાલી) તરીકે જાહેર કર્યા.

બેગમ હઝરત મહેલની મુખ્ય ફરિયાદ એ હતી કે ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ફક્ત રસ્તાઓ બનાવવા માટે મંદિરો અને મસ્જિદોને આકસ્મિક રીતે તોડી નાખ્યા. બળવોના અંતિમ દિવસો દરમિયાન જારી કરવામાં આવેલી એક ઘોષણામાં, તેમણે પૂજાની સ્વતંત્રતાને મંજૂરી આપવાના બ્રિટિશ દાવાની મજાક ઉડાવી. **1857** થી **1858** ના ભારતીય બળવો દરમિયાન, બેગમ હઝરત મહેલના સમર્થકોના બેન્ડ, રાજા જલાલ સિંહની આગેવાની હેઠળ, બ્રિટિશ સૈન્ય સામે બળવો કર્યો; પાછળથી, તેઓએ લખનૌનો નિયંત્રણ મેળવ્યો અને તેણે તેના પુત્ર, બિરજિસ કાદરને અવધના શાસક (વાલી) તરીકે જાહેર કર્યા.

બેગમ હઝરત મહેલની મુખ્ય ફરિયાદમાંની એક મુખ્ય ફરિયાદ એ છે કે, પૂર્વ ભારત જ્યારે બ્રિટિશરોની કમાન્ડ હેઠળના દળોએ લખનૌ અને મોટાભાગના અવધ પર ફરીથી કબજો કર્યો ત્યારે તેને પીછેહઠ કરવાની ફરજ પડી. હઝરત મહેલે નાના સાહેબની સાથે મળીને કામ કર્યું હતું, પરંતુ બાદમાં શાહજહાંપુર પરના હુમલામાં ફૈઝાબાદની મૌલાવીમાં જોડાયા હતા. બળવોના અંતિમ દિવસો દરમિયાન જારી કરવામાં આવેલી એક ઘોષણામાં, તેમણે પૂજાની સ્વતંત્રતાને મંજૂરી આપવાના બ્રિટિશ દાવાની મજાક ઉડાવી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બિરજિસ કદર

( 20 August 1845 - 14 August1893 )

બિરજિસ કદર (**20 Augustગસ્ટ 1845 - 14 Augustગસ્ટ 1893**) અવધના નવાબ હતા **1857** થી **1858** સુધી.

સિપાહી વિદ્રોહના ફાટી નીકળ્યા પછી, કદરની માતાએ તેમને **1857** માં રાજ્યના રાજા તરીકે નિયુક્ત કર્યા અને તે તેમનો કારભારી બન્યો. તેમ છતાં તેઓએ બ્રિટીશ સૈન્યને સખત પ્રતિકાર આપ્યો, લખનૌના કબજે પછીના વર્ષે તેઓ નેપાળના કાઠમંડુ ભાગી ગયા. કાઠમાંડુમાં, તેઓ કવિ બન્યા અને મુશાયરોનું આયોજન કર્યું (કાવ્યસંગ્રહ).

**1887** માં, તે ભારત પાછો ગયો અને કોલકાતાના પડોશી મેટિયાબ્રૂઝ ગયો. **1893** માં, તેમના જ સંબંધીઓ દ્વારા તેની હત્યા કરવામાં આવી હતી.
કાઠમંડુ પહોંચ્યા પછી, કાદરે ફરીથી રાણાને આશ્રય માટે પત્ર લખ્યો અને તેની પ્રારંભિક ખચકાટ હોવા છતાં, તેને અને તેની માતાને થાપાથલી દરબાર નજીક આવેલા બર્ફે બાગમાં રહેવાની છૂટ આપવામાં આવી. એક સાથે સોદાબાજીમાં, રાણા દ્વારા લગભગ **15,000** રૂપિયામાં આશરે **40,000** રૂપિયાના ઝવેરાત ખરીદવામાં આવ્યા હતા. ઇતિહાસકારોએ ત્યારબાદ જોયું છે કે રાણાએ ફક્ત તે જ બળવાખોરોને આશ્રય આપ્યો હતો, જેણે પ્રક્રિયામાં કિંમતી ઝવેરાત મેળવ્યા હતા.

કાઠમંડુમાં રહીને, કદર એક શાયર (કવિ) બન્યો અને શહેરમાં મેહફિલ્સનું આયોજન કર્યું, જેનો સૌથી વહેલો રેકોર્ડ **1864** માં નોંધાયો હતો. તેમણે તરાહી મુશાયરા (પાઠશાસ્ત્ર) પર કવિતાઓ લખી હતી. કાદરની કવિતાઓ કાઠમંડુમાં રહેતા કાશ્મીરી મુસ્લિમ ખ્વાજા નઇમુદ્દીન બદકાશી દ્વારા રેકોર્ડ કરવામાં આવી હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# અહમદુલ્લાહ શાહ

(1787 - 5 જૂન 1858)

અહમદુલ્લાહ શાહ **(1787 - 5 જૂન 1858)** ફૈઝાબાદના મૌલાવી તરીકે પ્રખ્યાત, પ્રખ્યાત સ્વતંત્રતા સેનાની અને **1857** ના ભારતીય વિદ્રોહના નેતા હતા. મૌલાવી અહમદુલ્લાહ શાહ અવધ પ્રદેશમાં બળવોના લાઇટહાઉસ તરીકે જાણીતા હતા.

જ્યોર્જ બ્રુસ અને સીટન જેવા બ્રિટીશ અધિકારીઓએ અહમદુલ્લાહની હિંમત, પરાક્રમ, વ્યક્તિગત અને સંગઠનાત્મક ક્ષમતાઓ વિશે ઉલ્લેખ કર્યો. મહાન ક્ષમતાઓનો, અનડન્ટ હિંમતનો, અને બળવાખોરોમાંનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ સૈનિક.

- થોમસ સીટન

પ્રેક્ટિસ મુસ્લિમ હોવા સાથે, તે ધાર્મિક એકતા અને ફૈઝાબાદની ગંગા-જમુના સંસ્કૃતિનું પણ એક લક્ષણ હતું. **1857** ના બંડમાં, નાના સાહેબ અને ખાન બહાદુર ખાન જેવા રાજવીઓએ અહમદુલ્લાહની સાથે લડ્યા.

બ્રિટિશરો મૌલાવીને કદી જીવતો પકડી શક્યા નહીં. તેને પકડવા માટે ચાંદીના **50,000** ટુકડાઓનો ભાવ જાહેર કરાયો હતો. છેવટે પવાયન રાજા રાજા જગન્નાથસિંહે મૌલવીની હત્યા કરી, તેનું શિરચ્છેદ કરી અને તેનું માથું અંગ્રેજો સમક્ષ રજૂ કર્યું, જેના માટે રાજા જગન્નાથને ઘોષિત ઇનામ આપવામાં આવ્યું. બીજા દિવસે, મૌલવીના માથાને કોટવાલી ખાતે લટકાવવામાં આવ્યા.

અવધની બળવાખોર સેનાનું નેતૃત્વ બરકત અહમદ અને મૌલવી અહમદુલ્લાહ શાહે કર્યું હતું. ચિનહાટની લડાઇમાં બરકત અહમદને બળવાખોરોનો ચીફ આર્મી ઓફિસર જાહેર કરવામાં આવ્યો. બ્રિટિશર સૈન્યનું નેતૃત્વ હેનરી મોન્ટગોમરી લોરેન્સ દ્વારા કરવામાં આવ્યું હતું જેઓ આખરે લખનઉના રેસિડેન્સીમાં મૃત્યુ પામ્યા હતા. બરકત અહમદ અને મૌલવી અહમદુલ્લાહ શાહના નેતૃત્વમાં બળવાખોર સૈન્ય દ્વારા આ ભયંકર યુદ્ધ જીત્યું.

અહમદુલ્લાહ શાહે પણ બેલીગાર્ડ પર હુમલો કર્યો હતો. લેખક કૈસારુતાવરિખ જણાવે છે કે તે બળવાખોરો માટે એક મોટી જીત હતી.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# મોતીલાલ નહેરૂ

(૧૯૨૯ - ૧૯૩૧)

મોતીલાલ નહેરૂ આઝાદીના લડત આપનાર કોંગ્રેસના અગ્ર હરોળના નેતા હતા. તેમનો જન્મ ઇ.સ. ૧૮૬૧ માં આગ્રા મુકામે થયો હતો. તેઓ સ્વતંત્ર ભારત દેશના પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂના પિતા હતા. તેઓ ઇ. સ. ૧૯૨૯ના વર્ષમાં મળેલા કોલકાતાના કોંગ્રેસ અધિવેશનમાં સક્રિય રહેલા પીઢ નેતા પૈકીના એક હતા. ઇ. સ. ૧૯૩૧ના વર્ષમાં લખનૌ ખાતે તેમનું અવસાન થયું હતું.

મોતીલાલ નહેરુએ **1928** માં પ્રખ્યાત નેહરુ કમિશનના અધ્યક્ષસ્થાને અધ્યક્ષપદ આપ્યો હતો, જે ઓલ-બ્રિટીશ સિમોન કમિશનનો પ્રતિ હતો. ફક્ત ભારતીયો દ્વારા લખાયેલું પહેલું બંધારણ, નહેરુ રિપોર્ટ, સ્ટ્રેલિયા, ન્યુ ઝિલેન્ડ અને કેનેડા જેવું જ સામ્રાજ્યની અંદર ભારત માટે વર્ચસ્વની સ્થિતિની કલ્પના કરે છે. તેને કોંગ્રેસ પાર્ટીએ સમર્થન આપ્યું હતું, પરંતુ વધુ રાષ્ટ્રવાદી ભારતીયો દ્વારા નકારી કાઢવામાં આવ્યા હતા જેમણે સંપૂર્ણ સ્વતંત્રતા માંગી હતી. ભારતના મુસ્લિમ નેતૃત્વ, ખાસ કરીને એમ.એ. જિન્ના દ્વારા મુસ્લિમો પ્રત્યેના અન્યાયી નિયમો બદલ આ અહેવાલને નકારી કાઢ્યો હતો.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ



# બાબા સોહન સિંહ

(22 જાન્યુઆરી 1870 - 21 ડિસેમ્બર 1968)

બાબા સોહન સિંહ ભકના **(22 જાન્યુઆરી 1870 - 21 ડિસેમ્બર 1968)** એક ભારતીય ક્રાંતિકારી, ગદર પાર્ટીના સ્થાપક અધ્યક્ષ, અને **1915** ની ગદર કાવતરું સાથે સંકળાયેલા પક્ષના અગ્રણી સભ્ય હતા. લાહોર કાવતરું સુનાવણીમાં પ્રયાસ કર્યો , સોહનસિંહે **1930** માં છૂટા થયા પહેલા કાવતરામાં ભાગ માટે **16** વર્ષની આજીવન સજા સંભળાવી હતી.

પાછળથી તેમણે કિસાન સભા અને ભારતના સામ્યવાદી પક્ષ માટે નોંધપાત્ર સમય ફાળવતા ભારતીય મજૂર આંદોલન સાથે મળીને કામ કર્યું હતું.

ગદર પાર્ટી પેસિફિક કોસ્ટ હિન્દુસ્તાન એસોસિએશનમાંથી વિકસિત થઈ. ગદ્દારનું અંતિમ લક્ષ્ય સશસ્ત્ર ક્રાંતિ દ્વારા ભારતમાં બ્રિટીશ વસાહતી સત્તાને ઉથલાવવાનું હતું. તેમણે વર્ચસ્વ સ્થિતિની નમ્રતા અને બાદમાં બંધારણીય પદ્ધતિઓને નરમ તરીકે કોંગ્રેસના નેતૃત્વ હેઠળના મુખ્ય પ્રવાહના આંદોલન જોયા. ગદરની મુખ્ય વ્યૂહરચના ભારતીય સૈનિકોને બળવો માટે લલચાવવી હતી. તે માટે નવેમ્બર **1913** માં ગદારે સાન ફ્રાન્સિસ્કોમાં યુગાંતર આશ્રમ પ્રેસની સ્થાપના કરી. અખબારે હિન્દુસ્તાન ગદર અખબાર અને અન્ય રાષ્ટ્રવાદી સાહિત્યનું નિર્માણ કર્યું.

પઠાણ ફખરૂન્નીસા મોહંમદભાઈ